

કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ
પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક • વર્ષ ૬૬મું • મે ૧૯૯૩
સળંગ ૭૮૪મો અંક
તંત્રી
ધીરુ પરીખ
સંપાદક
બિહારીલાલ ટાંક



'બેઉ બળિયા બાથે વળિયા'

ઈ. ૧૭૬૦ના અરસાનું મુઘલ શૈલીનું લઘુ પ્રાણીચિત્ર, જેમાં સિંહ અને સાંઢનું દ્વંદ્વ દર્શાવ્યું છે



આંગણાનો મોર

ફોટો : રાઘવ કનેરિયા

આતમરામને

હજીયે ન જાગે મારો આતમરામ !
મારો આતમરામ !

સમુંદર ઘૂઘવે છે દૂર, વાયુ સૂસવે ગાંડોતૂર,
સમજું ન ભરતી કે આ તે આવે છે તુફાન !
આ તે આવે છે તુફાન !
હજીયે ન જાગે મારો આતમરામ !
મારો આતમરામ !

સઢ સંધા ફડફડે, દોર ધિંગા કડકડે;
હાજર સૌ ટંડેલ એક આ સૂનાં છે સુકાન !
મારાં સૂનાં છે સુકાન !
હજીયે ન જાગે મારો આતમરામ !
મારો આતમરામ !

વહાણ રાખું નાંગરેલું, વેપાર શી રીતે ખેડું ?
ખવાયા થાશે કે જાશે મૂળગાય દામ !
હજીયે ન જાગે મારો આતમરામ !
મારો આતમરામ !

હવે તો થાય છે મોડું વીનવું હું પાયે પડું,
મારે તો થાવા બેઠો છે ફેરો આ નકામ !
મારો ફેરો આ નકામ !
જાગોજી જાગોજી મારા આતમરામ !
વહાલા આતમરામ !

'શેષ'

મે ૧૯૯૩

અનુક્રમણિકા

કુમાર સળંગ અંક ૭૮૪

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧
વાર્ષિક લવાજમ રૂ ૧૦૦, પરદેશમાં રૂ ૪૦૦; આજીવન રૂ ૯૦૦
છૂટક નકલ રૂ ૧૦-૦૦ + ટ. ખ. રૂ ૨.૦૦

વાચકો લખે છે...

કુમારના માર્ચ ૧૯૯૩ના અંકમાં ભારતીય ગણિતજ્ઞ કાપ્રેકર વિશે સુન્દર લેખ વાંચ્યો. કાપ્રેકર તો મારા અંગત મિત્ર હતા. હા, લેખના એક હકીકત-દોષ વિશે પહેલાં ધ્યાન ખેંચી લઉં. કાપ્રેકરનું ૧૯૮૬ના જુલાઈમાં ૮૧ વર્ષની વયે નાસિક ખાતે અવસાન થયું છે.

લેખકે કાપ્રેકર નિયતાંક (અમે ગણિતવાળા નિયતાંકને બદલે અચલાંક શબ્દ વાપરીએ છીએ) ૬૧૭૪ વિશે સરસ વર્ણન કર્યું છે. ૧૯૫૫ના ડિસેમ્બરમાં બનારસમાં મળેલી ભારતીય ગણિતપરિષદના અધિવેશનમાં કાપ્રેકરે આ સંશોધનપત્ર વાંચ્યો ત્યારે હું ત્યાં હાજર હતો. કાપ્રેકરના એ સંશોધનપત્રનું શીર્ષક હતું 'ગણિતમાં ૪૨૦'. લેખમાં જણાવ્યું છે તેમ ચાર આંકડાની સંખ્યા લો અને તેની ઉપર કાપ્રેકરે બનાવેલી ક્રિયા કરતા જાઓ. ધારો કે

ચાર આંકડાની રકમ	૮૬૧૫
આંકડા ઊતરતા ક્રમમાં ગોઠવ્યા	૮૬૫૧
આંકડા ઊલટાવી લખ્યા	૧૫૬૮
બાદબાકી કરી	૭૦૮૩
ઊતરતા ક્રમમાં	૮૭૩૦
ઊલટાવીને	૦૩૭૮
બાદબાકી	૮૩૫૨
ઊતરતા ક્રમમાં	૮૫૩૨
ઊલટાવને	૨૩૫૮
બાદબાકી	૬૧૭૪

આમ ત્રણ પગલે ૬૧૭૪ ઉપર પહોંચી ગયા. કાપ્રેકરે તો આગળ કહ્યું છે તેમ આવાં વધુમાં વધુ નવ પગલાં પછી તો ૬૧૭૪ ઉપર પહોંચી જવું જ. વળી, એવી સંખ્યાઓ પણ છે જેમાં એક જ પગલે ૬૧૭૪ પર પહોંચી જવાય. આવી સંખ્યાના ગુણધર્મો કાપ્રેકરે શોધ્યા છે. આમાંનો એક ગુણધર્મ ઘણી સરળતાથી સમજી શકાય તેવો છે. આ ગુણધર્મને ૪૨૦ના આંકડા સાથે સંબંધ છે. તમે લીધેલી ચાર આંકડાની રકમના પહેલા અને બીજા આંકડાનો તફાવત ૪ હોય, બીજા અને ત્રીજાનો તફાવત ૨ હોય અને ત્રીજા તથા ચોથા આંકડાનો તફાવત ૦ હોય તો એક જ પગલે તમે ૬૧૭૪ ઉપર પહોંચી જશો. દા.ત.

રકમ	૯૫૩૩
ઊલટાવો	૩૩૫૯
બાદબાકી	૬૧૭૪

૯૫૩૩માં ૯-૫ = ૪, ૫-૩ =૨ અને ૩-૩ = ૦, અને ૪,૨ અને ૦ એ ૪૨૦ના જ આંકડા છે.

જ્યારે આ રીતનું વર્ણન કરતાં કાપ્રેકરે કહ્યું, 'સજ્જનો આ છે ગણિતમાં શ્રી ૪૨૦'; ત્યારે પરિષદમાં હાજર રહેલા બધા ગણિતીઓ ખડખડાટ હસી પડ્યા.

અધિવેશનમાંથી પાછા આવીને કાપ્રેકરની શોધ વિશે આણંદથી પ્રકાશિત થતા બાળમિત્રમાં મેં એક લેખ લખ્યો, જેનું શીર્ષક હતું. 'ગણિતમાં શ્રી ૪૨૦.' તે લેખ વાંચીને વડોદરાના શ્રી મ. ના ખત્રીએ કાપ્રેકરને તે વિશે લખ્યું એટલે કાપ્રેકર તો તરત જ દેવલાલીથી અમદાવાદ મને મળવા આવ્યા અને આમ મારી તેમની સાથેની મિત્રાચારી શરૂ થઈ.

૧૯૬૪-૬૫ના વર્ષમાં મારે અમેરિકાની વૉશિંગ્ટન સ્ટેટ યુનિવર્સિટીમાં મુલાકાતી પ્રાધ્યાપક તરીકે ગણિત ભણાવવાનું થયું. ત્યાં પહેલે જ દિવસે યુનિવર્સિટી લાયબ્રેરીમાં હું ઊભો હતો ત્યાં ગણિત-વિભાગના એક શિક્ષક આવીને મને કહે, 'તમે ભારતથી આવો છો ?' મેં હા પાડી એટલે કહે, 'ડી. આર. કાપ્રેકરને ઓળખો છો ?' મેં કહ્યું, 'એ તો મારા પરમ મિત્ર છે.' તેમણે પોતાની બેગમાંથી તેમના તાજેતરમાં જ પ્રસિદ્ધ થયેલા સંશોધનલેખની એક પ્રત કાઢીને મને આપી અને કહે, 'આમાં અમે કાપ્રેકરના અચળાંક ૬૧૭૪ વિશે સંશોધન પ્રસિદ્ધ કર્યું છે.'

કાપ્રેકર દેવલાલી હાઇ સ્કૂલમાં શિક્ષક હતા અને લઘરવઘર કપડાં પહેરતા. તેથી ઘણા ગણિતજ્ઞોએ તેમને વર્ષો સુધી ગંભીરતાથી લીધા નહોતા. પોતાનાં સંશોધનો તેમણે પુસ્તિકાઓ રૂપે પોતે જ પ્રસિદ્ધ કર્યાં હતાં અને તેથી વળી ઊંડા ખર્ચના ખાડામાં ઊતરી ગયા હતા. ૧૯૮૦ના અરસામાં સદ્ભાગ્યે અમેરિકાના લોકભોગ્ય, લોકપ્રિય અને વિશ્વવિખ્યાત વિજ્ઞાન સામયિક 'સાયંટિફિક અમેરિકન'ના લોકરંજક ગણિત વિભાગના સંપાદક માર્ટીન ગાર્ડનરનું ધ્યાન તેમના કાર્ય પર ગયું હતું. તેમણે કાપ્રેકરના કાર્ય પર 'સાયંટિફિક અમેરિકન'માં એક લેખ લખ્યો અને તેની એટલી બધી અસર પડી કે વિશ્વભરમાંથી કાપ્રેકરને પ્રશંસાના પત્રો મળ્યા અને તેમની લખેલી પુસ્તિકાઓની બધી જ પ્રતો ચપોચપ ઊપડી ગઈ.



કાપ્રેકર તો મારા કુટુંબના મિત્ર જેવા હતા. ગણિતમાં રસ ધરાવતાં બાળકોને લખાતા અઠવાડિક પત્રોમાં કાપ્રેકરના ગણિત વિશે પણ વાત આવતી. આવા એક પત્રની વિગત આ અંકના 'પસ્તીનાં પાનાં'માં આપી છે.

કાપ્રેકરના અવસાન પછી જુલાઈ-ઑગસ્ટ ૧૯૮૬ના 'સુગણિતમ્'ના અંકમાં તંત્રી નોંધે છે કે મૃત વ્યક્તિને અંજલિ આપતાં એમ કહેવાનો રિવાજ છે કે તેમના જવાથી પડેલી ખોટ કદી પુરાશે નહીં. કાપ્રેકર માટે તો એ વાત અક્ષરશઃ સાચી છે. સૈકાઓ સુધી આપણને બીજા કાપ્રેકર નહીં મળે.

- પ્ર. ચુ. વૈદ્ય (અમદાવાદ)

ગ્રીષ્મ/દિવેન્દ્ર દવે

(વસંતતિલકા - સોનેટ)

હોલો નહીં તરફડે નથી ક્યાંય ચેનઃ
કંઠે ભલે 'પરભુ'ની રટણાઃ ન પેન-

પાટી છતાંય ઘૂંટવું હજી એનું એ જ !
વૈશાખ સાખ રસથી વધુ કૈંક ઝૂકી,

સૂડો ભરે રહી રહી હળવા નિસાસાઃ
મેં ક્યાં અરે, અધીર થૈ કરી ખાટી ચાંચ ?!

(તેથી હશે અધિક ઉષ્ણ સમીર... દાઝ્યો ?)

શોધી રહ્યો શીતળના ભરી આમ્રડાળ !!

ત્યાં કાળઝાળ તપનો રવિ અંગ-અંગે,
ધીમે જતો પથ પરે પગલાં પડે ત્યાં

ત્યાં પડે ચરણમાં - તરુ છાંપડીઓ
શોધી રહી નજરમાં હળવાશ ક્યારે ?!

લૂના ધખ્યા સૂસવતા અહીં વાયરાઓ
હી...હી... કરે અગન ફૂંકત ડાયરાઓ !!

રાત/ચન્દ્રા રાવળ

(ગાન)

મારી રાત આ જાગી જાય.
નેણને મારા મૂકી નીંદર તારલે રમવા ધાય !
મારી રાત આ જાગી જાય.

પાંદડે પાંદડું રાતની છોળે
ખુલ્લી બારી આવરી લેતું,
વાંકડી પેલી ડાળખી જાણે
આભ ધરાનો બનતી સેતુ;
કમલ હું ને ચંદરચારુ કામનારૂપ છવાય.
મારી રાત આ જાગી જાય.

ધવલ આંધી પૃથિવી પાણી,
ગગન રેલે રૂપલ વેશે,
આરસને આ ઓવર જાણે
સુરબાળા કોં નીતરે કેશેઃ
તારલે બેઠી નીંદર મારી ભીંજવતી નિજ કાય.
મારી રાત આ જાગી જાય.

એક સવારે/લાલજી કાનપરિયા

(ગાન)

એક સવારે બારીમાંથી છલાંગ મારી ઘર માલીપા કૂદી આવ્યું ખેતર !
આળસ મરડી નીંદરમાંથી જાગીને જોયું તો રોમેરોમ હતી હરિયાળી ફરફર !

ફળી, ઓસરી ઘર માલીપા સઘળે દૂધમલિયાં ડૂંડાંઓ ડોલે - કેમ લણું ?
આલ્લે, ઊમટ્યાં પતંગિયાં ને ઊમટ્યા રંગો કેટકેટલા - કેમ કરીને ગણું ?

ચાસચાસમાં અંકુર થઈને આમ અચનાક ઊગી ગયું તે કોણ રે બાલમ ?
માલીપાની ભરબજારે સાવ અચાનક લૂંટી ગયું તે કોણ રે બાલમ ?

ડગલેપગલે ફાળ ભરંતાં હરણાંઓ ને ફાળ ભરંતાં શમણાંઓની ભીતર.
એક સવારે બારીમાંથી છલાંગ મારી ઘર માલીપા કૂદી આવ્યું ખેતર !

બગલા સૂંઘે માટી ને આ ચકલી સૂંઘે દાણા : જોવાની કૈં મજા પડે છે !
સીમ પાથરી બેઠી એનાં લીલાં આણાં : જોવાની કૈં મજા પડે છે !

આકાશેથી દડી પડેલાં કુંજડિયુંનાં ગીતો ઝીલી તરણાં ખુશખુશાલ
ઊગમણી શેરીમાં કોઈના વધામણાંની કોઈ પૂરે રંગોળી રંગગુલાલ !

હવે ઘેનના લીલા દરિયે તરું : ડૂબું કે ઊગરું, કશી નથી ફિકર !
એક સવારે બારીમાંથી છલાંગ મારી ઘર માલીપા કૂદી આવ્યું ખેતર !

દમનખોર સર્વસત્તાધીશ શાસકની સામે કટાર નહીં પણ કલમ દ્વારા પોતાનો આક્રોશ ને સત્યનિષ્ઠા પ્રકટાવનાર કવિ

મણિરામ 'ભૂષણ'

હસમુખ વ્યાસ

કોઈ પણ શાસનકર્તાની નીતિરીતિ એના રાજ્યઅમલમાં કોઈ ચોક્કસ પરિણામ લાવનારી હોય છે. ક્યારેક આ પરિણામો તરત અને તીવ્રતાથી આવતાં હોય છે, તો ક્યારેક દૂરગામી અને ધીરે ધીરે. મુઘલ સમ્રાટ ઔરંગઝેબની શાસનપદ્ધતિ અને નીતિરીતિએ તત્કાલીન સમાજમાં ઊહાપોહ પેદા કર્યો હતો. અલબત્ત, એનો સામનો કે સંઘર્ષ કરવાની તૈયારી બહુ ઓછી માત્રામાં અને છૂટીછવાઈ જોવા મળતી હતી. હિન્દુસ્તાનની તત્કાલીન પ્રજાને સ્વત્વ અને પોતાનું સાંસ્કૃતિક સત્ત્વ જોખમાતું લાગ્યું હતું. ત્યારે દક્ષિણમાં શિવાજી, પંજાબમાં ગુરુ ગોવિંદસિંહ, રાજસ્થાનમાં મહારાણા રાજસિંહ અને સેનાપતિ દુર્ગાદાસ તો મધ્ય હિન્દુસ્તાનમાં રાજા છત્રસાલ - આ સહુએ સ્વત્વની રક્ષા કાજે શક્તિ - અનુસાર સંઘર્ષને નિમંત્ર્યો હતો. આમાં છત્રપતિ શિવાજીને લોકોએ ત્યારે ખૂબ ચાહના આપેલી. તત્કાલીન કવિઓએ એમને સમુચિત રીતે બીરદાવ્યા પણ હતા. આવા કવિઓમાં એક હતા 'ભૂષણ'

ભૂષણના અંગત જીવન (સમય લગભગ ઈ.સ. ૧૬૨૫-૧૬૮૦) વિષે પ્રમાણભૂત વિગત કરતાં દંતકથાઓ વિશેષ મળતી હોવા છતાં ટૂંકમાં જોઈએ તો કૈંક આટલી માહિતી તારવી શકાય તેમ છે. સ્વયં ભૂષણે પોતા વિષે લખ્યું છે :

દ્વિજ કનોજ કુલ કસ્યપી રતનાકરસુત ધીર,
બસત ત્રિવિક્રમપુર સદા તરનિતનૂજાતીર.

કસ્યપ ગોત્રવાળા કાન્યકુબ્જ બ્રાહ્મણ. પિતાનું નામ 'રત્નાકર' ને યમુના કિનારે આવેલા ત્રિવિક્રમપુર ગામના તે રહેવાસી હતા.

આદ્યશક્તિની ઉપાસના અને કૃપાથી ત્રિવિક્રમપુરના રહેવાસી રત્નાકર ત્રિપાઠી નામના બ્રાહ્મણને ત્યાં ચાર પુત્રોનો જન્મ થએલો : ચિંતામણિ, મણિરામ, મતિરામ ને નીલકંઠ અથવા જટાશંકર. પિતાની સ્થિતિ સાધારણ. કુટુંબનું ગુજરાન જેમ તેમ કરીને ચાલતું હતું. ચાર ભાઈઓમાંથી ચોથા પુત્રે સન્યાસ સ્વીકારી ઘર છોડી દીધેલું. બાકીના ત્રણ પુત્રો કવિ હતા. કુટુંબનું ગાડું રડ્યું ખડ્યું જતું હતું. ત્યાં અચાનક પિતાનું અવસાન થતાં સમગ્ર કુટુંબની જવાબદારી ત્રણેય ભાઈઓ ઉપર આવી પડી. મોટાભાઈ ચિંતામણિ ત્રીજા નંબરના ભાઈ મતિરામને સાથે લઈ આજીવિકા કમાવા બહાર નીકળી ગયા. શાહી દરબારમાં જઈ પોતાનું સ્થાન જમાવી ત્યાંથી પ્રાપ્ત પૈસા ઘેર મોકલાવતા હતા. પાછળ મણિરામે ઘરનું ધ્યાન રાખવાની જવાબદારી સ્વીકારી. મણિરામ શરીરે અલમસ્ત અને મનમોજી ! એક કથા મુજબ એક દિવસ રસોઈ બરાબર ન થઈ હોવાથી તેમણે ટીકા કરતાં ભાભીએ - કે જેને પતિ શાહી દરબારમાં કમાતો હોવાનો ગર્વ હતો - દિયરને કડવાં વેણ કહેતાં, એ જ સમયે ભોજન અધૂરું મૂકી ઘર છોડી તે ચાલી નીકળ્યો.

પણ જવું ક્યાં ? છેવટે શાહી દરબારમાં જ્યાં મોટાભાઈ પણ હતા, ત્યાં જવાનું નક્કી કરી તે તરફ પ્રસ્થાન કર્યું. વચ્ચે વચ્ચે નાનાં-મોટાં રજવાડાંઓના દરબારમાં રોકાણ કરતો રહ્યો, પરંતુ ત્યાંનું વાતાવરણ કલાની ઉપેક્ષા કરનારું લાગતા અંતતઃ ઔરંગઝેબના શાહી દરબારમાં પહોંચ્યો. ત્યાં તો તેને સાવ કળાવિહીનતા જણાઈ! આમ છતાં મોટાભાઈ ચિંતામણિએ પોતાની સિફારિશથી મણિરામને બાદશાહ સમક્ષ રજૂ કર્યો. તેમણે ત્યાં વીરરસની કવિતા સંભળાવી. બાદશાહને તે પસંદ પડતાં વધુ સંભળાવવાની ઇચ્છા વ્યક્ત કરી. ને કવિતા પણ ગમતા મણિરામને દરબારમાં સ્થાન મળ્યું.

એક વખતનો પ્રસંગ છે. ઔરંગઝેબે દરબારી કવિઓને પોતાના (ઔરંગઝેબના) દુર્ગુણો વર્ણવવા જણાવ્યું. અન્ય સર્વ કવિઓએ, 'હમ નાચીજો કો તો કોઈ એબ નજર હી નહીં આ રહા' કહી છુટકારો મેળવી લીધો. એક માત્ર મણિરામે બાદશાહ સલામત જાન બખ્શે તો રજૂ કરવા તૈયારી દર્શાવી. બાદશાહે હા કહી ત્યારે કવિએ નીચેનું કાવ્ય બાદશાહને સંભળાવ્યું અને કવિનો સત્યધર્મ એણે બજાવ્યો :

કિબલે કે ઠૌર બાપ બાદશાહ શાહજહાં
બાકી કૈદ કિયો માનો મક્કે આગિ લઈ હૈ ।
બડો ભાઈ દારા વાકો પકરિ કૈ મારિ ડારયો
મેહરહૂ નાહિ માકો જાયો સગો ભાઈ હૈ ॥
ખાઈ કે કસમ ત્યો મુરાદ કો મનાઈ લિયો
ફેરિ તાહુ સાથ અતિ કીન્હી તૈ ઠગાઈ હૈ ॥
ભૂષણ સુકવિ કહે સુનો નવરંગજેબ
ઐસે હી અનીતિ કરિ પાતસાહી પાઈ હૈ ॥

કાવ્ય સાંભળી બાદશાહ ક્રોધે ભરાયો અને કવિને મૃત્યુદંડની સજા કરી. પરંતુ દરબારીઓએ મધ્યસ્થી કરી કવિને બચાવી લીધા. આ કવિનમાં મણિરામનું નામ 'ભૂષણ' હોઈ બાદશાહના દરબારમાં તે પહોંચ્યો ત્યાં સુધીમાં તે 'ભૂષણ' તરીકે ઓળખાવા માંડ્યો હોવો જોઈએ. 'ભૂષણ' કવિનું ઉપનામ છે, જેનો સંકેત 'શિવરાજ ભૂષણ'ના નીચેના દોહામાં પણ મળે છે :

કુલ કલંક ચિત્રકૂટપતિ સાહસ સોલ સમુદ્ર
કવિ ભૂષણ પદવી દઈ હૃદયરામ સુતરુદ્ર.

(છંદ ૨૫.૨૮)

એમ કહેવાય છે કે ચિત્રકૂટના રાજા રુદ્ર સોલંકીએ તેને આ પદવી આપેલી. આગળનો બનાવ બન્યો તે દરમ્યાન કવિએ શિવાજી અને તેના અભિયાન વિષે સાંભળેલું. શિવાજી પ્રત્યે કવિને ઊંડે ઊંડે ખેંચાણ થવા

માંડ્યું'તું. એક વખત બાદશાહને બંદગી કરતો જોઈ કવિએ તેમને આ રચના સંભળાવી :

હાથ તસબીહ લિએ પ્રાત કરૈ બંદગીસી
મનકે કપટ સબૈ સંભારત જપકે

આગરેમેં જાઈ દારા ચૌકમેં ચુનાઈ લીન્હો
છત્રહુ છિનાઈ લીન્હો મારિ બૂઢે બાપ કે

સૂજા બિચલાઈ કૈદ કરિકે મુરાદ મારે
ઐસે હી અનેક હને ગોત્ર નિજ ચપકે

ભૂષન ભનત અબ સાહુ લીએ સાંચે જૈસે
સો સો ચૂહા ખાઈ કે બિલાઈ બૈઠી તપકે.

આ કવિત સંભળાવી કવિ પોતાની કબૂતરી નામની ઘોડી પર ત્યાંથી નાસી છૂટ્યા.

ફરતા ફરતા કવિ દક્ષિણમાં રાયગઢ આવ્યા. શિવાજીના જાસૂસોએ તેમને બાદશાહના દરબારમાંથી કોઈ કવિ નાસીને આવ્યાના સમાચાર આપ્યા. કવિ કોઈ વાવ નજીકની ધર્મશાળામાં આરામ કરી રહ્યા હતા ત્યારે શિવાજી ત્યાં એક સિપાઈના વેષમાં આવી કવિ પાસેથી વાતવાતમાં શિવાજીને રૂબરૂ મળી પોતાની કવિતા સંભળાવવાની કવિની ઇચ્છા જાણી લીધી. સિપાઈએ પોતાને શિવાજી વિષેની કવિતા સંભળાવવાની ઇચ્છા વ્યક્ત કરતાં કવિએ નીચેનું કવિત સંભળાવ્યું -

ઇંદ્ર જિમિ જંભ પર બાડ્વ સુ અંભ પર
રાવન સદંભ પર રઘુકુલ રાજ હૈ ।

પૌન બારિવાહ પર સંભુ રતિનાહ પર
જ્યોં સહસ્રબાહુ પર રામ દ્વિજરાજ હૈ ॥

દાવા દ્રુમદંડ પર ચીતામૃગઝુંડ પર
ભૂષણ બિતુંડ પર જૈસે મૃગરાજ હૈ ।

તેજ તમ અંસપર કાન્હ જિમિ કંસ પર
ત્યોં મલેચ્છ વંશ પર સેર સિવરાજ હૈ ॥

આ કાવ્ય સાંભળી સિપાઈ ખુશ થઈ ગયો ને વધુ કાવ્ય સાંભળવાની ઇચ્છા કરતાં કવિએ એક પછી એક બાવન છંદ સંભળાવ્યા. પ્રસન્ન થયેલ સિપાઈ જતો રહ્યો. બીજે દિવસે કવિ દરબારમાં ગયા ને જોયું તો ગઈકાલનો એક સામાન્ય સિપાઈ સ્વયં શિવાજી હતા ! કવિએ દરબારમાં પણ કવિતા રજૂ કરી. ગઈકાલે જે સિપાઈને કવિએ જેટલાં કવિત (અર્થાત્ બાવન) સંભળાવેલાં તેટલી હજાર સોનામહોર ને હાથી ઇનામમાં અપાયાં. આ બાવન છંદો તે કવિ ભૂષણની પ્રસિદ્ધ 'શિવાબાવની'.

સંવત ૧૭૩૦માં શિવાજીના રાજતિલકની વેળાએ કવિએ 'શિવભૂષણ' રચ્યું. ત્યાર પછી તે ઘેર જવા નીકળ્યા ત્યારે વચ્ચે પન્નાના મહારાજા છત્રસાલના દરબારમાં પણ કવિને ખૂબ જ સન્માન મળ્યું. મહારાજા છત્રસાલ કવિને પુરસ્કાર આપવા માંડ્યા તો કવિએ નમ્રતાથી શિવાજીએ ખૂબ આપ્યું હોઈ હવે પછીથી વધુ ઇચ્છા ન હોવાનું જણાવ્યું. કવિની નમ્રતા ને સંતોષપ્રિયતા જોઈ છત્રસાલ અભિભૂત થયા ને મનોમન કવિને કંઈક આપવાનું નક્કી કરી કવિ જ્યારે રવાના થયા ત્યારે તેમની પાલખી સ્વયં પોતે ખભે ઉપાડી લીધી ! આ જોઈ કવિ તુરંત પાલખીમાંથી નીચે ઊતરી ગયા ને મહારાજાની આતિથ્યભાવના પર અભિભૂત થઈ દસ છંદ કહ્યા જે પછીથી 'છત્રસાલ દશક' તરીકે ઓળખાયા.

ભૂષણ ઘેર આવી થોડો સમય રોકાઈ પુનઃ નીકળી પડ્યા; કુમાઉંના દરબારમાં ગયા તો કવિ ધનપ્રાપ્તિ માટે આવ્યા હોવાનું રાજા સમજ્યા. આથી તેમણે કવિને ધન આપવાની ઇચ્છા વ્યક્ત કરી તો કવિએ સ્પષ્ટ ના કહી. ત્યાંથી કવિ પુનઃ શિવાજી પાસે ગયા અને તેમના મૃત્યુ પર્યન્ત ત્યાં રહ્યા.

આ પછીથી અર્થાત્ શિવાજીના મૃત્યુ બાદ કવિએ શેષ જીવન વિભિન્ન રાજદરબારોમાં ફરતા-ફરતા વિતાવ્યું.

કૃતિઓ

કવિની પ્રમુખ રચનાઓમાં 'શિવરાજભૂષણ', 'શિવાબાવની', 'છત્રસાલ-દશક' તેમજ પ્રકીર્ણ રચનાઓ ગણાવવામાં આવે છે.

'શિવરાજભૂષણ' એ અલંકારનો ગ્રંથ છે. પ્રસ્તુત ગ્રંથ 'શિવભૂષણ' નામે પણ પ્રચલિત છે. આમાં શિવાજીની વીરતા ને યશસ્વિતા પર કવિત રચી અલંકારોનાં લક્ષણ વર્ણવ્યાં છે. પ્રસ્તુત કૃતિમાં ૧૦૫ અલંકારોનાં નામ મળે છે. આમાંથી ઘણાના ભેદ-પ્રભેદ દર્શાવ્યા નથી. તો મોટા ભાગનાં લક્ષણો પણ અસ્પષ્ટ ને અનુપયુક્ત છે. કવિની ભાષામાં ઓજ છે, પણ અવ્યવસ્થિતતા વધુ જોવા મળે છે. વીર, રૌદ્ર, ભયાનક, બીભત્સ, ઇત્યાદિ રસોનું ચિત્રણ થયેલ છે. 'ઇંદ્ર જિમિ જંભ...' જેવાં સશક્ત કવિત અલ્પ છે. અલંકારોના વર્ણન-લક્ષણમાં પ્રૌઢત્વ કરતાં શબ્દાળુતા વિશેષ લાગે છે, ક્વચિત ભ્રાંત પણ લાગે છે. અલબત્ત, અહીં પદ્યપ્રવાહ વીરરસને અનુરૂપ વહે છે ખરો ! શિવાજીના જન્મથી 'હિન્દુ પદ પાદશાહી' સ્થાપી ત્યાં સુધીની સં. ૧૭૩૦ પર્યન્તની ઐતિહાસિક ઘટનાઓનું ૩૮૫ પદ્યોમાં ઓજસ્વી ભાષામાં વર્ણન છે. કઠોર વર્ણનપ્રધાન ભાષા પ્રયોજી વ્રજ ભાષામાં અરબી-ફારસી શબ્દોને અનુકૂળ બનાવી છૂટથી પ્રયોજ્યા છે. અલબત્ત, આનાથી ભાષાગત એકરૂપતા સિદ્ધ થઈ શકતી નથી. એક વિવેચકે નોંધ્યા મુજબ "નષ્ટભ્રષ્ટ અને વિકૃત રૂપો અનેક સ્થળે જોવા મળે છે. અલંકાર ગ્રંથ હોવા છતાં 'શિવાજી પ્રશંસા' વધુ પડતી હોઈ કાવ્યગ્રંથનો ઉદ્દેશ સિદ્ધ થઈ શકતો નથી." એટલું જ નહિ, પ્રસિદ્ધ ઇતિહાસકાર યદુનાથ સરકારે 'શિવાજી અને તેનો સમય' નામના તેમના પ્રખ્યાત ઇતિહાસ-ગ્રંથમાં ભૂષણની રચનાઓમાં ઉલ્લેખિત ઐતિહાસિક બનાવો-ઘટનાઓની પ્રામાણિકતા વિષે પણ સંદેહ વ્યક્ત કરેલ છે. પ્રસ્તુત ગ્રંથની કેટલીક કાવ્યપંક્તિઓના આધારે કેટલાક તેના પર 'જાતીયતા ને સાંપ્રદાયિકતા'નો આક્ષેપ મૂકે છે, જે સર્વથા વાજબી નથી. વર્તમાન સંદર્ભની રાષ્ટ્રિયતા કે સાંપ્રદાયિકતા સાથે તેને કદાપિ સરખાવી શકાય નહિ. ભૂષણે તત્કાલીન રાષ્ટ્રિયતા અનુસાર પોતાની ફરજ અદા કરી છે. ટૂંકમાં, ઔરંગઝેબની કટ્ટર નીતિરીતિની નોંધ કરી છે. આ અંગેની વિસ્તૃત ચર્ચા આગળ કરવામાં આવશે.

(અનુસંધાન પાન ૧૫૧ ઉપર)

'હા' અને 'ના' બંનેય સાચાં

'કૌશિક'

ઉનાળાની પ્રલમ્બાતી ગોરજવેળાએ ઘરની બહારના આંગણમાં, પીપળાની લાંબી શાખાની છાયા ઢળતી. તેમાં આરામખુરશી મૂકી, એમાં બેસી, સામેના આભમાં તેજની બદલાતી છાયાઓ શાંત મને નીરખ્યા કરતો હતો. નિવૃત્ત જીવનમાં આવી નીરવ અવસ્થાનો પણ એક આનંદ હોય છે; એક પ્રકારની સંતૃપ્તિ. આકાશમાં આમ મંડાયેલી હતી શાંત આંખ, ત્યાં નીમુ અને કાનુ દોડતાં દોડતાં આવ્યાં ને મારી સામે ઊભાં. આછી હાંફતો હતો એમનો શ્વાસ, ને પૃચ્છાભાવ એમની આંખમાં. કુતૂહલથી હું બંનેને જોઉં છું, કંઈક થયું છે એવો વિચાર તો મનમાં સહેજે આવે. મેં બંનેને ડાબા અને જમણા હાથથી ધરીને મારી પડખે લીધાં. ત્યાં તો કાનુ બોલી ઊઠ્યો : "દાદાજી, આ આંગળી ચીંધીને મને બીવડાવે છે. અમે પેલું મંછામાશીનું બંધ ઘર છે ને ત્યાં રમતાં હતાં. હું એમના ઓટલે ચડી ગયો હતો. મારી પાસે ગુલાબનું ફૂલ હતું એ ઝૂંટવી લેવા એ આવતી હતી એટલે. પણ ઓટલે ચડી ગયો એટલે મને કહે કે 'મંછામાશી તો મરીને ભૂત થયાં છે ને આ ઘરમાં રહે છે - આ ઘર આગળ જઈએ તો_વળગી પડે." મેં કહ્યું : "જા, જા, તને બીક લાગતી હોય તો જા ઘેર. હું તો હવે જાળીમાંથી જોવાનો. કોણ છે અંદર_ કેવાં હતાં એ. ને મેં ડરતાં ડરતાં પણ હિંમત કરીને જાળીમાંથી જોયું. મને તો કોઈ દેખાયું નહીં. ઉંદરની ચીં ચીં થતી હતી. 'આ નીમુ છે સાવ જૂઠ્ઠી." એમ કહી નીમુ ભણી એણે તોફાની નજર નાખી. નીમુ કહે : "મને બાએ એવું કહ્યું હતું. હું કંઈ જૂઠું બોલતી નથી." ને પછી બંને હું શું કહું છું તેની આતુરતાથી રાહ જોઈ રહ્યાં.

એમની પીઠ પર હળવે હાથ ફેરવતાં મેં કહ્યું : 'તમે બંને સાચાં. નીમુ કહે કે દેખાય તો તે યે સાચું, તું કહે છે કોઈ દેખાતું નથી તો તે યે સાચું. તે આમ તમારા બંનેની વાત સાચી.'

જુઓ, તમે આવી વાત લઈ આવ્યાં એટલે મને જૂના એક પ્રસંગની યાદ આવે છે. પચાસેક વર્ષ પહેલાં મારી ઉંમર સોળ-સત્તર વર્ષની. તમે જેમ અત્યારે શાળાના પહેલા કે બીજા ધોરણમાં, તેમ તે વખતે હું તે સમયના છઠ્ઠા કે સાતમા ધોરણમાં, અત્યારના અગિયારમામાં, ભણતો હતો. શાળાની ચોપડીઓ ઉપરાંત બીજી વાર્તાઓની-કવિતાની ચોપડીઓ હું વાંચતો. અને એવી લગનીથી કંઈક લખવાનો પ્રયત્ન પણ કરતો. કવિતા લખવાની શરૂઆત પહેલી થાય. એ ઉંમરે કંઈક ને કંઈક કરવાની, લખવાની, થવાની બધા કિશોર કે તરુણોમાં ધગશ હોય છે. પછી મોટા થતાં, વ્યવસાય-ધંધામાં જોડાઈ ગયાં પછી, કેટલાકમાં એ ઇચ્છા પોષાય ને વિકાસ પામે, તો કેટલાંકમાં - અને મોટે ભાગે બધામાં - એ વૃત્તિ શમી પણ જાય. પણ ત્યારે મને કવિતા લખવાનું ગમતું. મનમાં કંઈક સૂઝે, એનું ગુંજન થાય, ને બેચાર લીટી રચાય તે લખતો જાઉં. આમ, એક વખત રાત્રે ઊંઘ આવતી નહોતી, ત્યારે થોડી પંક્તિઓ મનમાં રચાઈ. તરત ઉતારી લઉં નહીં તો ભૂલી જવાય. એથી ઊઠી, સૂવાના ઓરડામાંથી, અત્યારે આપણે હીંચકો બાંધેલો છે ને ત્યાં વાંચવા-લખવાનું મેં રાખ્યું હતું. ત્યાં જવાનું કર્યું. ક્યારેક રાત્રે ઊઠવું પડે તો મને ફાનસ કરવાની ટેવ નહીં. ઘરમાં ક્યાં શું મૂકેલું છે તે બધું યે જાણું એટલે અંધારામાં જે જોઈએ તે બરાબર મારા હાથમાં આવે. તે વખતે અત્યારના જેવા વીજળીના દીવા હતા નહીં. એટલે વગર ફાનસે હું એ ઓરડા આગળ ગયો. મારાં બા તો સૂતાં હતાં. ઓરડાના ઉંબરા પાસે પહોંચ્યો ને ઉંબરે પગ મૂકું ત્યાં અંદરના ટેબલની બાજુની ખુરશીમાં એક વ્યક્તિને બેઠેલી મેં જોઈ. ઘરમાં તો હું અને મારાં બા, બે જ. અત્યારે અડધી રાતે મારી ખુરશીમાં આ કોણ ? સહેજ આશ્ચર્યનો કંપ ! હું ઉંબર આગળ જ અટકી ગયો. હું વ્યાયામ-શાળાનો વિદ્યાર્થી હતો એટલે નિર્ભીકતાના પાઠ તો અમને મળ્યા હતા. પણ કોણ હશે આ વ્યક્તિ? મારા પિતાજીનો ફોટો તો રોજનો જોયેલો. એટલે એમનું તો કોઈ લક્ષણ હતું નહીં. વળી, ઘરની બારીઓ બંધ, કેવળ અંધારું, હાથની આંગળીઓ પણ જોઈ ન શકાય ત્યાં આ સામેનો પુરુષ આટલો સ્પષ્ટ ! રૂપાળું છે મોં, એ મારા તરફ જોતા હતા; ઊભા થયા. હું કંઈક વધુ દૃઢ થયો. સફેદ ઝીણી લીટીવાળું હતું ખમીસ, સફેદ ધોતી. હવે શું ? એવો કોઈ વિચાર મનમાં ઊપસે તે પહેલાં તો આ વ્યક્તિ અદૃશ્ય ! ઓરડામાં કેવળ અંધારું. હવામાં કોઈ ભાર નહીં. હું અંદર ગયો. અંધારામાં મેં મારી નોટ અને પેનસિલ કાઢ્યાં; ને ઉઘાડી આંખે કે બંધ આંખે, કોઈ ફરક પડે નહીં, મેં કાગળ ઉપર ચારેક પંક્તિ લખી. પછી નોટ અને પેનસિલ એમના સ્થાને મૂકી, પાછો મારી પથારીમાં જઈને સૂતો. કુતૂહલ મનમાં હતું તો પણ નિરાંતની, પાછલી રાતની, ઊંઘ આવી ગઈ હતી. આ વાત મારી બાને મેં ક્યારેય કરી નથી.

મેં ચલાવ્યું : અભ્યાસ પૂરો કર્યા પછી મારી બાએ જ પસંદ કરેલી આજની તમારી દાદી, જે તે વખતે તો કન્યા હતી, તેની સાથે મારાં લગ્ન થયાં. પછી નવું શિક્ષણ, નોકરીમાં અને ધંધામાં_ ત્યારે અહીંથી અમારે મોટા શહેરમાં જવાનું થયું. ગામનું આ ઘર બંધ કર્યું. વર્ષ દરમિયાન વચ્ચે ક્યારેક થોડા દિવસ ગાળવા આવીએ ત્યારે સગાંસંબંધીને મળવાનું થાય. નિકટના સંબંધમાં એકમાત્ર મામી. મામા ગુજરી ગયા ત્યારે માંડ એ તેરચૌદ વર્ષનાં. એ સમયમાં બહુ નાની ઉંમરે લગ્ન થતાં. એટલે મામી તો બાળવિધવા જેવાં. અમે આવીએ ત્યારે સાંજે સાંજે આપણા ઘેર આવે અને મારી બા સાથે ને તમારી દાદી સાથે મીઠી મીઠી વહાલભરી વાતો કરે. હું તો વચ્ચે હોઉં જ. મારા સિવાય મોસાળમાં સંતાનમાં બીજું કોઈ

નહીં એટલે એમનું વહાલ તમારી દાદી પર ઢળે. એ જ એમને મન વહુ-દીકરી. અમે પણ સવારે સવારે, રોજ નહીં તો બીજે-ત્રીજે એમના ઘરે જઈએ ને એમની પૂજાનો પ્રસાદ, મઝાની મગસની ગોટીનો કે ફળનો સ્વાદ માણીએ. મામી કંઈ ખાસ ભણેલાં નહીં, પણ મંદિરના શાસ્ત્રી-પુરાણી પાસેથી નિત્ય ગીતા-ભાગવત સાંભળતાં, એ એમને કંઠસ્થ થઈ ગયેલાં. ઘરમાં બાલકૃષ્ણની - લાલાની - પૂજા. યશોદાના લાલાને એ પણ એવી જ રીતે રાખે - ઝુલાવે, ભોગ ધરાવે, નવાં નવાં વસ્ત્ર પહેરાવે, ને જેમ બાળકના આનંદમાં માતાનો આનંદ એમ એ પણ અનુભવે. આમ, એમણે એમનું એકલવાયું જીવન ભર્યું ભર્યું કરી લીધું. સદાય એ હસતાં રહેતાં - શરીર બરાબર ન હોય ત્યારેય. દવાનું નામ નહીં. પાછલી ઉંમરે પગે સોજા ચડે ત્યારેય જાણે કંઈ જ થયું ન હોય એવો એમનો સ્વભાવ, આનંદમય.

હું નિવૃત્ત થઈને અહીં આવ્યો. ને તમે બધાં રહ્યાં શહેરમાં. અમે બે અહીં. મોટી બા હવે હતાં નહીં. પણ મામી ? હવે તો એ પણ વૃદ્ધ. રોજ સાંજે ઘરે આવે. અમારી સાથે એ જ ભાગવતપુરાણની વાતો કરે, તમે આવો ત્યારે કરતાં હતાં તેમ. પણ એમણે યે વિદાય લીધી. એમની તો, મરણ એટલે, વૈકુંઠયાત્રા. પણ એવી યાત્રાએ જતાં પહેલાં - એકાદ મહિના પહેલાં - એમણે ન્યાતને જમાડેલી, જાણે ન્યાતનું કરજ ચૂકવતાં ના હોય ! પછી એમણે પૂજાના લાલજીને મંદિરમાં પધરાવ્યા. એક આંખમાં આનંદ ને બીજી આંખમાં જાણે શોક. પછી વળી એક સાંજે ઘરે આવ્યાં ત્યારે મોટું પરબીડિયું લઈને આવેલાં. એ મને એમણે આપ્યું. એમાં હતો એક વગર મઢેલો ફોટો અને વધારામાં થોડા કાગળો - પત્રો. મને કહે 'આ તમારા મામાનો ફોટો છે. એમના ઘરમાં લટકાવેલો ક્યાંય હતો નહીં. મઢ્યા વગરનો ક્યાંથી લટકાવે ? ફોટો જોતાં જ પિસ્તાળીસ-પચાસ વર્ષ પહેલાં ઓરડામાં જે દૃશ્ય જોયું હતું તે જાણે ફરી પ્રત્યક્ષ બન્યું - એ જ રૂપાળું મોઢું, એ જ ભૂરી લીટીવાળું (એકરંગી ફોટામાં કાળી લીટી) ખમીસ, એ જ સફેદ ધોતી. હા. આટલાં વર્ષે એ પુરાણા દૃશ્યનું રહસ્ય સ્પષ્ટ થયું. જે વ્યક્તિને મેં ઓરડાના અંધકારમાં જોઈ હતી એ હતા મારા મામા. એમના પત્રોમાંથી મારા પિતાજી સાથેના એમના સહૃદય સંબંધનો અણસાર મળ્યો. આમ, ક્યારેક મૃત્યુ પામેલો જીવાત્મા ક્ષણિક જણાય ખરો. પણ આવું ક્યારેક જ બને. કોઈ સંકેત પણ એની પાછળ હોવાનો સંભવ. નિર્દોષ બાળકોને કે મોટાંને યે, ક્યારેય એ નડતર રૂપ થાય નહીં. એટલે એમનો ભય હોય નહીં. નીમુ શા માટે ડરાવે ? નીમુએ મંછામાશીને જોઈ છે ? એમની એને બીક લાગી હતી ? 'બોલ નીમુ, અમસ્તી અમસ્તી તું કાનુને ચીવડતી હતીને ?'

નીમુ કહે, 'હા, પણ તમને તમારા મામા દેખાય તેમ અમને કોઈ જણાય તો... હવે અમને બીક નહીં લાગે.'

કાનુ કહે, 'મંછામાશી દેખાય તો કેવી મઝા આવે ?'

સાંજ ઢળી ગઈ હતી. રમણીય દિનાન્તની એક સ્પર્શરમ્ય વાયુની લહર. આ બાજુ ઘરમાં દીવાનો પ્રકાશ ને તેમજ આકાશમાં તારકગણનો. □

અનુસંધાન] મણિરામ 'ભૂષણ' [પૃ. ૧૪૯ પરથી

'શિવાબાવની'માં શિવાજીવિષયક કૃતિઓ હોઈ તે એ નામથી ઓળખાય છે. પરંતુ હકીકત એ છે કે આ નામનો કોઈ સંગ્રહ કવિએ કર્યાનો કે કોઈ પ્રાચીન સંગ્રહ હોવાનો પણ ઉલ્લેખ કર્તાએ કરેલ નથી ! સર્વપ્રથમ મુંબઈમાંથી શેઠ ગોવર્ધનદાસ લક્ષ્મીદાસે આ નામનો સંગ્રહ પ્રકાશિત કરેલો. લોકપ્રચલિત બાવન છંદોને તેમાં યથાતથ સંગૃહીત કરાયેલ. સર્વપ્રથમવાર શિવાજીને જ્યારે એક સિપાઈના વેષમાં મળેલ ત્યારે જે (બાવન) છંદો તેમણે સંભળાવેલા તે આ સંગ્રહના છંદો હોવાની માન્યતા છે. જે ગુણ-દોષ 'શિવરાજભૂષણ'ના છંદોમાં જોવા મળે છે, તે જ આમાં પણ મળતા હોઈ તેની વિસ્તૃત ચર્ચા અપ્રસ્તુત છે.

પ્રકીર્ણ રચનાઓ

મૂળતઃ 'શિવભૂષણ' કે 'શિવરાજભૂષણ' જ કવિનો એકમાત્ર સંગ્રહ ગણી શકાય. આ સિવાયની રચનાઓને પ્રકીર્ણ ગણીએ તો પણ હરકત નથી.

'શિવાબાવની'માં જેમ શિવાજી વિષયક બાવન છંદો મળે છે તેમ 'છત્રસાલ-દશક'માં પન્નાના મહારાજા છત્રસાલ વિષે દશ છંદો રચેલ છે. તો, 'ભૂષણ-ઉલ્લાસ', 'દૂષણ-ઉલ્લાસ' ને 'ભૂષણહજાર' નામના ગ્રંથો પણ તેમણે રચ્યા હોવાનું કહેવાય છે, પરંતુ અદ્યાપિ તે અપ્રાપ્ય છે. આ ઉપરાંત કવિની શૃંગારરસની પણ કેટલીક રચનાઓ મળે છે. કેટલાક તેને સ્વીકારતા નથી, કેમ કે કવિ મૂલતઃ વીરરસના કવિ છે. પરંતુ સંભવ છે કાવ્યસર્જનના પ્રારંભે કે જ્યારે તે યુવાન પણ હતા ત્યારે કવિએ તે રચી હોય !

કવિની કેટલીક રચનાઓ કે પંક્તિઓના આધારે તેમના પર 'જાતીયતા' કે 'સાંપ્રદાયિકતા'નો આરોપ મુકાય છે. પરંતુ જો આને સ્વીકારી લઈએ તો અન્યાય થાય. ઔરંગઝેબ, આદિલશાહ વગેરેની કવિએ નીંદા અવશ્ય કરી છે. મુસ્લિમ શાસકો વિરુદ્ધ હિન્દુઓ અને હિન્દુ રાજાઓને ભડકાવવાનો તેમના પર આક્ષેપ થયેલ છે. પરંતુ શાસકોના પક્ષપાતપૂર્ણ વ્યવહાર, ક્રૂરતા, અનીતિ, અન્યાય સામે અવાજ ઉઠાવવો - પ્રજાને જાગૃત કરવી - એને કોમવાદ હરગીજ કહી શકાય નહિ. કવિએ તો અત્યાચાર ને અનાચાર સામે અવાજ ઉઠાવી સ્વદેશ ને સ્વત્વની યાદ અપાવી સમાજને જાગૃત કરવાનું 'કવિકર્મ' કર્યું હોય તેને તો 'રાષ્ટ્રિય કવિ' જ કહી શકાય ! કવિએ તત્કાલીન રાજકીય-શાસકીય પરિસ્થિતિ સામે પોતાનો વાણી-આક્રોશ વ્યક્ત કરેલ હોઈ વર્તમાન રાષ્ટ્રિયતા કે સાંપ્રદાયિકતાની સાથે તેને કદાપિ સરખાવી કે મૂલવી શકાય નહિ. તેમણે સમગ્ર મુસ્લિમ કોમની નીંદા કરી નથી. ઊલટાનું કવિએ ઔરંગઝેબ પૂર્વેના મુઘલ બાદશાહો 'બાબર અકબર હુમાયુ હદ્દિ બાંધિ ગયે' કહી મુક્તકંઠે પ્રશંસાય કરેલ છે ! કવિની વાણીમાં કોમવાદ નથી. સ્વદેશ - સ્વત્વ પ્રત્યેનો અનુરાગ છે. રાષ્ટ્રિય ઉત્થાન માટે ગવાયેલી એ કવિતા છે. તેમાં ક્યાંય પણ સાંપ્રદાયિક ચાટુકારી નથી. આથી જ તો તેને એક વિવેચકે 'હિન્દુજાતિના પ્રતિનિધિ કવિ' કહ્યા છે, જે સર્વથા ઉપયુક્ત છે. □





બ્રેખ્તની પત્ની હેલન વાઈગલ 'મધર કરેજ'ના પાત્રમાં (૧૯૪૯). ૧૯૪૧માં રજૂ થયેલ નાટક 'આર્તુરો ઉઈનો ઉદય'નું એક પાત્ર-હિટલર.

નાટ્યાનુભાવન : ૮ નવી નાટ્યલેખન રીતિના થીએટરનો 'દિગ્'-દર્શક

બર્ટહોલ્ડ બ્રેખ્ત-૨

હસમુખ બારાડી

બર્ટહોલ્ડ બ્રેખ્તનાં પુસ્તકો જર્મનીમાં બાળવામાં આવ્યાં, એનું નાગરિકત્વ છીનવી લેવામાં આવ્યું; અને પરિણામે માર્ક્સવાદી પ્રવૃત્તિનો આક્ષેપ પત્ની, પુત્ર અને પોતા પર આવતાં, ૧૯૩૩માં ચેકોસ્લોવેકિયા, તત્કાલીન સોવિયેત સંઘ, સ્વીત્ઝર્લેન્ડ અને ફ્રાન્સ થઈને એ અમેરિકા પહોંચ્યો. ફાસીવાદ સામે એણે બુંગિયો ફૂંક્યો હતો કે સંસ્કૃતિનું અત્યાર સુધી માત્ર બૌદ્ધિક રીતેજ રક્ષણ થતું આવ્યું છે, પણ એના પર ભૌતિક શસ્ત્રોનો ભય તોળાય, ત્યારે એવાં શસ્ત્રોથી પણ એનું રક્ષણ કરી છૂટવું જોઈએ.

તત્કાલીન જર્મનીમાં હિટલરના એ આપખુદી યહુદીવિરોધી ફાસીવાદની સામાન્ય માનવી પરની ભીંસ દર્શાવતું બ્રેખ્તનું નાટક - 'ત્રીજા રેઈખ શાસનમાં ભય અને વ્યથા' (૧૯૩૫-૩૮)માં નાનાંમોટાં ચોવીસ દ્દશ્યો છે : અત્યાચારી છાવણીઓનું જીવન, ભૂગર્ભ રાજકીય પ્રવૃત્તિનો સંઘર્ષ, ગોબેલ્સના પ્રચારતંત્રની વધતી ભીંસ વગેરે. 'ન્યાય' નામના દ્દશ્યમાં, યહુદીની દુકાનમાં ચોરીના મામલામાં સજા કરતા અદાલત અચકાય છે; 'યહુદી પત્ની' નામના દ્દશ્યમાં, બિનયહુદી પતિની સલામતી માટે પત્ની જૂઠું બોલીને એનો ત્યાગ કરે છે; 'બે બેકરીવાળા' દ્દશ્યમાં, જેલમાં બે વ્યક્તિ છે - એ જો કે પ્રદૂષિત પાઉં બનાવ્યો છે, અને બીજાએ, નવા નાઝી કાનૂન હેઠળ, પ્રદૂષિત પાઉં નથી બનાવ્યો ! વગેરે...

પણ કોણ ભજવે આવાં નાટકો કે એ પછીનું એનું નાટક : 'મધર કરેજ અને એનાં બાળકો' (૧૯૩૯) ?

વાત સત્તરમી સદીના એક યુદ્ધની; ત્રણ બાળકો પણ એમના પિતા જુદાજુદા; આ સ્ત્રી એ ત્રણેયને લઈને સૈનિકો યુદ્ધ માટે જાય ત્યાં પાછળ પાછળ રેંકડો લઈને ફરે, માલ વેચી ગુજરાન ચલાવે; બે બાળકો એમાં મરે છે, ત્રીજી મૂગી દીકરી બાળકો અને સ્ત્રીઓને બચાવવા છાપરે ચડી ઢોલ પીટે, અને એક સૈનિકની ગોળીએ વીંધાય. મા 'કરેજ' હવે એકલી પેલો રેંકડો લઈને રોટી રળવા સૈનિકોની સેવા કરતી રહે...વિકલ્પહીન, અવસ્યંભાવિ પરિસ્થિતિ...

બ્રેખ્તને મન આ યુદ્ધવિરોધી નાટક છે, મા નકારાત્મક પાત્ર છે, યુદ્ધના ફાયદે જીવતર જીવતું. પણ પ્રેક્ષકો તો આ સ્ત્રી તરફ સહાનુભૂતિ દર્શાવતા; જો કે બ્રેખ્તની પત્ની હેલન વાઈગલનો અભિનય લાજવાબ હતો.

આ ગાળાની નોંધોમાં એણે લખ્યું છે : જગતભરમાં રંગભૂમિઓમાંથી નાટ્યકારનો આવો બુલંદ અવાજ ઊઠવો જોઈએ; એનાથી કંઈ બને એ માનવું ભલે બાલિશ લાગે કોઈને; પણ આ નાટકો ભજવાયાં નહીં, આ ગાળામાં, ક્યાંય. સરકારો યુદ્ધ ખેલે એટલી ઝડપથી નાટકો નથી લખાતાં;

નાટક લખવામાં ખૂબ વિચાર કરવો પડે. એટલે 'મધર' જેવાં નાટકો મોડાં લખાયાં, મોડાં ભજવાયાં.

ના, માત્ર મોડાં જ નહીં, અસંગત લાગે ત્યારે ભજવાયાં, લોકો સુધી (અનુવાદો દ્વારા અન્ય દેશોમાં) મોડાં પહોંચ્યાં. આ ખૂબ વિચારણીય વક્રતા છે. વિદેશવાસ દરમ્યાન એણે ફાસીવાદ-વિરોધી નાટકો લખ્યાં પણ ત્યાં ભજવાયાં નહીં, અને એનાં નાટકો ભજવાયાં, ૧૯૪૭-૫૬ વચ્ચે, પૂર્વ જર્મનીમાં તત્કાલીન સરકારે આપેલા થીએટરમાં, જ્યારે એ નાટકો એ પ્રજા માટે સુસંગત રહ્યાં નહોતાં !

અલબત્ત, એટલો સુધારો આ વિધાનમાં કરવો પડે, કે કથાવસ્તુ કે વિચાર તરીકે એ સુસંગત ભલે નહોતાં; પરંતુ નાટ્યકલા અને એના સિદ્ધાંતોની વ્યવહારુ સમજ એ નિર્માણોમાંથી બ્રેખ્તના સાથીદારો/વિદ્યાર્થીઓને મળી; અને પરિણામે આજે એ આ સદીનો મહાન નાટ્યકાર ગણાય છે.

આ વિદેશવાસ દરમ્યાન, 'એલિયેનેશન'નો સિદ્ધાંત પરિપક્વ થવા માંડ્યો હતો : નાટ્યલેખનમાં એ રજૂ થયો : 'ગેલિલિયો ગેલિલે' નાટકમાં (૧૯૩૮-૩૯). 'પૃથ્વી ગોળ છે' એ વૈજ્ઞાનિક સંશોધન તત્કાલીન ધર્મ અને રાજસત્તાને ન રુચ્યું; એનાં ટેલિસ્કોપ તો નગ્ન નહાતી સ્ત્રીઓ જોવામાં વપરાયા; દીકરીનાં લગ્ન એને લીધે તૂટ્યાં; સત્તાએ શિક્ષાથી એને ડરાવ્યો, અને જેલમાં પૂર્યો. છતાં, ચાંદનીને અજવાળે ખાનગીમાં એણે પુસ્તક લખ્યું અને ચતુરાઈથી વિદેશ મોકલી આપ્યું; જેથી નિર્ભીક વૈજ્ઞાનિક સંશોધન આગળ ધપ્યું.

આ નાટક લખાયું ત્યારે ૧૯૩૮માં ફાસીવાદનો રાક્ષસ ફૂંફાડા મારતો હતો; પશ્ચિમી સંસ્કૃતિના પતનનાં એંધાણ દેખાતાં હતાં. જર્મન વિજ્ઞાનીઓએ યુરેનિયમ એટમ શોધી કાઢ્યો હતો. અને ત્યારે વિજ્ઞાનીની જવાબદારી તથા ધર્મ-રાજસત્તા સામે એકલવીર જેવી લડતનું આ નાટક આવ્યું, એ એક વાત. પણ બીજી વાત એ કે 'અહેવાલ' ત્રીજી વ્યક્તિ તરીકે પાત્રનું નિરૂપણ, 'ક્રિયા' તરીકે પાત્ર અને આખું નાટક વગેરે એલિયેનેશનની વાત એમાં સૌથી વધુ સબળ રીતે રજૂ થઈ છે. (મેં એની ત્રણ રજૂઆતો જોઈ છે : (૧) મોસ્કો તગાન્કા થીએટરમાં લ્યુબિમોવના દિગ્દર્શનમાં; (૨) બંગાળી રંગભૂમિ પર ગેલિલિયો ટાગોર જેવી મુદ્રા ઉપસાવતો અને (૩) અમદાવાદના ગેરેજ સ્ટૂડિઓ થીએટરમાં ગુજરાતીમાં ૧૯૮૯ની પ્રસ્તુતિ. એમાંથી પ્રથમ રજૂઆત બ્રેખ્તની યોજના મુજબની સૌથી વધુ વફાદાર લાગી હતી.

એક તો આખું નાટક વિજ્ઞાનીના અભિગમથી 'ક્રિયા' બને છે; અને તબક્કાવાર સંઘર્ષ એ 'ક્રિયા'નાં અનેક પાસાં/પગથિયાં બને છે. બીજું, ક્યારેક વિજ્ઞાની તો ક્યારેક સત્તા જીતતાં દેખાય અને એ દરમ્યાનની પરિસ્થિતિ એ પ્રસંગો વિશે 'દૃશ્ય' સર્જે છે. એમાં ગેલિલિયોની રમૂજવૃત્તિ પણ ભાગ ભજવે છે. ત્રીજું, સૌથી નોંધપાત્ર ઉદાહરણ તે આ - એમાં 'ક્રિયા' નહીં, 'પ્રતિક્રિયા'નું પણ એક દૃશ્ય છે. ધર્મસત્તા પાસે મતખંડન કરવા (પૃથ્વી સપાટ છે એ સ્વીકારવા) ગેલિલિયો જાય એ સામાન્ય રીતે સૌથી નાટ્યાત્મક દૃશ્ય ગણાય. પણ બ્રેખ્તે એને પૃષ્ઠભૂમિમાં રાખ્યું, અને મતખંડન એ કરે તો શું બને, શું ન બને, એ કેમ ન કરવું, અને



બર્ટહોલ્ડ બ્રેખ્તના 'ગેલેલીઓ ગેલિલે' પરથી ૧૯૮૮માં 'ગરાજ સ્ટૂડિઓ થીએટરે' ભજવેલા નાટકનું એક દૃશ્ય. કલાકાર : રોહિત પંચાલ, જનક રાવલ અને બીના પુરોહિત.

આ કર્યું તો હવે શું, એની 'પ્રતિક્રિયા' જ ગેલિલિયોની દીકરી, શિષ્યો, ધર્મસત્તાના પ્રતિનિધિઓ દ્વારા એણે રજૂ કરી છે. એ પ્રતિક્રિયા પ્રેક્ષકોની મતખંડનની ક્રિયા અંગેની પ્રતિક્રિયાનું જાણે ઓર્કેસ્ટ્રેશન કરે છે, કરી શકે; એ વિચારપ્રેરક બની શકે. એવું જ બને છે અંતિમ દૃશ્યમાં, જ્યારે પોતાનું પુસ્તક ચતુરાઈથી શિષ્ય દ્વારા એ વિદેશ મોકલે છે : એમાં પોતાના વિશે ગેલિલિયો જે 'નિર્દય પૃથક્કરણ' કરે છે, એનાથી પ્રેક્ષકો વિજ્ઞાની (અને એ દ્વારા માનવી)ની સામાજિક જવાબદારીથી જાગૃત બને, બની શકે.

૧૯૩૮-૪૦માં એણે 'સેઝુઆનની સન્નારી' નાટક લખ્યું. (ગુજરાતીમાં 'દર્પણ' સંસ્થાએ ૧૯૭૩માં 'કાનન' નામે કૈલાસ પંડ્યા અને દામિની મહેતાએ રજૂ કર્યું હતું.) જગતને બચાવી લેવા 'સત્-જન'ની જરૂર છે અને એ શોધવા દેવો પૃથ્વી ખૂંદી વળે છે : મળે છે એક વેશ્યા, જે એમને રાતવાસો કરવા ગ્રાહકને વિદાય કરી દે છે. દેવો વેશ્યાને સ્વતંત્ર ધંધો કરવા થોડાં નાણાં આપી જાય છે; અને એ તમાકુની દુકાન ખોલે છે. પણ પૈસો જોઈ એના સંબંધીઓનો રાફડો ફાટે છે. વેશ્યા અંતે પુરુષવેશે તેઓની સાન ઠેકાણે લાવે છે. બીજી બાજુ આ વેશ્યાનો પ્રેમી વંચક નીવડે છે. દરમ્યાન પુરુષવેશી વેશ્યા પર આક્ષેપ મુકાય છે કે તેણે સ્ત્રીને મારી નાંખી છે. અદાલત મળે છે એમાં પેલા દેવો જ ન્યાયાધીશ તરીકે બેસે છે. તેઓ એટલો સંતોષ લઈ દેવલોક પધારે છે કે ના, સ્ત્રી વેશ્યા એટલે કે તેઓએ શોધેલ 'સત્-જન' જીવિત છે, હવે જગત પર ખતરો નથી.' પણ આ વેશ્યા કહે છે કે, 'સત્-જન' હોવું એ એક વાત છે, પણ એ રીતે ટકી રહેવું એ બીજી વાત છે; અને ટકી ન શકાય તો જગત બદલવું જોઈએ.'

દંતકથા જેવું વાતાવરણ, એક વ્યક્તિનાં બે રૂપ, અને તેથી વિરોધાભાસી, વેશપલટો એટલે માનવીય વર્તનનોય પલટો વગેરે મુદ્દા પેલા દૂરત્વ, કૌતુકીકરણ (એલિયેશન)માં સહાયક બને છે. અને એનોય સારો દાખલો મળ્યો. 'કોકેસિયન ચોકવર્તુળ'(૧૯૪૪-૪૫)માં રાજ્યના બળવામાં ગવર્નરની પત્ની બાળક છોડીને નાસી ગઈ, એની સંભાળ નોકરાણી ગ્રુશાએ રાખી - એ માટે એણે પોતાના પ્રેમીને છોડી કોઈ વૃદ્ધ જોડે લગ્ન કરવાં પડ્યાં; શાંતિ સ્થપાયા પછી પ્રેમી અને પેલી ગવર્નરની


(બ્રેખ્તનો સ્કેચ)

પત્ની પણ પાછાં આવ્યાં. પ્રેમીની ગેરસમજ તો દૂર થઈ, પણ ખરી માએ બાળક માટે દાવો માંડ્યો. અદાલતમાં તો દારૂડિયો, ભ્રષ્ટ, લંપટ ન્યાયાધીશ હતો : છતાં એણે બાળકને વર્તુળમાં ઊભું રાખ્યું : બાળકને ખેંચી જાય તે ખરી મા. વારસો મેળવવા તલપાપડ ખરી માએ બાળકને ખેંચ્યું, પણ પાલક મા ગ્રુશા - બાળકને તકલીફ થાય એ બીકે - એને ખેંચી ન શકી. પરિણામે બાળક પાલક માને મળ્યું, અને ગવર્નરની જાયદાદમાં લંપટ ન્યાયાધીશના નામનો ઉદ્યાન કરવામાં આવ્યો. નાટકની નાંદી અને ભરતવાક્ય દશ્યમાં કહેવાયું છે કે, પાળે તેનું બાળક અને ખેડે તેની જમીન.

બ્રેખ્તનાં નાટકોમાં આ ખૂબ મહાન ગણાયું, ને એનાં પાત્રો, કથા વગેરે કરતાં, એલિયેનેશન અને એપિક થીએટરની એની વિભાવનાના સુંદર ઉદાહરણ તરીકે. ગીતોનો છૂટથી ઉપયોગ, પાત્રોનો કથક તરીકે ઉપયોગ, બે સ્તરનું કથાસંયોજન અને નાટ્યધર્મી ક્રિયાપ્રસ્તુતિથી એ ખૂબ સ્વીકૃતિ પામ્યું છે.

બ્રેખ્તનાં નાટકોમાં અદાલતનાં દશ્યો પણ એક વિશિષ્ટ અભિગમ દાખવે છે : 'ચૉકવર્તુળ'નો આઝદાક તો સ્વતંત્ર પાત્ર તરીકે રજૂ થઈ શકે, એનાં પરાક્રમો ખુદ નામનો વિષય બને; એ જ રીતે 'એક્સેપ્શન-રૂલ'ની અદાલત શોષકનો પક્ષ લે, કે 'સેઝુઆન'ના દેવો ન્યાયાધીશ તરીકે 'સત્-જન'ની હસ્તીથી સંતોષ લે વગેરે... અલબત્ત, નાઝી જર્મનીમાં, લોકતાંત્રીય અમેરિકામાં કે સામ્યવાદી પૂર્વ જર્મનીમાં એને ન્યાયતંત્રનો કડવો અનુભવ હતો જ; છતાં નાટ્યકલાની દષ્ટિએ (માત્ર પાત્ર-પરિસ્થિતિનો લાભ મળે તેટલું જ નહીં પણ) ખટલો ચાલે એ દરમ્યાન પૃથક્કરણ, વિવિધ દષ્ટિ-બિંદુઓ પેશ કરવાની તક જે રીતે નાટ્યકાર ઝડપે છે એ પણ નોંધવું જોઈએ.

અમેરિકામાં બ્રેખ્ત જર્મનીના નાઝી તંત્રની વિરુદ્ધની લડતમાં સક્રિય રહ્યા; ગેલિલિયો જેવાં નાટકોનાં મંચનમાં રસ લીધો, પેટિયું રળવા અનેક પ્રકારનું લેખન કરી જોયું. પરાકાષ્ઠા તો ત્યારે આવી જ્યારે અન-અમેરિકન પ્રવૃત્તિ માટે એની સામે તપાસ શરૂ થઈ; જો કે ફરી (ગેલિલિયો જેમ ચતુરાઈથી) એ છટકી ગયા. પૂર્વ જર્મનીમાં બ્રેખ્તને 'બર્લિનર એન્સેમ્બલ' થીએટર આપવામાં આવ્યું - (એની આ લખનારની મુલાકાત વિશે હવે પછી), બ્રેખ્ત એમાં મુખ્ય નિર્માતા અને એની પત્ની હેલન વાઈગલ એની પ્રબંધક બની, ૧૯૪૯માં. એને બ્રેખ્ત 'માનવ સ્વભાવ માટેના જ્ઞાન અને સામાજિક સંચેતના માટેની પ્રવૃત્તિનું કેન્દ્ર' કહેતા. ૧૯૫૬માં એના મૃત્યુ સુધીમાં પોતે એકલા, અનેક સાથીદારોના સહકારે પણ અનેક નાટકો લખ્યાં/ભજવ્યાં. (આ નાટ્યસંસ્થાના ઉદ્દેશો અલગ આપ્યા છે.) અલબત્ત, પૂર્વ જર્મનીના રાજતંત્ર સાથેય તેમણે સંઘર્ષમાં ઊતરવું પડ્યું, છતાં કુશળતાથી એમણે પોતાનું ધાર્યું કાર્ય પાર પાડ્યું. સામાજિક અભિગમ ધરાવતી અનેક પ્રવૃત્તિઓ કરી.

પૅરિસ ક્રાંતિ અંગેના નાટક 'કૉમ્યુન-દિનો'ના નિર્માણ દરમ્યાન, ૧૯૫૬માં તેણે વિદાય લીધી; ત્યારે એના શિષ્ય મેન્ફ્રેડ વેકવર્થે કહ્યું : બ્રેખ્તને મન ક્રાંતિ કોઈ એકલદોકલ ક્રિયા નથી, એ તો માનવવર્તનનું બદલાતું સ્વરૂપ છે. એની કબર પર આવું લખવા અપીલ કરી હતી : કોઈ તખ્તીની મારે જરૂર નથી, પણ લખો તો આટલું માત્ર કે, બ્રેખ્તે થોડાં સૂચનો કર્યાં હતાં, અમે એનો અમલ કરી જોયો !'

બ્રેખ્તે ઈતિહાસીકરણની વાત કરી છે : એટલે કે નટે ત્રીજા પુરુષમાં સંવાદ બોલવો, પાત્રથી દૂરતા કેળવવી, અનુભવ નહીં, 'દષ્ટિબિંદુ' રજૂ કરવું. રિયાઝ દરમ્યાન 'ભૂતકાળ'માં બોલાય છે એવી રજૂઆત કરવી; એટલે 'બનતી' નહીં, 'અહેવાલ' બને, જેથી 'પરિણામ' નહીં, 'પ્રક્રિયા' દર્શાવી શકાય.

બ્રેખ્તના થીએટરને કોઈ પણ રાજકીય વિચારસરણીના પ્રચાર માટે ન જોવાય. (આપણે ત્યાં ગુજરાતી નાટ્યગુરુ સ્વ. ચંદ્રવદન મહેતાએ એને યોગભ્રષ્ટ નાટ્યકાર અને સામ્યવાદી વળગણના લેખક તરીકે ગણાવ્યા હતા -; આ અંગે મારે એમની સાથે વિગતે વાત થઈ હતી. જો કે હજી અન્યોમાં પણ એમના વિશે ગેરસમજણ પ્રવર્તે છે) બ્રેખ્તનાં નાટકોને સ્વતંત્ર પ્રકારની નાટ્યલેખનરીતિ અને નાટ્યસિદ્ધાંત તરીકે જ મૂલવવાં જોઈએ. વળી, એને માત્ર મહાન પ્રશિષ્ટ લેખક કહીનેય અભરાઈએ ન ચડાવવો જોઈએ. એનાં નાટકોનાં તત્ત્વોને દેશકાળ પ્રમાણે આત્મસાત્ કરી, રજૂ કરવાં જોઈએ; કારણ કે નાટકોથી જગત બદલાઈ ન શકે, જગત પ્રત્યેનો અભિગમ બદલાઈ શકે !

જર્મની જગતભરની નાટ્યકૃતિઓ રજૂ કરનાર દેશ તરીકે જાણીતું છે; ત્યાં ૧૯૬૪-૭૪ દાયકા દરમ્યાન રજૂ થયેલાં નાટકોમાં, શેક્સપિયર અને બ્રેખ્તનાં નાટકોની સંખ્યા સમાન છે; જગતની અનેક ભાષાઓમાં એના સિદ્ધાંતોના અનુવાદો થયા છે; સ્તાનિસ્લાવ્સ્કીને સામે ધ્રુવે મનાતા આ સિદ્ધાંતોએ, એ પછી પણ થીએટર અંગે નવા વિચારોને પ્રોત્સાહન આપ્યું છે.

એના સિદ્ધાંતો અને આપણાં પ્રશિષ્ટ નાટકો અને પારંપરિક લોકનાટકો વચ્ચે નોંધપાત્ર સમાનતા છે; એની વાત પણ ક્યારેક કરીશું.

પ્રણાલિગત અર્થમાં એ દિગ્દર્શક નહોતો, નાટ્યલેખક અને નાટ્યવેત્તા હતો; પણ એણે માત્ર જર્મની જ નહીં જગતભરના થીએટરને જે દિશા ચીંધી, એ પરથી એને પ્રભાવક શકવર્તી 'દિગ્દર્શક' જ ગણવો જોઈએ; અને ગુજરાતમાં એના વિશેની ગેરસમજણ (એમાં વધુ પડતી, અણસમજ પણ આવી જાય) દૂર થવી જોઈએ.

(અનુસંધાન પાન ૧૫૬ પર)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

સમજુ 'મહારાજ'

તા. ૯-૩-૭૫

આપણા રાજકારણીઓ કરતાં તો એર ઈન્ડિયાની જાહેર ખબરમાં આવતો 'મહારાજા' વધુ દીર્ઘદૃષ્ટિવાળી વાતો કરે છે. હમણાં મુંબઈનાં નરિમાન પોઈન્ટ ઉપર અને દુનિયાનાં બીજાં કેટલાંક શહેરોમાં એક મોટી જાહેર- ખબર પ્રકટ થઈ છે. તેમાં એક મોટું ખજૂરીનું ઝાડ છે. 'મહારાજ' નીચે ઊભો ઊભો ઝાડને હલાવે છે, પાસે ઝાડ પરથી ખરતી વસ્તુના એકબે ગાંસડા બાંધેલા પડ્યા છે. બાજુમાં લખ્યું છે. 'ચાલો, બિસ્તરા બાંધો અને ઊપડો મસ્કત, દુબઈ, અબુધાબી, કુવૈત, બેહરિન,... ત્યાં પૈસાનાં ઝાડ હલાવી નાણાં ભેગાં કરવાં...' પેટ્રોલના ભાવવધારાથી એકાએક તવંગર થઈ ગયેલા આરબ દેશોની મુલાકાત લેવા માટે કેવું મજેદાર આમંત્રણ? પણ આરબ દેશોના એલચીઓને માઠું લાગ્યું અને તેમણે દબાણ લાવીને આ જાહેર ખબર પાછી ખેંચાવી ! રાજકારણને નિર્દોષ કટાક્ષ પણ ફાવતો નથી !

આ અગાઉ પણ 'મહારાજા'એ એકબે વાર રાજકારણમાં પગપેસારો કર્યો હતો અને તેના હાથ દાઝ્યા હતા. ૧૯૬૨ની સામાન્ય ચૂંટણી વખતે ઉત્તર મુંબઈની લોકસભાની બેઠક ઉપર કૃપલાણી અને કૃષ્ણમેનન સામસામા લડતા હતા ત્યારે એક ઈન્ડિયાની જાહેરખબરમાં રેસ દોડતા કૃપલાણી, મેનન અને મહારાજાને દેખાડ્યા હતા. પણ ખૂબી તો એ હતી કે ચડ્ડી પહેરીને રેસ દોડતા આ ત્રણમાંથી મેનન લાલ ચટૂક રંગની ચડ્ડી પહેરેલા દેખાતા હતા. ચૂંટણીમાં કૉમ્યુનિસ્ટ પક્ષોનો મેનનને ટેકો હતો અને કૃપલાણીની સરખામણીમાં મેનન વધુ વામ પક્ષી તે બતાવવાનો કેવો નિર્દોષ રસ્તો ! જોકે તે વખતે પણ મહારાજાને મુશ્કેલી પડી હતી અને રાજકરણીઓને સંતોષવા તે જાહેરખબર પાછી ખેંચી લેવી પડી હતી.

અત્યારના દેશ-વિદેશના રાજકારણીઓ કરતાં તો અમારો 'મહારાજા' કંઈક વધુ સમજુ લાગે છે.

એરપોર્ટનાં વા-પાણી

તા. ૨૭-૩-૭૯

કલકત્તાથી સવારે ૧૦ વાગે ઊપડનારી મુંબઈની ફ્લાઈટ ૩ કલાક મોડી છે. એટલે એરપોર્ટ ઉપર 'વા' ખાતા બેઠા છીએ. અમારું આ વિમાન તે નવું એરબસ વિમાન છે. લગભગ ૪૦૦ ઉતારુ બેસાડે તેવડાં આવાં બે વિશાળકાય વિમાન એરલાઈન્સે ખરીદ્યાં છે. હવે આ નવા જમાનાની માયાની એ વિશેષતા છે કે એ ચાલતું (ઊડતું !) રહે તો જ ખર્ચ સરભર થાય - પેલા બાબરાભૂત જેવું, જેને કામ આપવું જ પડે નહીંતર તમને જ ખાઈ જાય. એટલે ભારતીય વિમાનમાર્ગના સોનેરી ત્રિકોણ, દિલ્હી, મુંબઈ, મદ્રાસ, કલકત્તા ઉપર તે ફર્યા જ કરે છે, આમાં એકાદ જગ્યાએ ક્યાંય મુશ્કેલી ઊભી થાય અને ફ્લાઈટ મોડી થાય એટલે એક વર્તુળ ઊભું થાય. એ વિમાન જે જે રુટ ઉપરથી ઊડવાનું હોય તે બધી જ ફ્લાઈટ મોડી થાય. વળી, આ વિમાનનો ૨૪ કલાકનો કાર્યક્રમ ગોઠવાયેલો હોઈ એક વાર ફ્લાઈટ મોડી થાય એટલે આ મોડા થવાનું દિવસો ને દિવસો સુધી ચાલુ રહે. સોનેરી ત્રિકોણના એરપોર્ટ ઉપર એરબસ ફ્લાઈટ સામે ૨ કલાક મોડું એમ તો કાયમ લખેલું જ રહે છે. જરૂર પડે ૨ના ૩ કે ૪ કલાક કરી નાખે.

લ્યો, દિલ્હીથી કલકત્તાની એરબસ આવી ગઈ એટલે હવે કલકત્તાથી મુંબઈને રસ્તે ઊપડશે અને આમ અમારી ફ્લાઈટ ૩ કલાકથી વધુ મોડી નહીં થાય. બૌદ્ધોની જાતકકથામાં આવે છે તેવી આ તો વાત છે. ફ્લાઈટ ૩ કલાક મોડી થઈ માટે દુ:ખી ન થવું, ચાર કલાક નહીં પણ ફક્ત ત્રણ જ કલાક મોડી થઈ એમ માનીને રાજી થવું. આમ રાજી થતો થતો સિક્યોરિટી ચેક (પોલીસતપાસ) માટે જાઉં છું.

એરપોર્ટ ઉપર એક પ્રોફેસર મિત્ર મળી ગયા. તમે અહીં ક્યાંથી ? તો કહે, મદ્રાસથી રાંચી જવું છે. કલકત્તા થઈને જવાય. રવિવારે રાત્રે (રાબેતા મુજબ ૩ કલાક લેઈટ) એરબસમાં કલકત્તા આવ્યા. સોમવારે બપોરે ૧-૦૦ વાગે રાંચીની ફ્લાઈટ હતી. એરોપ્લેનમાં કાંઈક ટેક્નિકલ ક્ષતિને કારણે ફ્લાઈટ ઊપડી નહીં. મંગળવારે સવારે ૬-૦૦ વાગે ઊપડશે તેમ કહ્યું, પણ તે વખતે પણ ન ઊપડી. હવે મંગળવારની બપોરના ૧-૦૦ વાગે ફ્લાઈટ ઊપડવાની. રવિવારે રાતના ૧૦-૩૦ વાગ્યાના એરપોર્ટ ઉપર આંટા મારતા તે મને મંગળવારે સવારે ૧૦-૩૦ વાગે મળી ગયા !

ધન્ય છે અમારી એરલાઇન્સને, પણ તેથી વધુ ધન્ય તો એ શિક્ષકને છે કે જે બે દિવસથી એરપોર્ટ ઉપર (અલબત્ત સરકારને ખર્ચે) પલાંઠી માંડીને રાહ જોતા રાંચી જવા માટે બેઠા છે ! મને લાગે છે કે કલકત્તાથી ચાલવા માંડ્યા હોત તો પણ કદાચ અત્યારે રાંચી પહોંચી ગયા હોત !!

ગાંધીશતાબ્દીનું ગણિત

તા. ૪-૧-૭૦.

ગયે અઠવાડિયે ભારતીય ગણિત પરિષદમાં દેવલાલીના માધ્યમિક શિક્ષક કાપ્રેકરે રજૂ કરેલી નવી વાત વિષે આજે લખવું છે.

આ વર્ષ ગાંધી શતાબ્દીનું વર્ષ. શતાબ્દી તા. ૨-૧૦-૧૯૬૯ને દિવસે હતી. આ તારીખના ચાર ભાગ ૨, ૧૦, ૧૯, ૬૯ અને તેનો સરવાળો

કરીએ તો ૨ + ૧૦ + ૧૯ + ૬૯ = ૧૦૦ ! શતાબ્દીની તારીખનો કેવો ગાણિતિક મહિમા ! પછી તો કાપ્રેકરની સંખ્યા-સૂઝ આગળ ચાલી. ૨, ૧૦, ૧૯, ૬૯ને પહેલી હારમાં મૂકી એક ૪ x ૪નું ચોકઠું બનાવીએ અને તે એવી રીતે કે જેમ પહેલી હારના આંકડા ૨, ૧૦, ૧૯, ૬૯નો સરવાળો ૧૦૦ થાય છે તેમ બીજી, ત્રીજી તથા ચોથી એમ દરેક હારના આંકડાનો સરવાળો ૧૦૦ થાય. વળી, દરેક સ્તંભમાં આંકડાનો સરવાળો પણ ૧૦૦ થાય અને તેના વિકર્ણો પર આવેલા આંકડાઓનો સરવાળો પણ ૧૦૦ થાય. આંકડાઓની આવી વ્યવસ્થાને જાદૂઈ ચોરસ કહે છે. કાપ્રેકરે આવું મહાત્મા ગાંધી જન્મ-શતાબ્દી જાદૂઈ ચોરસ રચ્યું છે જે નીચે પ્રમાણે છે :

૨	૧૦	૧૯	૬૯
૬૪	૨૪	૧૨	૦
૧૬	૧	૬૩	૨૦
૧૮	૬૫	૬	૧૧

આમાં કોઈ પણ આડી હારના આંકડાનો સરવાળો ૧૦૦ થશે. કોઈ પણ ઊભા સ્તંભના આંકડાનો સરવાળો ૧૦૦ થશે. મુખ્ય વિકર્ણ ઉપર આવેલા ૨, ૨૪, ૬૩, ૧૧નો સરવાળો ૧૦૦ થશે. અને ગૌણ વિકર્ણ પર આવેલા ૧૮,૧, ૧૨, ૬૯નો સરવાળો પણ ૧૦૦ થાય છે. ચાર હાર, ચાર સ્તંભ અને બે વિકર્ણો આવા ગુણધર્મો ધરાવે તે તો બધા જાદૂઈ ચોરસમાં બને છે. પણ આ તો ગાંધી શતાબ્દીનો ચોરસ. તેના આવા જ બીજા ૧૦ ગુણધર્મો છે. ચોરસને ચાર ખૂણે આવેલા ૨, ૬૯, ૧૧, ૧૮ સરવાળો ૧૦૦. વળી, આ મોટા ચોરસમાંથી બે હાર અને બે સ્તંભના બીજા પાંચ ચોરસ બની શકે.

જેમ કે ડાબા ખૂણાનો ચોરસ ૨ ૧૦ તેની નીચે ૧૬ ૧
૬૪ ૨૪ ૧૮ ૬૫
જમણી બાજુનો ચોરસ ૧૯ ૬૯ તેની નીચે ૬૩ ૨૦
૧૨ ૦ ૬ ૧૧ અને
બરાબર વચમાં આવેલ ૨૪ ૧૨
૧ ૬૩ આ પાંચે ચોરસોમાંના

દરેક ચોરસમાં આવેલા આંકડાનો સરવાળો ૧૦૦ ! વળી, પહેલી હાર અને છેલ્લી હારના વચલા બબ્બે આંકડા લઈએ તો ૧૦, ૧૯, ૬૫, ૬ મળે. તેનો સરવાળો પણ ૧૦૦ ! તે જ પ્રમાણે પહેલા અને છેલ્લા સ્તંભના વચલા બબ્બે આંકડા લઈ તેનો સરવાળો કરીએ તો પણ ૧૦૦ !

જેવી ગાંધીજીની બહુમુખી પ્રતિભા તેવો જ અનેકવિધ ગુણધર્મો ધરાવતો શતાબ્દી ચોરસ ! ઓલિયા કાપ્રેકરનો સંખ્યા ઉપરનો પ્રેમ અને તેની સાથે રમત રમવાની તેની કુશળતા હેરત પમાડે તેવી છે. □

અનુસંધાન] નાટ્યાનુભાવન [પૃ. ૧૫૪ પરથી

બર્ટોલ્ડ બ્રેખ્તના થીએટર 'બર્લિનર એન્સેમ્બલ'ના ઉદ્દેશો

- સમાજ પરિવર્તનશીલ છે એનું નિરૂપણ.
- માનવસ્વભાવની પરિવર્તનશીલતાનું નિરૂપણ.
- માનવસ્વભાવ એના વર્ગનાં લક્ષણો પર આધારિત છે.
- સામાજિક સંઘર્ષો તરીકે જ સંઘર્ષોનું નિરૂપણ.
- ખરેખરા વિરોધાભાસો સાથે પાત્રોનું આલેખન.
- પાત્રો, પરિસ્થિતિઓ અને પ્રસંગોનો વિકાસક્રમ સાતત્યહીન નિરૂપવો (એ કૂદકાઓ અને ટુકડાઓમાં નિરૂપવાં.)
- પૃથક્કરણની પદ્ધતિઓ/રીતો આનંદપ્રદ રીતે રજૂ કરવી.
- પ્રશિષ્ટ ગણાતી ઘટનાઓને દ્વન્દ્વાત્મક રીતે પ્રસ્તુત કરવી.
- વાસ્તવિકતા અને પદ્ય વચ્ચે એકતા સિદ્ધ કરવી.

બ્રેખ્તનો એલિયેનેશન સિદ્ધાંત

- તખ્તા કે પ્રેક્ષાગૃહમાં કશું 'જાદૂઈ' ન બને; એવા વશીકરણનો ત્યાગ.
- રિયાઝ વિના, સામાન્ય જીવનની જેમ, ભજવાતાં દૃશ્યો.
- પ્રેક્ષકો ભરમાઈ જાય એવા આભાસોનો ત્યાગ.
- પ્રેક્ષકો-નટો વચ્ચે ચોથી દીવાલ હોઈ શકે એવા 'આભાસ'નો બંને પક્ષે ત્યાગ.
- પ્રેક્ષકોની હાજરીથી નટો જાગૃત; તેથી તેઓ તેમને સીધા પણ 'સંબોધી' શકે.
- નટો પાસેથી 'તાદાત્મ્ય' નહીં, 'દૂરતા' અપેક્ષિત છે. તેઓ 'રજૂ' કરે છે.
- અનેક વખત 'રિયાઝ' કરી પાત્રો-પરિસ્થિતિ પ્રત્યે આવો અભિગમ કેળવવો.
- નટ હેમ્લેટ કે સરસ્વતીચંદ્ર ન જ 'બની' શકે, હેમ્લેટ એના શરીરમાં 'પ્રવેશી' ન શકે; નટ હેમ્લેટ 'બતાવી' શકે, 'પ્રદર્શિત' કરી શકે. અલબત્ત, એ વિશ્વસનીય હોવું જોઈએ.
- એવાં નાટકોમાં પરિસ્થિતિનો 'અહેવાલ' હોય, એના સંવાદો 'ઉદ્ધરણો' જેવા હોય, એનાં પાત્રો (ક્યારેક આખું નાટક જ) ક્રિયા' (ગેસ્ટસ) હોય.
- નટ પાત્ર તરીકે પણ, એ 'પાત્ર'ને ત્રીજી વ્યક્તિ તરીકે નિહાળતો હોય; એ 'દૂરી' પ્રેક્ષકોમાં વિચારશક્તિ કેળવે - 'દૃષ્ટિકોણ' વિકસાવે.
- આ બધાંથી પાત્ર અને પરિસ્થિતિનું 'ઇતિહાસીકરણ' થાય.

ટૂંકમાં, એલિયેનેશન એટલે 'ભાંગફોડ' નહીં; માત્ર પૃથક્કરણ ચીંધતો નટ-પ્રેક્ષકનો અભિગમ એમાં કેળવાય.

એટલે તો આ સિદ્ધાંત નાટ્યજગત માટે વીસમી સદીનો સૌથી વધુ પ્રભાવક સિદ્ધાંત ગણાયો છે. □

અશોક હર્ષ

સહ્યાદ્રિના શિખરે શિવાજીએ ગિરિદુર્ગો ઊભા કરેલા તેમાં તેમનો સૌથી પ્રિય દુર્ગ હતો પ્રતાપગઢ. બિજાપુરના સેનાપતિ અફઝલખાનના શિવાજીએ કરેલા વધના કારણે આ દુર્ગનું ઐતિહાસિક મહત્ત્વ રહેલું છે. શિવાજીની બુદ્ધિશક્તિ અને બહાદુરીની ખરેખરી કસોટી આ દુર્ગ પર જ થવા પામેલી એમ સહેજે કહી શકાય. જો કે ઈ. ૧૮૧૮ના છેલ્લા મરાઠા વિગ્રહમાં છેલ્લા પેશવા બાજીરાવ બીજાને હરાવ્યા બાદ વિજયથી છકેલા અંગ્રેજોએ પૂનામાંના શનવારવાડામાં આવેલા પેશવાના મહેલને ધ્વસ્ત કરવા ઉપરાંત તમામ ગિરિદુર્ગોનાં સિંહદ્વારો તોડી નાખેલાં છે.

અફઝલખાન શિવાજીને હાથે પરોવેલા વાઘનખથી કેમ મરાયો તે આપણે ઈતિહાસમાં ભણી ગયા છીએ. ગ્રાન્ટ ડફે શિવાજીને માટે ગમે તે લખ્યું હોય, પરંતુ તે પછીના તમામ દેશીપરદેશી ઈતિહાસકારોએ એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે અફઝલખાન હુમલાખોર હતો, અને શિવાજી જો અગમચેતી વાપરી પહેલેથી જ તૈયાર થઈને એને મળવા આવ્યા ન હોત તો અફઝલખાનના હાથે તેમનું મોત નિશ્ચિત હતું અને એમ બન્યું હોત તો આ દેશના ઈતિહાસે કદાચ જુદો જ વળાંક લીધો હોત.

અફઝલખાન જે રસ્તે થઈને પ્રતાપગઢ પર ચડ્યો હતો તે મહાડ જવાના રસ્તે ડાબે પડખે આવેલા 'વાડા' નામના ગામ પાસે થઈને જતો હતો, જે ઝાડીઝાંખરાંથી ભરપુર હતો, ચઢાણ પણ કપરું હતું. બંનેની ઐતિહાસિક મુલાકાત તા. ૧૦મી નવેમ્બર ૧૬ ૫૯ના રોજ પ્રતાપગઢના દુર્ગતોરણ બહાર પર્વતની અરણ્યઘેરી ટોચ પર થવા પામી તેના આગલા દિવસે શિવાજીએ તેમની આરાધ્યા દેવી ભવાનીને પગે લાગી તેમના આશીર્વાદ માગ્યા હતા. પ્રતાપગઢનાં બેવડાં દુર્ગતોરણ વટાવતાં ડાબા હાથે તેમનું એ નાનકડું મંદિર આવેલું છે.

ભવાનીમાતાના આશીર્વાદથી કે પછી કેવળ પોતાની કોઠાસૂઝથી શિવાજી પામી ગયેલા કે અફઝલખાન સંધિ કરવા નહીં પણ પોતાનો ઘાટ ઘડી નાખવા પોતાને મળવા માગે છે. એટલે જ તો મુલાકાત પહેલાં તેમણે પોશાક નીચે બખ્તર, પાઘડી નીચે લોખંડી ટોપ અને આંગળાંઓમાં વાઘ નખ પરોવી લીધેલાં. અફઝલખાન તેમને રહેંસી નાખવા ઊમળકાભેર ભેટી જેવો કટાર કાઢવા ગયો કે તે સાથે જ શિવાજીએ ચેતી જઈ વાઘનખ દ્વારા તેને ઉધેડી નાખ્યો.

આ રીતે અફઝલખાનનો અંત આણીને કિલ્લામાં પાછા ફર્યા બાદ શિવાજી ફરી માતા ભવાનીને પગે લાગવા ગયા, બાદ માતાજી જીજાબાઈની ચરણરજ માથે ચડાવી. ત્યાં તો હર્ષની કિકિયારીઓ પાડતો તેમનો પુત્ર શંભાજી આવી પહોંચ્યો. તેના જમણા હાથમાં લોહીનીતરતી તલવાર અને ડાબા હાથમાં એક કપાયેલું મસ્તક હતું. માતાજી જીજાબાઈ આ દૃશ્યથી ધ્રૂજી ઊઠતાં બોલ્યાં, 'અરે, આ શું, શંભા ? કોનું માથું છે આ ?'

'અફઝલખાનનું. એના માણસો શબદ લઈને ભાગતા હતા ઓ ત્યાં મેં તેનું ડોકું વાઢી નાખ્યું.'

શિવાજીએ અફઝલખાનના કપાયેલા મસ્તકને માનપૂર્વક દુર્ગના એક બુર્જ નીચે દફનાવ્યું અને એ બુર્જને 'અફઝલબુર્જ' નામ આપ્યું.

જો કે આથી ઊલટું બનવાનો પણ સંભવ હતો. શિવાજી જો અફઝલખાનના હાથે માર્યા ગયા હોત તો શિવાજીનું કપાયલું મસ્તક હાથમાં લઈને અફઝલખાનનો અંગરક્ષક સૈયદ બાંદા શંભાજીની જેમ જ આનંદથી નાચી ઊઠ્યો હોત.

¤

ભારત પર મુગલાઈનો કોઈ સુવર્ણકાળ ગણી શકાય તો તે સમ્રાટ શાહજહાંનો શાસનકાળ હતો. તાજમહાલથી માંડીને લાલ કિલ્લા સુધીની ભવ્ય ઈમારતોનું નિર્માણ એના જ શાસનકાળમાં થયું. 'ધ મુગલ એમ્પરર્સ'ના લેખક એડવર્ડ એમ. હાલડેને જણાવ્યા મુજબ, શાહજહાંએ મક્કા શરીફ પર ૧૮ રતલ વજનની એક મીણબત્તી મોકલેલી જે અંબરની બનેલી હતી અને તે આખી યે મીણબત્તી પર વિવિધ રત્નો જડેલાં હતાં, જેમાનું એક રત્ન ગોલકુંડાની ખાણમાંથી પ્રાપ્ત એક હીરો હતો. તે એકલા હીરાની કિંમત લગભગ ચાર લાખ રૂપિયા હતી. એ જ લેખકના જણાવ્યા પ્રમાણે, તહેવારના દિવસે તે લગભગ રૂપિયા ચાર કરોડ પોતાના રાજ્યાધિકારીઓમાં ભેટરૂપે વહેંચતો. આટલી અઢળક સંપત્તિનો સ્વામી શાહજહાં પછી તેના પોતાના રાજસિંહાસનના નિર્માણમાં શી મણા રાખે ?

પોતાનું રાજસિંહાસન અદ્વિતીય એવું કલા અને સૌન્દર્યથી સંપન્ન બને એટલા માટે રાજ્યારોહણના વરસે જ ફ્રાન્સના બોર્ડોના બે કારીગરો ઑસ્ટિન અને જેરોનિમો સાથે પરામર્શ સાધીને બેબદલખાં તથા રાજઝવેરીઓ તેનું નિર્માણકાર્ય સોંપ્યું. નિર્માણ માટે ૩૫ મણ સોનું અને ૭ મણ ઝવેરાત આપવામાં આવ્યાં, અને છ વરસના અંતે એ અદ્વિતીય સિંહાસન તૈયાર થયું.

નક્કર સોનાના ચાર પાયા પર આશ્રિત એ સિંહાસન ૬ ફુટ લાંબું, ૪ ફુટ પહોળું અને ૨ ફુટ ઊંચું હતું. એના પર ચડવા માટે ચાંદીની સીડીઓ હતી, અને ૧૨ થાંભલા પર ઊભી કરવામાં આવેલી છતમાંના દરેક થાંભલા પર બહુમૂલ્ય રત્નો જડેલાં હતાં. સિંહાસનનો સૌથી અધિક શાનદાર તો તેનો તકિયો હતો જે પાંખો ખોલીને ઊભેલા મોર જેવો હતો અને પૂરો તકિયો હીરા, માણેક, નીલમ આદિ રત્નોથી જડેલો હતો. આ મોરની પાછળ બે નાનાં નાનાં વૃક્ષો કંડારેલાં હતાં, અને એ વૃક્ષો પર

(અનુ. પૃ. ૧૬૪ ઉપર)

ફ્રાસ્કાતી, સ્ત્રેસા, બેર્ગામો

પ્રીતિ સેનગુપ્તા

ફરતાંફરતાં મુખ્ય શહેરોમાં આવીને ત્રણ કે ચાર દિવસ રહેવાનું તો હું ગોઠવી લેતી હતી, ને પછી પાસેનાં નાનાં, જોવાલાયક ગામો પણ જોવાય તેવો પ્રયત્ન કરતી હતી. નેપલ્સથી કેપ્રિ ગઈ, પાલેર્મોથી મોનરિઆલે જઈ આવી, ફ્લોરેન્સથી ફિએસોલેનો આંટો માર્યો, મિલાનથી સ્ત્રેસા ને બેર્ગામોનાં પર્યટન કર્યાં, ને રોમની પાસે આસિસિ ને ફ્રાસ્કાતી નામનાં બે પર્વતીય ગામો જોવા ગઈ. આસિસિ તો વિખ્યાત યાત્રાધામ છે, પણ ફ્રાસ્કાતી (Frascati)નો અનુભવ જુદો જ થયો !

બહુ મહેનત કરીને માંડ માંડ, મેટ્રો ને બસ લઈને, ફ્રાસ્કાતી પહોંચી. પાછાં રોમ આવતાં અંધારા ને ઠંડીમાં બસ માટે એક કલાક ઊભી રહી. બસ આવ ત્યારે લાઈન-બાઈન તૂટી ગઈ, ને બધાંએ ચડવા માટે ભીડ કરી. પાછળથી આવેલાં પહેલાં ચડી ગયાં. મને વળી બેસવાની જગ્યા મળી ગઈ એમ કહોને ! રોમની નજીકની ટેકરી પરનું આ ગામ એના ઢોળાવો પરથી થતાં રોમનાં દર્શન માટે વખણાય છે. એ તરફના ઢોળાવો પર ટહેલવા માટેનો એક રસ્તો અને કાફે માટેની મોટી અગાશી બનાવાયાં છે. હું ગઈ ત્યારે દૂષિત હવાનું એવું ધુમ્મસ હતું કે રોમ દેખાયું નહીં. રસ્તાની બીજી બાજુ પરની એક લીલી ટેકરીને અડકીને મહેલ જેવું મોટું એક મકાન હતું. કોઈ શ્રીમંત કુટુંબનો એ આવાસ હશે. લાગતો હતો સુંદર પણ બંધ હતો ને દીવાબત્તી વગરનો હતો. તેથી અંધારું થતાં એ અદૃશ્ય થઈ ગયો.

આસપાસના વિસ્તારના ઢોળાવો પર દ્રાક્ષના માંડવા છે, અને આ પ્રદેશ મદિરાના ઉત્પાદન માટે જાણીતો છે. તેથી ફ્રાસ્કાતી ગામમાં દારૂની ઘણી દુકાનો હતી. વળી, કોઈ પ્રકારનાં ગળ્યાં બિસ્કિટ માટે પણ આ ગામ વખણાતું લાગ્યું. એક નાનકડી માર્કેટમાં ફૂલો અને આમિષ વેચતા ઘણા સ્ટૉલ હતા, ને જુદી જુદી જાતનાં ઑલિવ મળતાં હતાં. વેચનારાં લોકો હસમુખાં ને સરળ હતાં. એ બધાં તો બીજાં સાવ નાનાં ગામડાંમાંથી માલ વેચવા આવ્યાં હશે. પાછલી ગલીના એક મકાનના ઓરડામાં સ્થાનિક કળાકારનાં કરેલાં ચિત્રોનું પ્રદર્શન હતું. ક્યાંક સૂચના જોઈને હું શોધતી ગયેલી. કેટલાંક ગ્રામ-દૃશ્યો સારાં હતાં.

નજીકમાં એક દેવળ હતું. બહારથી સાદું દેખાતું હતું, પણ અંદર જતાં એનું સ્વરૂપ સાવ જુદું જ થઈ જતું લાગ્યું. ગામનાં લોકોથી એ ભરાયેલું હતું. આબાલવૃદ્ધ પ્રજા ભેગી થઈ હતી. કોઈ ખાસ પ્રાર્થના થતી હશે એમ મેં માન્યું. એક યુવાન પાદરી એના મધુર, સુસ્પષ્ટ અવાજમાં પ્રાર્થના ગાતા હતા. ભજન-મંડળ ધીમા અવાજે એ ઝીલતું હતું. થોડા ખ્રિસ્તી સંતોનાં નામ સિવાય કશું સમજાતું નહોતું, પણ સાંભળવું લાગતું હતું બહુ સુંદર અને ઉલ્લાસભર.

થોડી વાર પછી બહાર નીકળી તો ગામનું વાતાવરણ જ બદલાઈ ગયેલું. ભીડભીડ થઈ ગયેલી. સરસ કપડાં પહેરેલાં જુવાનિયાં ઉતાવળે નગર-ચોક તરફ જઈ રહ્યાં હતાં. અસંખ્ય મોટરો પહેલેથી જ ઊભી રહેલી હતી, ને બીજી ઢોળાવો પરના રસ્તા ચડીને આવતી જ જતી હતી. શું હશે, કાંઈ ખબર ના પડી. મેં પૂછવા પ્રયત્ન કર્યો ખરો. કે પછી દર શનિવારની રાતનો ઉત્સવ ઉજવવા માટે રોમની યુવાન પ્રજા પર્વતીય ફ્રાસ્કાતીમાં ભાગી આવતી હતી ?

મિલાનોથી આ જ રીતે બે પર્યટન કરેલાં. આ મહાનગર જે પ્રદેશમાં આવેલું છે તેનું નામ છે લોમ્બાર્ડી. આ રાજ્યમાં ઉત્તરે આલ્પ્સ ગિરિમાળા અને ઘણાં મોટાં સરોવરો છે. તે પછી સ્વિત્ઝરલૅન્ડનો ભાગ શરૂ થઈ જાય. રાજ્યની દક્ષિણે ભરપૂર પાણીવાળી નદી 'પો' વહે છે. આ સિવાય પણ ઘણી નદીઓ પ્રદેશને આકર્ષક બનાવે છે. ઉત્તરમાંના 'લાગો માજ્યોરે' નામના વિશાળ તળાવને કિનારે સ્ત્રેસા નામનું ગામ વસેલું છે, જે ઉનાળામાં સહેલાણીઓથી ઊભરાતું રહે છે. હું ગઈ ત્યારે સ્ત્રેસા ખાલી ને બંધ જેવું હતું. ઋતુ પૂરી થઈ ગઈ હતી. સૂરજ હતો ખરો, પણ ધુમ્મસિયા વાતાવરણમાં કેદ હતો. સદ્‌ભાગ્યે દિવસે હજી ઠંડી નહોતી પડતી.

જળાશયને કિનારે સળંગ મોટી મોટી હોટલો બની ગઈ છે. દરેકનો પોતપોતાનો કાંઠો છે. વળી, એ 'કોર્સો ઉમ્બેર્તો' નામના રસ્તા પર ટ્રકોની ખૂબ અવરજવર હતી. ચાલવાની મઝા આવે તેમ ન હતું. છેવટે હું 'લિડો' કહેવાતા કિનારે પહોંચી. ત્યાં સુંવાળી રેતી નહીં, પણ કાંકરા હતા. કઈ રીતે લોકો એ જગ્યા માણતા હશે ? સરોવર તો એટલું મોટું કે સામો કિનારો દેખાય નહીં, પણ એમાં ત્રણ-ચાર ટાપુઓ દેખાતા હતા. લિડો કિનારેથી એક ટાપુ પર જવા માટે મોટરબોટો ઊભેલી હતી. જાઉં, કે ના જાઉં - એમ થોડી વાર વિચાર કરી પછી મેં ટિકિટ લીધી.

એ નાનકડા ટાપુનું નામ 'ઇસોલા બેલ્લા', એટલે કે અક્ષરશઃ 'સુંદર દ્વીપ'. પ્રવાસીઓના પૈસા પર જ નભે છે આ ટાપુ. આહારસ્થાનો ને દુકાનો સિવાય ત્યાં ભાગ્યે જ કશું છે. એની વચ્ચેની ટેકરી પર એક મહેલ જેવી ઇમારત અને ઉદ્યાન છે. પણ એ છેક દોઢ વાગ્યે ખૂલવાનાં હતાં, ને બે વાગ્યે તો મારે પાછાં ફરવા માંડવું પડે તેમ હતું તેથી મોંઘી ટિકિટ મેં લીધી નહીં. ઉપર-નીચે ગલીઓમાં, પગથિયાં પર ચાલ્યા કર્યું. નાનકડું શાંત એક દેવળ હતું, એમાં ગઈ. ટાપુના મુખ્ય ભાગમાં ચણેલી એક અગાશી હતી, ને પછી કાંકરિયો કિનારો. ત્યાં આઠેક સરુનાં ઝાડ હતાં. એમની પાતળી સળીઓ ખરતી જતી હતી. હું એકલવાયી હતી. આછા ધુમ્મસ જેવી ઉદાસી મન પર હશે ખરી, કારણ કે એક નાનું કાવ્ય સૂઝ્યું હતું.

આખું સ્ત્રેસા ગામ ફક્ત સૂર્યપ્રેમી પ્રવાસીઓ માટે જ વસાવવામાં આવ્યું છે, અને ઇટાલીને લાક્ષણિક એવું ઐતિહાસિક, કળાત્મક, અગત્યવાળું કશું જ શિલ્પ કે સ્થાપત્ય ત્યાં નથી. એવી કીર્તિને પામનાર છે પર્વતીય નગર બેર્ગામો. આ નામનો ઉચ્ચાર મારે શીખવો પડ્યો. બોલવામાં ભાર

(અનુસંધાન પાન ૧૬૨ ઉપર)

લઘુકથા

રમતિયાળ બચ્ચું

બનફૂલ : અનુ. કલ્પના વોરા

બિલાડીના બચ્ચાનું નામ હતું ખેલા.

ત્યારે એ ખૂબ નાનું હતું. એ પોતાનું પૂંછડું પોતાના શરીર પર ફેરવતું તેથી ગૃહિણીએ એનું નામ પાડ્યું ખેલા. બચ્ચું મોટું થઈ ગયુ હતું. એનામાં કેટલી ચપળતા હતી એ જેમણે એને બાળપણમાં જોયું ન હોય તેઓ કલ્પના પણ કરી ન શકે. અત્યારે ખેલા ખૂબ ગંભીર દેખાતું. એને મોટી ગરદન હતી; એ ક્યારેક જ આંખ ખોલતું. આંખો બંધ કરીને, પંજો લાંબો કરીને બેસતું - જાણે શૂન્યમનસ્ક તપસ્વી જ જોઈ લો !

પરંતુ એ ભયંકર ચોર હતું.

કોઈએ ક્યાં દૂધનું ઢાંકણું ખુલ્લું રાખ્યું છે, બજારમાંથી લાવેલી સૂકવવા મૂકેલી દાળ લઈ લીધી છે કે નહીં, બાળકબુદ્ધિ વહુ ક્યારે બેધ્યાન થઈ બેઠી છે - એ બધું એની આંગળીના ટેરવે હતું. તેથી એ ક્યારેય ચોરી કરતા પકડાયું નહોતું. જ્યારે જુઓ ત્યારે તુલસી પાસે અથવા તો ગૃહિણીના પૂજાના રૂમમાં ખૂણા પાસે આંખો બંધ કરીને ગંભીર થઈને બેસતું. જો એને કનડીએ તો તે ધીમેધીમે નિર્જન સ્થળે જઈ બેસતું. ઘરમાં કોનું કેવું ચારિત્ર્ય છે એનાથી એ અજાણ નહોતું.

જ્યારે નાનાં છોકરાં જમવા બેસતાં ત્યારે ખેલાનું બીજું રૂપ જોવા મળતું, ત્યારે એ ચોર નહીં પણ લૂંટારો બનતું. પાનમાંથી સીધું માછલું લઈને સામે બેસીને ખાતું. મારીએ તો પણ ખસતું નહીં. માત્ર મોં અને આંખો ચડાવીને, બોચી સહેજ પાછળની તરફ સરકાવીને આંખો બંધ કરી રાખતું. શરીર ખસેડતું નહીં. માર બંધ થતાં ફરીથી ખાવા લાગતું. નાનાં છોકરાંઓ એને કેટલું જોરથી મારતા ! બૂમાબૂમ સાંભળીને ગૃહિણી આવી ખેલાને એક થપ્પડ મારી કહેતી, 'હૈયાફૂટા ! પાનમાંથી માછલી લઈ ગયું લાગે છે. રડ નહીં, બીજી લાવી આપું છું.' જે બાળકને નુકસાન થયું હતું એને બીજી એક માછલી લાવી આપી શાંત કર્યું અને એનું ખાવાનું પૂરું ન થયું ત્યાં સુધી સામે બેસી રહી. ખેલા છુપાવેલું માછલું શાંતિથી ખાઈ પેટે ચાલીને સહેજ દૂર જઈ આંખો બંધ કરીને બેસતું. જાણે ઘવાયેલા આત્મસન્માનની પ્રત્યક્ષ છબી જોઈ લો ! એ જાણતું હતું કે ગૃહિણી હશે તો સગવડ નહીં રહે. વળી, એને નાખુશ કરીને પણ કંઈ ફાયદો નહોતો. એની કૃપાથી જ ખેલાની બધી ભૂલો માફ થતી.

ગૃહિણી એની તરફ સ્નેહથી જોઈ બોલતી, 'ખાઈખાઈને હૈયાફૂટાનું શરીર જુઓને !' ખેલા બંધ આંખો પટપટાવતું. ગૃહિણી ખેલાને ઉદ્દેશી બોલતી, 'ઊંઘણશી ક્યાં છે ?'

ખેલા જવાબ આપતું : મ્યાઉં મ્યાઉં -

એ ખૂબ ધીમેધીમે, એટલું ધીમેથી આવતું કે સંભળાતું પણ નહીં; માત્ર અંદાજ કરવો પડતો.

ઘરમાં ઘણા ઉંદર હતા. પરંતુ ખેલાનું એ તરફ ધ્યાન નહોતું. રહે પણ શું કામ ! ઘરમાં પૌષ્ટિક ખોરાક સહેલાઈથી મળી શકતો. વચ્ચેવચ્ચે એ દર પાસે બેસી રહેતું દેખાતું ખરું. પરંતુ એ ચોક્સાઈથી નહીં પણ બેધ્યાન થઈએ બેસતું. જાણે કે શોખીન જમીનદાર શોખથી માછલું પકડવા જતો હોય એવું લાગતું. ઘરનો મોટો દીકરો નૃપેન થોડા દિવસ પહેલા ડૉક્ટર બન્યો હતો. એ ધારતો હતો કે ખેલાના યૂરિનમાં શુગર હશે તેથી એને તપાસવી પડશે.

ઘરની વહુ - નૃપેનની પત્ની - ખેલાના અત્યાચારથી સૌથી વધારે આફતમાં મુકાઈ ગઈ હતી. એની ઉંમર નાની હતી, સમજશક્તિ ઓછી હતી. ઘણીવાર દૂધ ઢાંકવાનું યાદ ન રહેતું, રસોડમાં સાંકળ મારવાનું ભુલાઈ જતું. માછલાંનું ઓસામણ ટાણાસર શિકામાં રાખવાનું ભુલાઈ જવાતું. સાસુસસરાનો ઠપકો સાંભળતા સાંભળતા બિચારી થાકી જતી. છતાં ખેલાને કંઈ કહી ન શક્તી, કારણ કે એ ગૃહિણીની પ્રિય બિલાડી હતી. એ માનતી કે ગૃહસ્થ સાવધાન રહે એવી ઇચ્છાથી જ ભગવાને કાગડો, બિલાડી વગેરે સર્જ્યાં છે. તેઓ ગૃહસ્થ માટે ઉપકારક છે. છતાં વહુએ એક દિવસ ગુસ્સે થઈને ખેલાને નિશાન બનાવી લાંબું અને પાતળું લાકડું ફેંક્યું. લાકડું ખેલાને અડક્યું પણ નહીં ને કુંજો ભાંગીને ચૂરેચૂરા થઈ ગયો એ વધારામાં.

બધાય કરતા વધારે દુઃખદાયક દિવસ એકાદશીનો થતો. એ દિવસે સસરા રોટલી ખાતા અને રાતે ફરાળ કરતા. સાસુ કેરી સુધારીને વાટ જોતા હતા.

એમણે બૂમ મારી કહ્યું, 'વહુ, ખીર આપી જાવ.'

ખીર લેવા જતા વહુની આંખ કપાળે ચડી ગઈ. કોઈએ જાણે વાટકી ધોઈ લૂછીને રાખી હતી.

રાતે નૃપેનની આંખો પણ કપાળે ચડી ગઈ. વહુએ માછલાંની પેટી ખરીદી લાવવા કહ્યું, પણ લાવવી ક્યાંથી ? એમાં દસબાર રૂપિયાની ઊઠી જાય એમ હતું અને તેથી વધારે પણ હોય. એ સિવાય -

નૃપેનની પત્નીએ કહ્યું, 'ગમે તે થાય તું માછલાંની પેટી ખરીદી લાવ. ખેલા મને ગાંડી કરી મૂકશે. બધાનો ઠપકો સાંભળીને હું ગાંડી થઈ જઈશ-' વહુનો લાડકોડભર્યો કંઠસ્વર અને ઉદાસ મોઢું જોઈને નૃપેન નિરાશ થતો. પહેલા તો હાથમાં પૈસા નહોતા છતાં એણે પ્રેક્ટિસ શરૂ કરી. બીજું, એ ઉધાર લઈને માછલાંની પેટી ખરીદે તો બાપુજી શું કહેશે ? પૈસાના અભાવે કટેલાંય મહત્ત્વનાં કામ રહી ગયાં હતાં અને અચાનક એક માછલાંની પેટી - ?

નૃપેન માથું ખંજવાળવા લાગ્યો.

પરંતુ બીજે દિવસે કુલીઓ એક પ્રચંડ માછલાંની પેટી લઈ આવ્યાં. કુલીનાં હાથમાં બાપુજીને નામે નૃપેને લખેલી એક ચિઠ્ઠી પણ હતી. નૃપેને દવાખાનેથી લખ્યું હતું : (અનુસંધાન પાન ૧૬૨ ઉપર)

સૉફ્ટવેર

પ્રહ્‌લાદ છ. પટેલ

સૉફ્ટવેર એટલે કાર્યક્રમ અથવા સૂચનાઓનો સમૂહ. કોઈ પણ કોયડાના ઉકેલ માટે તર્કસંગત સૂચનાઓથી શ્રેણીબદ્ધ યાદી તૈયાર કરવામાં આવે છે. સૂચનાઓનો આ સમૂહ કમ્પ્યૂટરે ક્યારે શું કરવું તેની જાણ કરે છે. સૂચનાઓની યાદીમાં ઊણપ કે ક્રમની આડીઅવળી ગોઠવણી અણધારી આફત નોતરે છે. ૧૯૮૪ના એપ્રિલમાં નાસાની નિશ્રા હેઠળ ફ્લોરિડાની કેપ કેનેવરલની ધરતી ઉપર અવકાશયાન શટલ 'કોલંબિયા' અને મિશન કંટ્રોલના કમ્પ્યૂટરના સૉફ્ટવેર વચ્ચે ૪૦ મિલિસેકન્ડનો તફાવત રહી ગયો હતો. પરિણામે માત્ર બે દિવસમાં જ આ શટલમાં ધડાકો થયો હતો. આ યાન (શટલ)માં તેના નિયંત્રણ માટે જુદી જુદી આશરે ૫ લાખ સૂચનાઓનો સૉફ્ટવેર હતો. સૉફ્ટવેર ખુદ એક અજાયબી છે, જે મોટા મોટા પિરામિડો બાંધવા જેટલું પરાક્રમ કરે છે. પિરામિડમાં પથ્થરનાં પગથિયાં હોય છે. જ્યારે સૉફ્ટવેરમાં તર્કના તબક્કા હોય છે, જે ચેતનારૂપે કાર્યવાહી કરાવે છે. સૉફ્ટવેર વિનાનું કમ્પ્યૂટર જટિલ વીજપરિપથોની નિરૂપયોગી જાળ જેવું છે. જો કમ્પ્યૂટરને સિતાર કે કોઈ વાદ્ય-સાધન ગણીએ તો તેમાંથી પ્રભવતું સંગીત એ સૉફ્ટવેર ગણાય.

ટેપરેકોર્ડરમાં વપરાય છે તેવી ટેપ ઉપર સૂચનાઓને ચુંબકીય સંકેત (સિગ્નલ) સ્વરૂપે સંચિત કરવામાં આવે છે. કમ્પ્યૂટરનો ખાસ ભાગ આ સંકેતોનું વાચન કરે છે. આવા સંકેતો આંતરિક મેમરી (સંગ્રહ)માં સંચિત કરવામાં આવે છે. સૂચના અથવા સૉફ્ટવેરમાં ફેરફાર કરવાથી કમ્પ્યૂટરની અંદર કામગીરી બદલાય છે.

સૉફ્ટવેરનું રહસ્યમય કાર્ય આ રીતે સમજી શકાય છે. ધારો કે એક પેટી છે, જેની ડાબી બાજુએ જુદા જુદા રંગનાં અસ્તવ્યસ્ત ટપકાં છે. પેટીમાં અદૃશ્ય રીતે સૉફ્ટવેરની સૂચનાઓની કાર્યવાહી થાય છે. પરિણામે પેટીની જમણી બાજુએ રંગોના પટ્ટા (વર્ણપટ) મળે છે.

અહીં સૉફ્ટવેરની પ્રથમ સૂચના મુજબ વાદળી રંગના ટપકાં ટોચે સળંગ ગોઠવાય છે. તે પછી લીલો, પીળો વગેરે. પીળાં રંગને ટોચે રાખવો હોય તો સૉફ્ટવેરની સૂચના-યાદીમાં તે મુજબ ફેરફાર કરવો પડે છે.

બેબેજના યંત્રની સફળતા ઑગસ્ટા બાયરન (કવિ લૉર્ડ બાયરનની પુત્રી)ના ફાળે જાય છે. વૈશ્લેષિક યંત્રમાં ઑગસ્ટાએ ઘણી સૂચનાઓનો ઉમેરો કરીને તેની ક્ષમતા વધારી ૧૯૫૦ના ગાળામાં તૈયાર કરેલાં કમ્પ્યૂટરોની કાર્યવાહીને આજે આંગળીના વેઢા જેવડા સિલિકસ ચિપ ઉપર આવરી લેવામાં આવે છે. લઘુરૂપણ (Miniaturization)નું આ પરાક્રમ માત્ર વિસ્મયકારક નથી, ઉપકાર પણ છે; જેને કારણે કમ્પ્યૂટર આજે ટેબલ ઉપર આવ્યાં છે. કમ્પ્યૂટરની દક્ષતાનું રહસ્ય સૉફ્ટવેર અથવા સૂચનાઓનો કાર્યક્રમ છે. આથી કેટલીક વખતે સૉફ્ટવેરને અદૃશ્ય અધ્યાપક તરીકે ઓળખવામાં આવે છે. વાહકો, સ્વિચો અને ડાયલોનું સ્થાન સૉફ્ટવેરમાં ટેપ અને ડિસ્કે લીધું છે. આવા સૉફ્ટવેરથી જ સમગ્ર કમ્પ્યૂટર કાર્યાન્વિત અને ચેતનવંતુ બને છે. આવડાં મોટાં પરિવર્તનો થવા છતાં જૂનાં અને નવાં કમ્પ્યૂટરોની મૂળભૂત કાર્ય પદ્ધતિમાં ઝાઝો તફાવત પડ્યો નથી. સામાન્યતઃ દરેક કમ્પ્યૂટરમાં નિશ્ચિત કાર્યને તાર્કિક ક્રિયાઓની શ્રેણીમાં વિભાજિત કરવામાં આવે છે. ત્યારબાદ સૂચના મુજબ એક પછી બીજી એમ ક્રિયાઓ થાય છે.

વર્ષોથી કમ્પ્યૂટર સૉફ્ટવેરમાં મુખ્ય સૂચનાઓના કાર્યક્રમનો વિકાસ થયો છે. પણ હવે તો ઘણાંખરાં કમ્પ્યૂટર કેન્દ્રો ઉપર કાર્યક્રમોનું સંયોજન કરવામાં આવે છે, જેને ક્રિયાકારી તંત્ર (Operating System) કહે છે. આવાં ક્રિયાકારી તંત્ર કમ્પ્યૂટરની ફરજોની એકસૂત્રતા સાધે છે. આપેલી માહિતી અને સૂચનાઓનું કેવી રીતે અર્થઘટન કરવું તે બાબતે કમ્પ્યૂટરને આવા તંત્ર જાણ કરે છે. હાર્ડવેર ઉપર કામની વહેંચણી કરે છે, પ્રિન્ટર કે દૃશ્યપડદા ઉપર અંકુશ ધરાવે છે તથા માણસ અને કમ્પ્યૂટર વચ્ચે આંતરક્રિયા (વાત-વ્યવહાર)ની તક પૂરી પાડે છે. આથી ક્રિયાકારી તંત્રને કમ્પ્યૂટરની રંગભૂમિનો પ્રબંધક ગણવામાં આવે તો પ્રયોજાતા કાર્યક્રમો અભિનેતા જેવા ગણાય.

સૉફ્ટવેરમાં અનુવાદક અને ઉપયોગિતા જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. માણસ સમજી શકે તેવી ઉચ્ચ સ્તરીય ભાષાનું અનુવાદક યંત્રની ભાષામાં રૂપાંતર કરે છે. યંત્રની ભાષા એટલે એક (૧) અને શૂન્ય (૦) ને અનુરૂપ વીજસ્પંદનો (સંકેતો)ની હાજરી કે ગેરહાજરી. ઉપયોગિતામાં માહિતીને છૂટી પાડવામાં આવે છે, અથવા માહિતીઓની ફાઈલને એક કરવાનું કામ થતું હોય છે.

કમ્પ્યૂટર માટે પ્રોગ્રામ (કાર્યક્રમ) લખવો એ કઠોર કામ છે, કારણ કે સંપૂર્ણતા અને ચોકસાઈવાળી સૂચનાઓ કમ્પ્યૂટર માટે અનિવાર્ય છે. કમ્પ્યૂટર તો ચિઠ્ઠીનો ચાકર છે. તેને જેવો હુકમ કરવામાં આવે તે પ્રમાણે તે કાર્ય કરે છે. હુકમોમાં ક્યાંયે જરાય દ્વિધા કે અસ્પષ્ટતાને અવકાશ હોતો નથી. આ હકીકત બધા જ સૉફ્ટવેર માટે સાચી છે, અને તે ટેબલ-કમ્પ્યૂટરથી સુપર કમ્પ્યૂટર સુધી બધાંને લાગુ પડે છે.

દ્વિઅંકી પદ્ધતિ (Binary System)ના ઉપયોગથી સૉફ્ટવેર તૈયાર કરવો તે વિકટ કામ છે. આથી દ્વિઅંકી પદ્ધતિને બદલે વ્યાકરણ અને પદવિન્યાસ (Syntax) ઉપર રચિત ઉચ્ચ-સ્તરીય ભાષાના આધારે સૉફ્ટવેર તૈયાર કરવામાં આવે છે. એક જ ભાષા બધે કામ લાગતી નથી. વિજ્ઞાનના વિનિયોગો માટે જે ભાષા (ફોર્ટ્રાન) જરૂરી છે તે વ્યાવસાયિક કે ધંધાકીય કામગીરી માટે નિરર્થક બને છે. એટલે ઉચ્ચ-સ્તરીય ભાષાની યોગ્ય પસંદગી એ સૉફ્ટવેરનું પ્રથમ પગથિયું છે. ત્યારબાદ કાર્યનું



થોડા વખત પર ૩૪૦૦ વર્ષ પહેલાંનું ઈજિપ્તમાં એક મમી મળી આવેલું તેના ઢંકાએલા મસ્તક (ચિત્ર ૧) પરથી કમ્પ્યૂટર દ્વારા તે મસ્તકનું સ્ટ્રકચરલ મૉડેલ બનાવી તેના આધારે અસલમાં એ મમીનો ચહેરો કેવો હશે તેની જાણકારી મેળવાઈ. નીચે એ ચહેરો દર્શાવ્યો છે.

આયોજન યોજક કરે છે, અને યોજક જ કમ્પ્યૂટર પાસે કલમવિધિ (Algorith) કરાવે છે. કલમવિધિમાં ક્યાંયે કોઈ પણ પ્રકારની ક્ષતિ હશે તો કાર્યક્રમ અસ્પષ્ટતાને કારણે આગળ વધશે જ નહીં. નીચેનું ઉદાહરણ આ બાબતે વધુ પ્રકાશ પાડે છે : 'This car. is hot.'


જુદા જુદા સંજોગોમાં આ કથનના જુદા જુદા અર્થ થાય છે. ઓટોમોબાઈલ્સનો વેપારી આ વાક્ય બોલે ત્યારે તેનો અર્થ એ થાય છે કે આ ગાડી આજકાલ ખૂબ લોકપ્રિય છે; આ જ વાક્ય પોલીસ અધિકારી બોલતો હોય તો તેનો અર્થ એ થાય છે કે આ ગાડી ચોરીનો માલ છે. અને ગાડીનો ચાલક આ વાક્ય બોલતો હોય તો તેનો અર્થ એ થાય છે કે વધારે દોડવાથી આ ગાડી દાઝી જવાય તેટલી ગરમ થઈ ગઈ છે. આ પરિસ્થિતિમાં માણસનું દિમાગ સંજોગોને અનુલક્ષી યોગ્ય અને સાચો અર્થ કરે છે. પણ કમ્પ્યૂટર તો જડ રચના છે તેથી તેને તો ગણિતીય રીતે ચુસ્ત કાર્યક્રમ જોઈએ. દરેક સંજ્ઞા કે સંજ્ઞા-સમૂહોને કોઈ પણ સંજોગોમાં એક જ અર્થ હોય છે. તળપદી ભાષા, અર્થછાયા કે કટાક્ષને કમ્પ્યૂટર કે સોફ્ટવેરમાં સ્થાન હોતું નથી. આ દૃષ્ટાંત અચોકસાઈને કારણે સંભવિત જોખમ દર્શાવે છે. આથી ચોકસાઈના સંદર્ભમાં જેવું કામ તેવી ભાષાનો ઉપયોગ થાય છે. થોડીક ભાષાઓનો ખ્યાલ નીચે આપવામાં આવ્યો છે :

(૧) લીસ્પ (LISt Processing) નો ઉપયોગ કૃત્રિમ બુદ્ધિને લગતા સંશોધન માટે થાય છે, જેમાં કમ્પ્યૂટરને માનવ-વિચારોનું અનુકરણ કરવાનું સૂચવવામાં આવે છે. જ્યારે સંખ્યાઓને બદલે સંજ્ઞાઓ સાથે કામ લેવાનું હોય ત્યારે આ ભાષા વધુ અનુકૂળ રહે છે.

(૨) બેઝિક (Beginners All-Purpose Symbolic Instruction Code) ભાષા બાળકો અને કમ્પ્યૂટરના ક્ષેત્રે નવા નિશાળિયાઓને વધુ માફક આવે તેમ છે. આ ભાષા વડે ટૂંકા અને સરળ કાર્યક્રમો તૈયાર કરવામાં આવે છે. લાંબા લાંબા કાર્યક્રમો માટે આ ભાષા બરાબર નથી.

(૩) ફોર્થ (Forth) એ વાસ્તવમાં Fourth છે, જે ચોથી પેઢીના કમ્પ્યૂટર માટેની ભાષા છે. અંકુશ વિનિયોગો (Control Applications) માટે આ ભાષા ખાસ વપરાય છે. એરિઝોના વેધશાળામાં રેડિયો-ટેલિસ્કોપના અંકુશન-સૉફ્ટવેર માટે ચાર્લ્સ મૂરેએ તેનો ઉપયોગ કર્યો હતો.

(૪) ફોર્ટ્રાન (FORmula TRANslation) ભાષા ગણિતીય, સંશોધન અને વિજ્ઞાનના કોયડાના ઉકેલ માટે વપરાય છે.



(૫) કોબોલ (COmmon Business Oriented Language)નો ધંધાકીય ક્ષેત્રે ઉપયોગ થાય છે.

જુદા જુદા હેતુઓને અનુરૂપ ઘણી બીજી ભાષાઓ આજે ઉપયોગમાં છે. વિજ્ઞાન અને ટેકનોલોજિના ઝડપી વિકાસને કારણે આજનું કમ્પ્યૂટર અને આજની ભાષા આવતીકાલે જૂનાં (Out of date) થઈ જાય છે. એટલે તેમનું આયુષ્ય અલ્પ હોય છે.

૧૯૭૦-૮૦ના દાયકામાં નવાં નવાં સૉફ્ટવેરનું ઘોડાપૂર આવ્યું. જેમ કે ડીએનએ. (Deoxyribo Nuclic Acid) જેવા સૂક્ષ્મ જટિલ જીવાણુ અને શનિના ગ્રહ પાસે થઈને પસાર થતાં વોયેજર અવકાશયાનને કમ્પ્યૂટરના પડદા ઉપર ચિત્રિત કરે તેવા સૉફ્ટવેર તૈયાર થયા. સૉફ્ટવેરમાં સામાન્યતઃ સૂચનાઓ અને હુકમો તો હોય જ છે, પણ જેને માટે સૉફ્ટવેર તૈયાર કરવામાં આવે છે તે તંત્રમાં થનારી ભાવિ ક્ષતિઓ કે રૂકાવટાનો માર્ગ કરી આપે તેવી સૂચનાત્મક સામગ્રીને સૉફ્ટવેરમાં આમેજ કરવામાં આવે છે. આથી આધુનિક ધમાલિયા અને બિનસલામત જીવનમાં કેટલાંક જટિલ સૉફ્ટવેર વડે પરિસ્થિતિને થાળે પાડવામાં આવે છે. કાળજીપૂર્વક તૈયાર કરેલ સૉફ્ટવેર હવાઈ સફર કરનારાઓને વિમાની અકસ્માતમાંથી ઉગારી શકે છે. અબજો થી પરાર્ધ્યો ડૉલરોના હિસાબો અને હેરાફેરી ઉપર સૉફ્ટવેર વડે દેખરેખ રખાય છે. રોજબરોજના જીવનમાં હવામાનને કારણે મકાનની ગરમી અને પ્રકાશનું નિયમન સૉફ્ટવેર વડે થાય છે. સરળમાં સરળથી માંડી આવાં જટિલ અનેક કામો સૉફ્ટવેરથી પાર પાડવામાં આવે છે.

શક્તિશાળી આલેખન (High-Techgraphics) સૉફ્ટવેર સૌંદર્યસભર તથા તાજગીભર્યાં ચિત્રો તૈયાર કરે છે. આથી તેને આધારે અણુથી ગ્રહો અને તેમનાં વિશાળ ચુંબકીય ક્ષેત્રો તેમજ ઝૂલતા પુલોથી સુપરસોનિક વિમાનોનાં પ્રતિરૂપ (Model) તૈયાર થાય છે. બ્લેક હોલ આસપાસ ચક્રાવા લેતા વાયુનાં વાદળ તથા સમુદ્રની અંદર પાણીના પ્રવાહોનાં ચિત્રો પ્રયોગશાળામાં સૉફ્ટવેરથી કમ્પ્યૂટર તૈયાર કરે છે. પ્લાસ્ટિક સર્જરી માટે પણ સૉફ્ટવેર તૈયાર કરી શકાય છે. અહીંયાં દર્શાવ્યા પ્રમાણે ૩૪૦૦ વર્ષ પહેલાંના મમીનો ચહેરો જાપાની સંશોધકે સૉફ્ટવેરની મદદથી પુનઃ ચિત્રિત કર્યો છે.

અંતતઃ સૉફ્ટવેર એ કમ્પ્યૂટરનો આત્મા છે, જે સમગ્ર યાંત્રિક માળખાને કાર્યાન્વિત કરી તેમાં ચેતના પૂરે છે. □

અનુસંધાન] રમતિયાળ બચ્ચું [પૃ. ૧૫૯ પરથી

'એક માછલાંની પેટી મોકલું છું. મને એક દરદીએ ભેટ આપી છે.'

ખેલાએ એકવાર માછલાંની પેટી તરફ જોયું. એકવાર વહુ તરફ જોયું. ત્યારબાદ સામેની બાજુ બે પગ પહોળા કરીને વાંકા વળીને બગાસું ખાધું અને ધીરેધીરે બીજે જતું રહ્યું.

થોડા દિવસ વીતી ગયા.

ફરીથી અગિયારસની રાત આવી. ઘરના વડીલ ફરાળ કરવા બેઠા હતા. ગૃહિણી કેરીની થાળી લઈને આવી.

સાસુએ કહ્યું, 'વહુ, ખીર આપી જાવ.'

માછલાંની પેટી ખોલતા વહુ અવાચક થઈ ગઈ. માછલાંની પેટીનો દરવાજો બરાબર ખોલતા ખેલા ગંભીર મોં કરીને બહાર નીકળી ગયું. ખીરની વાટકી ખાલી હતી.

માછલાંની પેટીની સાંકળ મારવામાં ભૂલ થઈ ગઈ હતી. □

અનુસંધાન] ભૂમધ્યને બે કાંઠે - ૨૧ [પૃ. ૧૫૮ પરથી

પહેલા અક્ષર પર મૂકવાનો છે, સાધારણ રીતે ઈટાલિયનમાં હોય છે તેમ બીજા પર નહીં. લોમ્બાર્ડી રાજ્યમાં રોમન શૈલીની શરૂઆત થઈ, અને રેનેસાં કાળ દરમ્યાન સ્થાપત્યકળા ઉત્કૃષ્ટ કક્ષા પર પહોંચી. પ્રાસાદો અને દેવળો દ્વારા આ પરાકાષ્ઠાની પરિણતિ જોવા મળે છે. વળી, ૧૫મી સદીમાં લોમ્બાર્ડ ચિત્ર-શૈલી સર્વોચ્ચ શિખરને પામી. ગામેગામે આ સર્જનની પ્રશસ્ય અભિવ્યક્તિનાં ઉદાહરણો જોવાં મળે છે. બેર્ગામો એવું એક ગામ છે.

મૂળ ગામ પર્વત પર વસેલું. હવે તો એ તળેટી સુધી પ્રસર્યું છે; પણ એ એનો આધુનિક ભાગ છે. નવો ભાગ સરસ છે, ને જૂનો રસપ્રદ છે. બસ લઈને ઉપર ગઈ ત્યારે લાક્ષણિક લોમ્બાર્ડી ધુમ્મસ હેઠળ આખું શહેર ઢંકાયેલું હતું. બસ જ્યાં ખાલી થઈ તે વિશાળ, ખુલ્લા ચોકમાંથી નીચે પથરાયેલો નવો ભાગ દેખાતો હતો. બસ, આ પછી, સહેજ જ ઢાળવાળી, સાંકડી ગલીઓમાં ઝંપલાવવાનું. 'પ્લાઝા વેક્કિઓ' આકર્ષણનું કેન્દ્ર છે. એની વચ્ચોવચ એક મોટો, ગોળ ફુવારો છે. એક તરફ પુસ્તકાલયનું મહાપ્રમાણ મકાન, બીજી તરફ પ્રાચીન પાષાણોથી બનેલું ઘડિયાળવાળું ટાવર. વચમાં કાફે માટે જગ્યા પણ ખરી જ ! સામે જાડા થાંભલાવાળો, કમાનાકારનો મોટો દરવાજો છે, જ્યાંથી પસાર થાઓ એટલે કેથિડ્રલનું મહાદેવળ અને સાન્ત્રા મારિઆનું ગિરજાઘર આવે. આ બંને ઈમારતો તો સુંદર છે જ, પણ અંદર કળાનું જે પ્રાચુર્ય અને કૌશલ્ય છે તે આંખોને અને મનને ધન્ય કરે છે. બંનેમાં ખાસ કોઈ જ નહોતું. સુયોગ્ય શાંતિ હતી. ઉતાવળ કર્યા વગર મેં બધાં કળારત્ન જોયાં કર્યાં. બેર્ગામોમાંની કરારા અકાદમી ગેલરિ એની કળાસમૃદ્ધિ માટે જાણકારોમાં વિખ્યાત છે.

નાની કેટલીયે દુકાનોમાં ગળ્યાં બિસ્કિટની થેલીઓ અને જુદાજુદા આકારોમાં ઢાળેલા ગળ્યાં પોલેન્ત્રા વેચાતાં હતાં. આ બંને વાનગીઓ બેર્ગામોની વિશેષતા છે, એમ લખેલી સંજ્ઞાઓ બધે મૂકેલી હતી. મને પોલેન્ત્રા ભાવે ખરું, પણ ગળ્યું કેવું લાગશે તેની જાણ નહોતી. તેથી મેં ખરીદ્યું નહીં, બે ડબ્બાવાળી ગાડી - 'ફુનિકુલારે' - લીધી. તરત ઢાળ ઊતરી ગઈ. ત્યાં બસ ઊભી હોય તે નવા ગામમાં લઈ જાય. થોડે જઈ પછી હું ફરીથી ચાલી. પ્રવાસની સૌથી વધારે મઝા ચાલવામાં છે. બપોરના ચાર વાગ્યામાં ઠંડી લાગવા માંડેલી, પણ લોકોના જીવનને જોવામાં પડતો રસ ઓછો નથી થતો. □

'હિંદ છોડો' ચળવળના સ્વાતંત્ર્ય સૈનિકો

ડૉ. જયકુમાર ર. શુક્લ

મોહનસિંહ સોલંકી

મોહનસિંહ સરસપુર વ્યાયામશાળા ચલાવતા હતા અને ત્યાં યુવાનોને હસ્તલિખિત માસિક ચલાવવું, શનિસભામાં પ્રવચનો કરવા જેવી બૌદ્ધિક તાલીમ આપતા હતા. ધરાસણા તથા વીરમગામના સત્યાગ્રહોમાં તેમણે ભાગ લીધો હતો. તે કોંગ્રેસ સેવાદળમાં અધિકારી હતા. ૧૯૪૧ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. તે સમયે સરસપુર પાસેના નિકોલ ગામેથી તેમણે સત્યાગ્રહ કર્યો હતો. તેમની ધરપકડ કરીને છ મહિના અટકાયતમાં રાખ્યા હતા અને ત્યાર પછી તેમને છ મહિનાની કેદની સજા કરવામાં આવી હતી.

જયંતીભાઈ ઠાકોર, વાસુદેવ ભટ્ટ, મોહનસિંહ સોલંકી, જેસીંગભાઈ ઠાકોર, ચીમનભાઈ પટેલ અને રમણભાઈ પટેલ સહિત આઠથી દસ યુવાનોએ દેશ પ્રત્યે વફાદારી રાખવી તથા પોતાના પ્રાણ કરતાં પણ દેશની સ્વતંત્રતાના કાર્યને વધારે મહત્વ આપવાના પ્રતિજ્ઞાપત્ર પર લોહીથી સહીઓ કરી હતી. તે સમયે સમગ્ર અમદાવાદ શહેરમાં વ્યાયામ પ્રવૃત્તિ ચાલતી હતી. વાસુદેવ ભટ્ટ (હાલમાં પોંડિચેરી) તેના ખૂબ સમર્થ સંગઠક હતા.

'હિંદ છોડો' ચળવળ દરમિયાન મોહનસિંહ સરસપુર વોર્ડના વૉર્ડનાયક હતા અને શહેરસૂબા સાથે બધી પ્રવૃત્તિઓમાં જોડાયેલા હતા. વ્યાયામશાળાઓમાં જતા સેંકડો યુવાનોના તે આગેવાન હતા. તેઓમાંથી બહાદુર અને સાહસિક યુવાનોની તેઓ નોંધ રાખતા તથા તેમની યોગ્યતા અનુસાર કામ સોંપતા હતા. ચળવળ શરૂ થતાં જ મોહનસિંહે પોળવાર સંગઠન કરીને ભીંતપત્રો તથા ભોંયપત્રિકાઓ લખવી, દરરોજ પત્રિકા માટે સમાચારો મોકલવા, વહેલી સવારે બધી પોળોમાં પત્રિકાઓ વહેંચવી વગેરે કામની ગોઠવણ કરી દીધી હતી.

દૂધનાં દસ જેટલા કેન એવાં બનાવડાવ્યાં હતાં કે ઉપર થોડું દૂધ રહે અને નીચેની વધારે જગામાં પત્રિકા ભરવામાં આવતી. એ રીતે દૂધવાળાના વેશમાં અનેક પોળોમાં પત્રિકા વહેંચી દેવામાં આવતી હતી. તેમાં યુવતીઓ અને પ્રૌઢાઓ પણ ઉત્સાહપૂર્વક સહકાર આપતી હતી. રાત્રે જુદા જુદા વિસ્તારોમાં ભજનો ગોઠવવામાં આવતાં. તેમાં ઘણી બહેનો ભજનો ગાતી. ત્યાંથી વાંસના ભૂંગળામાં કે ઢોલકના પડમાં પત્રિકાઓ ભરીને લઈ જવામાં આવતી. પોલીસ આવી જાય કે પકડાવાનો ભય હોય તો પતિ-પત્નીનો બનાવટી ઝઘડો કરીને યુવાનો નાસી જતા.

પત્રિકા અનેક ઠેકાણે સાઈકલોસ્ટાઈલ કરવામાં આવતી. તેનાં સ્થળો વખતોવખત બદલવામાં આવતાં. મજૂરનો વેશ પહેરીને, માથા ઉપર ટોપલામાં સાઈકલોસ્ટાઈલ મશીન ઢાંકીને રાખી, હાથમાં ખોટી ચિઠ્ઠી રાખીને મૂકી આવવામાં આવતું. આવાં કામ વાસુદેવ ભટ્ટ અને મોહનસિંહ કુશળતાપૂર્વક કરતા. તેઓ બંને વેશપલટો કરવામાં એટલા નિષ્ણાત હતા કે તેમના સાથીઓ પણ તેમને ન ઓળખી શકે. સરસપુરમાં પણ પત્રિકા છાપવા માટે કેટલોક સમય વોરાઓના રોજાઓમાં સાઈકલોસ્ટાઈલ મશીન રાખવામાં આવ્યું હતું. મોહનસિંહ વેશપલટો કરવા ધોતિયું, ફેંટો, મારવાડી કે મુસલમાનનાં જેવાં વસ્ત્રો પહેરતા હતા. વાસુદેવ ભટ્ટ સાધુ, ફકીર કે સ્ત્રીના વેશમાં બહાર નીકળતા હતા. કેટલીકવાર વાસુદેવ ચણિયા ઉપર ઝભ્ભો પહેરતા. છોટુભાઈ પુરાણી આ ચળવળ દરમિયાન જોશીના વેશમાં અમદાવાદ આવ્યા હતા.

ચળવળ દરમિયાન અમદાવાદમાં વારંવાર પ્રભાતફેરીઓ અને સરઘસો કાઢવામાં આવતાં હતાં. 'જમશેદપુર દિન'ની ઉજવણી વખતે એક મોટા સરઘસ પર થયેલા સખત લાઠીચાર્જમાં વાગવાથી મોહનસિંહને પાંચ દિવસ માટે પથારીમાં આરામ કરી સારવાર લેવી પડી હતી. તેઓ ૧૦મી ઑગસ્ટથી ભૂગર્ભમાં રહેતા હતા અને તેમની શોધ કરવા માટે તેમના ઘર પર પોલીસે રેઈડ પાડી હતી.

કેશવ ગોવિંદ પ્રભુ અમદાવાદમાં બોંબ પ્રવૃત્તિનું સંચાલન કરતા હતા અને તેમના જૂથના ક્રાંતિકારી યુવાનોના આગેવાન હતા. તેમણે આશરે સપ્ટેમ્બર ૧૯૪૨માં પ્રતિજ્ઞાપત્ર પર પચાસેક યુવાનોની લોહીથી સહીઓ કરાવી હતી. તેમણે કાર્યકરોને નંબર આપ્યા હતા. તે નંબરથી ક્રાંતિકારી યુવાનો ઓળખાતા હતા. કોઈએ પોતાની ગુપ્ત કામગીરી વિશે બીજાને કહેવાનું કે પૂછવાનું નહીં, જેથી એક જણ પકડાય તો બીજાના વિશે પોલીસને કંઈ પણ કહી શકે નહિ. કે. જી. પ્રભુ અમદાવાદની વ્યાયામ પ્રવૃત્તિમાં હતા તેથી અનેક વ્યાયામવીરોથી ઘણા સમયથી સુપરિચિત હતા. પ્રભુએ બોંબ પ્રવૃત્તિ અંગે રતિલાલ ધ્રુવ, ડૉ. છોટાલાલ જીવાભાઈ પટેલ, વાસુદેવ ભટ્ટ, જયંતીભાઈ ઠાકોર (શહેરસૂબા), મોહનસિંહ, કૃષ્ણવદન જોશી સહિત પંદરેક ક્રાંતિકારીઓની ગુપ્તસભા ડૉ. શિવલાલ પટેલના દવાખાના સામેના મેડે યોજી હતી. તે સમયે વેશપલટો કરીને દરેકે સભામાં જવાનું હોવાથી, દરેક જણ 'ગુડ મૉર્નિંગ' કહીને હાથ પર હાથ મૂકીને ઈશારો કરે એવી સૂચના આપવામાં આવી હતી.

અમદાવાદમાં બોંબના ધડાકા કરવાનો હેતુ સરકારને ગભરાવવાનો તથા લોકોમાં જાગૃતિ લાવવાનો હતો. અમદાવાદમાં જૂના રેલવે સ્ટેશનની પાછળ આવેલી અંગ્રેજોની કલબ પાસે નાતાલ વખતે બોંબનો ધડાકો કરવાનો હતો. રાત્રે ૧૧-૦૦ વાગ્યા બાદ મોહનસિંહ એક સાથીને લઈને

ત્યાં ગયા. તેમણે ગનપાવડરના બૉંબની જામગરી સળગાવીને નાખ્યો, પણ તે બૉંબ ફૂટ્યો નહિ. બીજો નળાકાર સેલનો બૉંબ પણ ન ફૂટ્યો તેથી તેમની યોજના સફળ થઈ શકી નહિ. મોહનસિંહને કે. જી. પ્રભુના જૂથ મારફતે એક રિવોલ્વર મળી હતી. બૉંબ એક સ્થળેથી બીજા સ્થળે મોકલવાના હોય ત્યારે, બૉંબ લઈ જનારની પાછળ ગુપ્ત રીતે સાચવવા માટે રિવોલ્વર સહિત મોહનસિંહ જતા હતા. બૉંબ ફળના કરંડિયામાં ઉપરના ભાગમાં ફળસહિત, કેટલીકવાર મોટા કોળામાં, તરબૂચમાં અથવા મોટા પપૈયામાં મૂકીને લઈ જવામાં આવતા હતા.

મોહનસિંહ સૌરાષ્ટ્રનાં રાજ્યો અથવા અન્ય ઠેકાણેથી ખરીદીને કે કેટલાક ઠાકોરો પાસેથી ભેટ તરીકે રિવોલ્વરો લઈ આવ્યા હતા. નડિયાદમાં આરામ કરવા ખુરશીમાં બેસી રહેલા એક પોલીસ સબ-ઈન્સ્પેક્ટરની રિવોલ્વર ખેંચી લઈને મોહનસિંહ નાસી ગયા અને ચાલુ ખટારામાં ચડી ગયા હતા. કે. જી. પ્રભુની સૂચના મુજબ તેઓ ગનપાવડર લેવા પ્રાંતિજ ગયા. નિશાની હતી - લાલ કપડું હલાવવું. તે પ્રમાણે એક ડબામાં ભરીને, એક બેન સાથે ગનપાવડર લઈ આવ્યા.

બી. કે. મજમુદાર, કે. જી. પ્રભુ, જયંતીભાઈ ઠાકોર, વાસુદેવ ભટ્ટ, મોહનસિંહ વગેરે નેતાઓ વડોદરામાં ગુજરાતના કાર્યકરોની ગુપ્તસભામાં હાજરી આપીને પાછા ફરતા હતા. મોહનસિંહ નડિયાદ સ્ટેશને ઊતરી ગયા. સ્ટેશન પાસે બહેનો પર લાઠીચાર્જ થતો હતો. એક બહેનને સખત વાગ્યું. પરંતુ પકડાવાના ભયથી કોઈ તેમની મદદે ગયું નહિ. મોહનસિંહ તેને ઉપાડીને તેના ઘેર મૂકી આવ્યા. એવી રીતે અમદાવાદમાં ગોળીબારથી ઘવાયેલા એક છોકરાને ઉપાડી, તેને ઘેર મૂકી દઈને નાસી ગયા હતા.

એકવાર મહેસાણા સ્ટેશને સી.આઈ.ડી.એ તેમને પકડી પોલીસ ચોકી પર રાત્રે બેસાડ્યા. તેમને તાવ હતો. એક સંત્રી આંટા મારતો હતો. બીજા બધા સૂઈ ગયા હતા. મોહનસિંહે ગણતરી કરીને તેનું બેયોનેટ ખેંચી કાઢી, સંત્રીને પેટમાં લાત મારી, તેની બંદૂક ખેંચી લઈને નાસી ગયા. રસ્તામાં એક ગરનાળામાં બંદૂક નાખી દીધી. સિદ્ધપુર સુધી દોડતા ગયા. ત્યાંથી ટ્રેન પકડીને અમદાવાદ પહોંચી ગયા. તેમણે ન પકડાવાનો નિર્ધાર કર્યો હોવાથી, બીજા ભૂગર્ભ નેતાઓ પોલીસને શરણે ગયા, પરંતુ મોહનસિંહ અણનમ રહ્યા હતા. મુલાકાત : ૭-૯-૧૯૭૦ □

અનુસંધાન] ઇતિહાસધારા [પૃ. ૧૫૭ પરથી

રત્નજડિત પુષ્પો ખીલેલાં હતાં. છતમાં સિંહાસનારૂઢ શાહજહાંના બરાબર માથા પર આવે એવો એક લાલ ચિરાગ લટકાવેલો હતો જેની શોભા લાજવાબ હતી. આખું સિંહાસન એનાથી ઝગમગી ઊઠતું હતું, દૂરથી તો એમ જ લાગે કે લાલરંગી ચિરાગ શાહજહાંના મસ્તક પર ઝૂલી રહ્યો છે.

તખ્તે તાઉસ અથવા મયૂરાસન તરીકે ઓળખાતા એ સિંહાસન પર ઈ. ૧૬૩૫ના માર્ચમાં શાહજહાંએ પહેલવહેલું આરોહણ કર્યું. જુદા જુદા પ્રવાસીઓએ તેની કિંમત જુદી જુદી આંકી છે, પરંતુ એમાંના એક જિયોવાની કેરેરીના જણાવ્યા મુજબ તો એની કિંમત આંકવી અશક્ય જ હતી. ૧૯ વર્ષ આગ્રા દરબારમાં રહ્યા બાદ તે દિલ્હી દરબારમાં લઈ જવામાં આવ્યું. એક સૈકા બાદ ઈરાનના નાદિરશાહે દિલ્હી પર આક્રમણ કરીને જે લૂંટ ચલાવી એ લૂંટમાં શાહજહાંનું આ અદ્વિતીય સિંહાસન પણ તે પોતાની સાથે ઈરાન લેતો ગયો. □

નટિયો

પ્રફુલ્લ રાવલ

નાતાલની રજા પડતી અને છાપરે ચડવાની છુટ્ટી મળી જતી. તે છેક વાસી ઉત્તરાયણ સુધી. કિશોરાવસ્થાના એ દિવસોનાં સંભારણાં હજુ અકબંધ મનપેટીમાં પડ્યાં છે. મુગ્ધાવસ્થા આવી અને કિશોરાવસ્થાના એ દિવસો પલાયન થઈ ગયા. યૌવન પડઘાયું. પછી તો એને ય વાટ પકડી ચાલવા માંડ્યું. હવે નાતાલ આવે છે. અને ત્રણ દાયકા પૂર્વેની સ્મૃતિ મન પર છાલક માર્યા કરે છે. વીતેલાં દિવસો વિવિધ રૂપે મનને ક્યારેક સતાવે છે, ક્યારેક પુલકિત કરે છે. અત્યારે તો એ કાળનું એક પાત્ર બંધ મનદરવાજે દસ્તક દે છે. મારા ખંડના એકાન્તમાં હું સાંભળું છું એ ટકોરા. હું સાંભળું છું એનો તીખો અવાજ. હું જઉં છું એનું મુખારવિંદ, એના વાંકડિયા વાળ. ખાખી ચડ્ડી અને માદરપાટનું ખમીસ પહેરેલો એને હું આજેય અનુભવું છું. બધું બદલાઈ ગયું છે, પરન્તુ મન પર તો એ જ પરિવેશ પથરાયેલો છે. એ જ સમય સજીવ થયાં કરે છે. એ જ નટિયો હાથમાં ઝંડો લઈને છાપરાં કૂદતો, પતંગ લૂંટતો આજેય પ્રત્યક્ષ થતો લાગે છે. એ સાથે અતીતનો એ કાળખંડ યાદનું લાવલશ્કર લઈ ઉપસ્થિત થઈ જાય છે. વિચારું છું કે ક્યાં ગયા એ દિવસો ! ક્યાં ગયા એ બાળભેરુઓ ! ક્યાં હશે એ નટિયો ?

આજે એ નટિયો હશે ! ના, નટુ હશે. ના, ના, નટવર થયો હશે. કદાચ નટવરલાલ પણ બન્યો હોય ! અમે એને નટિયો કહીએ એટલે એ કહેતો - 'એ ય નટિયો નહીં, નટવરલાલ' : પછી હસે - કદરૂપું હસે. ક્યારેક માત્ર આંખ હસે. ક્યારેક એ જ આંખમાં રૂ-આબ વર્તાય તો ક્યારેક નરી લાચારી. ક્યારેક સસલાનું ભોળપણ તો ક્યારેક શિયાળની લુચ્ચાઈ. ક્યારેક નરી સચ્ચાઈ - ક્યારેક નરી સહજતા. આ નટિયો માંડ બે વર્ષ રહ્યો હશે અમારી ફળીમાં, પરંતુ એનું અસ્તિત્વ ક્યાંય લગી ફરીમાં પડઘાતું રહેતું. હજુ ગયા વર્ષે મંદિરની જાળીના પતરાં કાઢ્યાં ત્યારે કંપાસના વર્તુળથી કોતરેલું એનું નામ જોવા મળ્યું - પૂરી મગ્નતાથી જોયું. એણે લખેલું - નટવરલાલ. જોડમાં ભીખલાએ લખેલું - નટિયો. અક્ષર બાબતે એ ગાંધીજીનો અનુયાયી. એનં નામ સિવાયના કોઈ અક્ષર પાછળથી એને ન ઉકલે. એ અમારી ફળીમાં રહેવા આવ્યો ત્યારે છઠ્ઠા ધોરણમાં ભણતો હતો. ગામડેથી સ્થળાંતર કરીને કુટુંબ અહીં રહેવા આવેલું. એના બાપાએ મુંદવાડના નાકે દુકાન કરેલી - કરિયાણાની. એ બાપાને ખાવા છોડાવવા જતો. એ ટાણે કરિયાણાનો ધંધો ઉધારિયો. નટિયો ઉધાર આપે, પરંતુ એના અક્ષર એવા કે એના બાપાને જરાય ન ઉકલે. નટિયાને બાપાનો માર ખાવો પડે. પછી એણે જ નુસખો શોધી કાઢેલો. બાપા જમીને આવે એટલે એ જ બધાનાં નામ લખાવી દે. એ એની સ્મરણશક્તિના પ્રતાપે. એની સ્મરણશક્તિ એવી સતેજ કે મહિનાઓ સુધી એને નવટાંક - પાશેર લઈ જનારનું નામ યદ રહે. કોઈ ઘરાક ક્યારે શું લઈ ગયો તે નટિયો કહી દે. બાપાને તો માત્ર નામ જોઈએ. નટિયો બોલે અને એ લખી લે.

છઠ્ઠા દાયકાનું અંતિમ ચરણ હતું. મહાગુજરાતનું આંદોલન શરૂ થઈ ગયું હતું. અમારું ગામ મોખરે રહેતું. ગામમાં સભા થાય. સરઘસ નીકળે. શાળામાં હડતાળ પડે. નટિયો ટોળામાં ભળી જાય. બધે નટિયો હાજર જ હોય. એકવાર પોલીસ ચોકી પર પથ્થરમારો થયો. નટિયો જોરથી પથ્થર મારે. એનો ઘા દૂર સુધી જાય. કચેરીનો કાચ એના પથ્થરથી તૂટેલો એવું કહેતાં હરખાય, ગર્વ અનુભવે. વળી, ચૂપચાપ ઊભો રહી જાય. એકવાર પકડાયો તો દયામણું મોં કરીને રડી પડ્યો. એ તોફાનનું નાટક. નટિયાના તોફાનનું સરવૈયું એટલું મોટું કે કોઈ પણ તોફાનમાં એનું નામ સંકળાયેલું હોય. એ જ રીતે કોઈ રમત એવી નહીં કે એને ન આવડે. એ વખત-રૅટ બોલીને ગિલ્લીદંડા રમી શકે, તો લક્ટીમાં પણ પાવરધો. ગેડી-દડાની રમતનો તો બાદશાહ ને લંગડીમાં પણ પાછો ન પડે. ખોમાં પણ ખાં. એમ જ ખો દઈને ચાલ્યો ગયો હતો એ. પરંતુ એ બધામાં મને આજે પણ યાદ છે તે એનું લૂંટણિયું રૂપ. - એ પતંગ લૂંટવામાં - ઝોલ લૂંટવામાં એટલો તો પારંગત હતો કે ઉત્તરાયણ પહેલાં એના ઘરનું માળિયું લૂંટેલા પતંગોની ભાતીગળ છાબ જેવું બની જતું. ભાતભાતના પતંગો એની પાસે હોય. દોરીના રંગીન દડાઓ બનાવ્યા હોય. એને ખબર હોય કે આ દોરી છે સાંકળઆંઠ, આ ગેંડો, રૅંટિયો, આ કૅલિકો. મોદીના દોરા એ વખતે પ્રચારમાં નહોતા. દોરી પાવામાં પણ પ્રવીણ. આવેલો તો ગામડેથી પરંતુ એના મોસાળ સૂરતની આબોહવા લઈને આવેલો. એટલે એની પતંગ - પારાયણ અમારે મન આશ્ચર્યની ખાણ હતી. એ પતંગો લૂંટે. એના સંગ્રહમાં પાવલા હોય, ટૂકલ હોય, અડધિયો હોય, ચાંદેદાર હોય, હાંડી હોય, લીટી હોય, અટ્ટો હોય, ચટ્ટાઈ હોય_આજે તો નામ પણ ભૂલી ગયો છું પતંગોનાં.

છેક નાતાલથી એ લૂંટવાનું શરૂ કરી દે. ફળીના કોઈ પણ છાપરે જાય. એ વખતે બધાનાં છાપરાં લગભગ નળિયાંનાં. બધાનાં નળિયાં એ ફોડતો જાય અને પતંગ લૂંટતો જાય. નીચેથી કોઈની રાડ સંભળાય કે રાવ સંભળાય પણ નટિયાનું ધ્યાન હોય પતંગ લૂંટવામાં. ક્યારેક એ છાપરા પર દોડે. આજે પણ એને છાપરા પર દોડતો કલ્પું છું તો મને ડર લાગે છે. હમણાં પડશે, હમણાં પડશે એવું લાગે અને નટિયો હાથમાં ઝંડો લઈને સડસડાટ દોડે. ક્યારેક એક છાપરેથી બીજે છાપરે કૂદકો મારે. નીચેથી મણિફૈબાની મોટી રાડ સંભળાય - એ વાંદરા. પણ સાંભળે તો એ નટિયો શેનો ? પછી નીચે ફળીમાં નટિયાનાં બા અને મણિફૈબાનું વાક્યુદ્ધ ચાલે. ક્યાંય સુધી. પછી સાંજ પડે. ક્યારેક નટિયાની બા ક્રોધમાં પોતાના ઘરના છાપરાનું ઢાંકણું નીચેથી ઢાંકી દે. નીચે આવવાનો રસ્તો શોધવો પડે. હું એને ઘણીવાર છાનોમાનો મારા છાપરેથી ઉતારી દઉં. પરંતુ જ્યારે ઝઘડો વધી જતો ત્યારે હું ય ડાહ્યો થઈને વાંચવા બેસી જાઉં. પછી મેં એક છાપરેથી બીજે છાપરે લપાતો-છુપાતો છેક પાછલી ફળીમાં પહોંચીને એક થાંભલાને કૂદકો મારીને લે. પણ એ તો છેલ્લો ઉપાય.

(અનુસંધાન પાન ૧૭૨ ઉપર)

અંગ્રેજી સાહિત્યનું આચમન

સેમ્યુઅલ જ્હોનસન

ડૉ. મધુસૂદન પારેખ

અઢારમા સૈકામાં એક અનોખી સમર્થ પ્રતિભા ધરાવનારા ડૉ. સેમ્યુઅલ જ્હોનસન (Samuel Johnson - ૧૭૦૯ થી ૧૭૮૪)ના અંગ્રેજી સાહિત્ય અને સાહિત્યકારો પરના પ્રભાવનો ખયાલ મેળવ્યા વિના અંગ્રેજી સાહિત્યનો ઈતિહાસ અધૂરો જ રહી જાય. ઇ. ૧૭૦૯માં એક સામાન્ય સ્થિતિના પુસ્તકવિક્રેતાને ત્યાં લિચફીલ્ડ (Lichfield)માં એનો જન્મ; પુસ્તકોની વચમાં જ ઊગીને ઊભા થવાનું સદ્ભાગ્ય એને મળ્યું ખરું; પણ મૂર્તિમંત ગરીબાઈ એણે પ્રત્યક્ષ નિહાળેલી અને વેઠેલી હતી. પરિણામે વિશ્વવિદ્યાલયમાં પોતાનું ઉચ્ચ શિક્ષણ પણ એ પૂરું કરી શક્યો નહિ.

એની દેહાકૃતિ પણ બેડોળ, મિજાજ ધરખમ. થોડો વખત નિશાળમાં નોકરી કરી ત્યારે કેટલીકવાર મિજાજને કારણે એનો ચહેરો એવો તો ભયાનક અને વિકૃત બની જતો કે છોકરાં છળી ઊઠતાં. નિશાળ એણે છોડી. આંખો ખરાબ, મિજાજ ખરાબ, બીજી અનેક વિકૃતિઓ-વિચિત્રતાઓ. નિર્વાહ માટે ઝટ નોકરી પણ ક્યાં મળે ? છવ્વીસ વર્ષની વયે તેણે છેતાંલીસેક વર્ષની એક વિધવા સાથે લગ્ન કર્યાં. ઘેર ખાનગી શિક્ષણ સંસ્થા ચલાવી જોઈ. તેમાંય સફળતા મળી નહિ, એટલે નસીબ અજમાવવા લંડન પહોંચ્યો - ૧૭૩૭ની સાલમાં.

લંડનમાં કેવ (Cave)ના એક સામયિક 'જેન્ટલમેન્સ મૅગઝીન'માં તેણે અડધી સાચી અડધી કલ્પિત, સંસદ ચર્ચાઓ વિશે 'કૉલમ' લખવા માંડી ઇ. ૧૭૩૮માં તેણે 'લંડન' (London) કાવ્યકૃતિ દ્વારા કવિ પોપનું ધ્યાન ખેંચ્યું. જુવેનલ (Juvenal)ના કટાક્ષના નમૂના પર એ કૃતિ રચાઈ હતી. ૧૭૩૮માં આ કૃતિએ તેને દસ ગીનીની કમાણી કરી આપી, પણ એથી કંઈ તેની આર્થિક સ્થિતિ સુધરે તેમ નહોતી. અલબત્ત, તેની પ્રકૃતિને કવિતા માફક આવે તેમ નહોતી. તેના જીવનની દિશા ગદ્યના ક્ષેત્ર તરફ હતી. તેમ છતાં 'લંડન' પછી અગિયાર વર્ષે ઇ. ૧૭૪૯માં તેણે બીજી એક કટાક્ષકાવ્યકૃતિ 'ધ વૅનિટિ ઑફ હ્યુમન વિશિઝ' (The Vanity of Human Wishes) પ્રકાશિત કરી. આગળની કટાક્ષકૃતિ કરતાં આ વિશેષ દૈવતવાળી અને એની પ્રતિભાના સ્ફુલ્લિંગ પ્રકટ કરનારી હતી. જ્હોનસનની વૈયક્તિક ફિલસૂફી અને એના નીતિવાદના અણસાર એમાં જોવા મળે. પોપને પગલે જ્હોનસન આ પ્રકારની કાવ્યપ્રવૃત્તિમાં પોપ જેવી સફળતા મેળવ્યા વિના રાચી શક્યો હોત; પણ એની પ્રતિભા સાહિત્યવિવેચનના ગદ્યક્ષેત્રમાં ઝળકવાની હતી. તેણે કાવ્યપ્રવૃત્તિ ત્યજીને નાટ્યકૃતિ રચવાનો અખતરો કરી જોયો. 'ઇરીન' (Irene) નામની એક ટ્રૅજેડિ (૧૭૫૧) તે રચે છે; પણ એમાં ઊર્મિતત્ત્વની અછત, નજાકતનો અભાવ અને નીતિબોધનું વર્ચસ કૃતિને કથળાવી મૂકે છે.

કાવ્ય અને નાટકમાં સફળતા ન મળતાં જ્હોનસન નિબંધલેખન તરફ વળે છે. 'સ્પેક્ટેટર' (Spectator)ને પગલે તે 'રૅમ્બર' (Rambbler) અને 'આઈડલર' (Idler)માં નૈતિક, બોધક વિચારોથી સભર નિબંધો લખવા માંડે છે. ઍડિસન (Addison) અને સ્ટીલ (Steele)ના નિબંધોમાં જે હળવાશ છે તેની તુલનામાં જ્હોનસનના નિબંધ ભારેખમ લાગે. આજના વાચકને ભાગ્યે જ એમાં રસ પડે.



જ્હોનસનની એક વિશિષ્ટ પ્રવૃત્તિ 'ધ ડિક્શનરી ઑફ ઈંગ્લિશ લૅન્ગ્વેજ' (The Dictionary of Engilish Language)ની રચનામાં છે. લગભગ એક સૈકા સુધી સામાન્ય શિક્ષિતથી માંડીને વિદ્વાન સુધીના સહુ કોઈ માટે તેણે એક સંદર્ભ ગ્રંથની ગરજ સારી હતી. આ ગ્રંથ પાછળનું તેનું પ્રયોજન અંગ્રેજી ભાષાની શુદ્ધિ જાળવવાનું અને અંગ્રેજી રૂઢિપ્રયોગની સમજ નિશ્ચિત કરી આપવાનું હતું. (to 'preserve the purity, and determine the sense of our English idiom'). અંગ્રેજી શબ્દોના ઉચ્ચારોમાં સમાનતા નહોતી. જ્હોનસને ઉચ્ચારોને નિશ્ચિત કરી આપવા અને તેના નિયમો સ્થાપવાનું લક્ષ્ય સેવ્યું છે. અલબત્ત, આ મુશ્કેલ કાર્ય માટે એનામાં પૂરતી સજ્જતા નહોતી. વળી એક વ્યક્તિ માટે એ ગજાબહારનું કામ જ હતું. તેમ છતાં એણે એના સમયના ચલણી શબ્દો વિશે પૂરતું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હતું. એ શબ્દો વિશે એણે પોતાનાં મંતવ્યો પણ આપ્યાં છે. એણે આ ડિક્શનરીનો જે પ્રવેશ લખ્યો છે તેમાં એના ઉચ્ચ મનોરથની પ્રતીતિ થાય છે. એણે પોતાના આયોજનની કાર્યપદ્ધતિની સમજ આપી છે. ભાષાશાસ્ત્રીઓ માટે એ પ્રવેશ અથવા ઉપોદ્ઘાત એક મહત્ત્વનો સ્રોત બની રહ્યો હતો. આ કોશરચના પાછળ એની ભાષાભક્તિ સમજવા જેવી છે. એણે નોંધ્યું છે કે અંગ્રેજી ભાષા એના મૂળ સ્રોતથી વિખૂટી પડીને ફ્રેન્ચ ભાષાના નમૂના તરફ ઢળવા લાગી છે. આ પ્રભાવને રોકવાનો સમય પાકી ગયો છે. અંગ્રેજી પ્રજાને તે, ભાષાના સામર્થ્ય માટે ઈલિઝાબેથ યુગના સાહિત્ય તરફ દૃષ્ટિ રાખવા અનુરોધ કરે છે.

જ્હોનસનની ડિક્શનરી અંગ્રેજી ભાષાને નિયમબદ્ધ કરવામાં ઘણી સહાયભૂત બની રહી. ડિક્શનરીમાં એના પૂર્વગ્રહો, તુક્કા, રંજન વગેરે તરી આવતી મર્યાદાઓ છતાં જ્હોનસનમાં તાર્કિકતા, સ્પષ્ટતા, વિદ્વત્તા વગેરેનો સુખદ અનુભવ થાય છે. ડિક્શનરીએ અંગ્રેજી ભાષામાં જ્હોનસનનું આગવું પ્રદાન છે.

જ્હોનસને એક નવલકથા, ખરું જોતાં રૂપકકથા પણ લખી છે - 'રાસેલાઝ' (Rasselas- ૧૭૫૯). પણ એનામાં સર્જકતાની ઝાઝી છાપ નથી. 'રાસેલાઝ'માં એની પ્રજ્ઞા જ વિશેષ ધ્યાન ખેંચે છે, જો કે અવારનવાર વ્યક્તિ અને સ્થાનોનાં વર્ણનમાં એની ચિત્રાત્મક શૈલી ચિત્તને પ્રસન્ન કરી શકે છે.

જ્હોનસનની સાચી સાહિત્યિક પ્રતિભા પ્રકાશે છે એના શેક્સ્પીઅર વિશેના પ્રવેશકમાં અને એણે આપેલાં કવિઓનાં ચરિત્રોમાં. શેક્સ્પીઅર વિશેની એની વિવેચના તો અંગ્રેજી વિવેચન-સાહિત્યમાં એક સીમાચિહ્ન બની રહી છે. શેક્સ્પીઅરની સર્જનકળાને એણે સઘનતાથી અને ઊંડાણથી તપાસી છે. જ્હોનસનનું પ્રશિષ્ટ તેમ જ પુરોગામી, સમકાલીન કૃતિઓનું વાચન-મનન, એની વેધક વિવેચકીય દૃષ્ટિ, કૃતિનો મર્મ તત્કાળ ગ્રહણ કરી શકવાની અનોખી સૂઝ એ સર્વનો ઉત્તમ પરિચય શેક્સપીઅરની એણે સંપાદિત કરેલી વાચનામાં થાય છે. શેક્સ્પીઅરની સિદ્ધિ તેને ટ્રેજડિમાં નહિ પણ કોમેડિમાં દેખાય છે. તદુપરાંત શેક્સ્પીઅર કાવ્યન્યાય (poetic justice)ની બાબતમાં ઉદાસીન રહ્યો છે એવો તેનો આક્ષેપ છે. શેક્સ્પીઅરનાં નાટકોમાં કાળવિપર્યાસ (Anachronisms) તેને અસ્વસ્થ કરી મૂકે છે. શેક્સ્પીઅરની અનેકાનેક મર્યાદાઓ ચીંધતા પણ તે શેક્સ્પીઅરની સર્જનકળાના ઉત્તમ અંશોને બરાબર પ્રકાશિત કરે છે.

જ્હોનસનનું બીજું એક મહત્ત્વનું પ્રદાન તે 'ધ લાઈવ્ઝ ઑફ ધ પોયેટ્સ' (The Lives of the Poets) ઈ. ૧૭૭૯ અને ૧૭૮૧ના સમયગાળામાં શ્રેણી રૂપે પ્રકટ થયેલાં ચરિત્રો છે. આ પ્રકાશનોમાં કાઉલે (Cowley)થી તે આરંભ કરે છે. અંગ્રેજી કવિતાનો ઉદય કાઉલેથી થયો હોવાનું તે સ્વીકારે છે. એક માનસશાસ્ત્રી, વિવેચક અને નીતિવેત્તા આ ત્રણેનો વિલક્ષણ યોગ આ કવિચરિત્રોમાં જણાય છે. એમાં તેણે પ્રસિદ્ધ કવિઓને જ સમાવ્યા છે એવું નથી, સામાન્ય પદ્યકારો પણ તેના લેખનો વિષય બન્યા છે. કવિઓને મુખ્યત્વે તે નૈતિકમૂલ્યોને લક્ષમાં રાખીને મૂલવે છે; અલબત્ત, કલાકાર તરીકે પણ તેમની તપાસ કરવાનું તેના ધ્યાનમાં છે. આકૃતિ અને સામગ્રી (Form and Content) વચ્ચેના સંબંધ અંગે તેનામાં આગવી સૂઝ છે. વિવેચક તરીકે એણે પૂરતું સામર્થ્ય દાખવ્યું હોવા છતાં એનાં કેટલાંક ચુસ્ત વલણો, પૂર્વગ્રહો તટસ્થ વિવેચનમાં અવરોધરૂપ બન્યા વિના રહ્યાં નથી. ઉદાહરણ તરીકે જોનાથન સ્વિફ્ટ (Jonathan Swift)ને મૂલવવામાં તે સહૃદય બની શક્યો નથી. સ્વિફ્ટની કઠોરતા તેને કઠે છે. એ જ પ્રમાણે કવિ ગ્રે (Gray) અને કૉલિન્સ (Collins)ની બાબતમાં પણ તેનું તાટસ્થ્ય જળવાયું નથી.

આમ, જ્હોનસન એક બહુમુખી પ્રતિભાસંપન્ન સાક્ષર (Man of Letters) છે. પણ જ્હોનસનને ખરેખર ઓળખવા માટે તો, અથવા એના અવાજનો પડઘો સાંભળવા માટે તો, એની પ્રવાસનોંધ અને એના એક પરમ ભક્ત બોઝવેલ (Boswell)ની જ્હોનસન વિશેની જીવનકથા વાંચવી પડે. ખરેખર તો, વિવેચકો માને છે તેમ, બોઝવેલની જીવનકથાને કારણે જ જ્હોનસન આજસુધી જીવંત રહી શક્યો છે.

અલબત્ત, જ્હોનસન એના જમાનાનો એક સારા-નરસા ગુણોથી યુક્ત નમૂનારૂપ અંગ્રેજ હતો. એની કારકિર્દીના મધ્યકાળમાં કેટકેટલા લેખકો એનો સંગ માણવા ઊમટતા હતા ! એના સાહિત્યિક અભિપ્રાયો જાણે કે કોઈ સરમુખત્યારની વાણીરૂપે પ્રકટતા હતા. લોકોની ચેતના એના અભિપ્રાયોને વશવર્તીને ચાલતી હતી. એનો પ્રભાવ જેટલો સાહિત્યમાં હતો તેટલો જ સમાજ અને નીતિના ક્ષેત્રે પણ હતો. એની વાક્છટા, એનો અવાજ, એના અભિપ્રાયમાં પ્રકટ થતી મક્કમતા એ સહુ પ્રભાવક હતાં.

બોઝવેલે વર્ષો સુધી જ્હોનસનના એક નિષ્ઠાવાન શિષ્ય અથવા ભક્ત તરીકે એનો સતત સંગ કર્યો હતો અને અનેકાનેક વિષયો પર એના વાર્તાલાપો, તેના સાહિત્યિક અભિપ્રાયો, એનાં નૈતિક વલણો વગેરેની નોંધ લઈને અંગ્રેજી ચરિત્રાત્મક સાહિત્યમાં એક અ-પૂર્વ ગણાય તેવું પુસ્તક 'લાઈફ ઑફ જ્હોનસન' (Life of Johnson) લખ્યું હતું.

જ્હોનસને ભલે સાહિત્યના કે ફિલસૂફીના - નીતિશાસ્ત્રના વિષયનો તલાવગાહી અભ્યાસ ન કર્યો હોય, પણ તે તે વિષયોમાં એણે વિદ્વાનોને અને સર્જકોને પણ પ્રભાવિત કરી શકે તેવી પરિચિતતા પ્રાપ્ત કરી લીધી હતી. અને એનો અવાજ, એનો અભિપ્રાય હંમેશાં સત્તાધીશનો રહેતો. વાર્તાલાપમાં તો એના જેવો કુશળ એના યુગમાં ભાગ્યે જ કોઈ હશે.

અંગ્રેજી સાહિત્યના ઈતિહાસમાં જ્હોનસન ભલે પ્રથમ કક્ષાનો સર્જક-વિવેચક ન હોય, પણ તેની બહુમુખી પ્રતિભાએ વિવિધ ક્ષેત્રોમાં જે નવીન સિદ્ધાંતો-નિયમો સ્થાપ્યા છે અને એક અજોડ બહુશ્રુત વક્તા તરીકે જે સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે ન ભૂલી શકાય તેવી છે. □

નવું લવાજમ

સંજોગવશાત્ 'કુમાર'નું લવાજમ જાન્યુઆરી ૧૯૯૩થી રૂપિયા ૧૦૦ કરવામાં આવ્યું છે. ગ્રાહકો અને એજન્ટો તરફથી એને સાનુકૂળ પ્રતિસાદ સાંપડ્યો છે તે બદલ આભારી છીએ. સહુ ગ્રાહકો અને એજન્ટોએ આ નવા લવાજમની નોંધ લેવી. હવેથી અમને જૂના દરે રૂપિયા ૭૫-૦૦ લવાજમ મળશે તો તેવા ગ્રાહકને સપ્ટેમ્બર ૧૯૯૩ સુધી જ અંકો મોકલી શકાશે.

કંકાવટી

વિશ્વપ્રવાસી
પ્રીતિ સેનગુપ્તા



પ્રીતિ સેનગુપ્તાનું નામ 'કુમાર'ના વાચકોથી હવે અજાણ્યું નથી. એકલે પંડે દુનિયાના ઘણા ખરા દેશોમાં ઘૂમી વળવા માટે એમની આગવી ખ્યાતિ છે. અમદાવાદમાં એમનો ઉછેર થયો. અંગ્રેજી સાહિત્યના અભ્યાસ સાથે તેઓ એમ. એ. થયાં અને અમેરિકા જવા પહેલાં થોડો સમય અમદાવાદમાં કોલેજમાં લેક્ચરર રહ્યાં. અમેરિકામાં મિયામીની બેરી કોલેજમાં અંગ્રેજી સાહિત્યનો વધુ અભ્યાસ કરી ત્યાંની માસ્ટરની ઉપાધિ મેળવી. એ પછી ન્યૂયોર્કમાં એક ગ્રંથાલયમાં થોડો વખત નોકરી કરી, સને ૧૯૭૬માં એક અમેરિકન બેંકના ઉપપ્રમુખ અને નાણાંકીય સલાહકાર બંગાળના શ્રી ચંદન સેનગુપ્તા સાથે લગ્ન કર્યું. પ્રીતિબહેન પોતે પણ બહુ સારું બંગાળી જાણે છે જેનો પ્રભાવ એમના ગુજરાતી લખાણને આગવો ઓપ આપે છે. ૧૯૭૦ થી તેઓ ન્યૂ યોર્કમાં વસ્યાં છે.

પ્રવાસનો એમને શોખ છે અથવા એમના શબ્દોમાં કહીએ તો એ એમનો 'ધર્મ' છે. પહેલાં તો એ છ એક માસ કોઈ કામ કરીને પૈસા એકઠાં કરતાં ને પછી પ્રવાસમાં એ વાપરી નાંખતાં. પણ પછી તો પતિએ જ એમને પ્રોત્સાહન આપી પ્રવાસો માટે છૂટથી ખર્ચ આપવા માંડયો. અને ઉત્તર-દક્ષિણ ધ્રુવપ્રદેશો સહિત પ્રીતિબહેન ચીન, રશિયા, બર્મા, વિયેતનામ, સ્કેન્ડિનેવીઆ, આર્જેન્ટિના, બ્રાઝિલ, ચીલી, પારાગ્વે, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, ફીજી, ફિલિપાઈન્સ, તાઈવાન, કોરિયા, મોરોક્કો, ટ્યૂનિશીઆ, ઈજિપ્ત એમ દુનિયાના અનેક દેશોનો પ્રવાસ એમણે કર્યો છે. ભૂમધ્ય સાગરકાંઠાના દેશોના એમના પ્રવાસલેખો તો 'કુમાર'ના વાચકો હાલમાં વાંચી જ રહ્યા છે. આ બધા પ્રવાસ એમણે એકલા પંડે જ કર્યા છે અને કરે છે. તદ્દન અજાણ મુલકમાં કોઈ સ્ત્રી એકલી પ્રવાસો કરે એનું આપણને સહેજે આશ્ચર્ય થાય, પણ એમનો અનુભવ કહે છે કે દુનિયાના ગમે તે ખૂણામાં હોય, માણસ બધેય સમાન જ છે. કોઈ ચડિયાતા કોઈ ઉતરતા નથી. જેવા છે તેવા જ બહુ સારા છે.

પ્રવાસે જતાં પહેલાં તેઓ જે તે પ્રદેશનો ઇતિહાસ, સંસ્કૃતિ, સાંપ્રત સામાજિક આર્થિક પરિસ્થિતિ તથા જે તે પ્રદેશની ભાષાના કામચલાઉ શબ્દો-વાક્યો વગેરે સમજી લે છે. આ રીતે તેઓ સ્પેઈન અને જાપાન વગેરે દેશોની ભાષા પણ જાણે છે. એમના કહેવા પ્રમાણે લેખન અને કાવ્યસર્જન એ એમની પ્રવૃત્તિ છે અને પ્રવાસ એમનો ધર્મ છે. એમના લેખનનો તો 'કુમાર'ના વાચકોને પરિચય છે જ. તેઓ ઊર્મિકાવ્યો પણ એવાં જ સુંદર રચે છે. પૂર્વના દેશો વિષે 'પૂર્વ', યુરોપ-આફ્રિકાના દેશો વિષે 'દિગ્દિગંત', દક્ષિણ ધ્રુવ પ્રદેશ વિષે 'ધવલ આલોક - ધવલ અંધાર', લેટિન અમેરિકા વિષે એક પ્રવાસ વર્ણન, પોતાના પ્રવાસ અનુભવો વિષે અંગ્રેજીમાં 'જોય ઓફ ટ્રાવેલિંગ એલોન', તથા 'અંતિમ ક્ષિતિજ' વગેરે એમનાં પુસ્તકો જાણીતાં છે. એમનાં કાવ્યોના પણ બે સંગ્રહો થયા છે. આમાંના કેટલાંકને 'ગુજરાત સાહિત્ય અકાદમી' તથા 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નાં પારિતોષિકો પણ મળ્યાં છે. તાજેતરમાં તા. ૯ જાન્યુઆરી ૧૯૯૩ના રોજ 'વિશ્વગુર્જરી સમાજે' તેમને દુનિયાભરના પ્રવાસી તથા ઉત્તર દક્ષિણ ધ્રુવ પ્રદેશોના પ્રથમ ગુજરાતી મહિલા પ્રવાસી તરીકે બિરદાવી એમનું અભિવાદન કર્યું હતું.

ગયા વર્ષે અમેરિકાના શોધક મનાતા ક્રિસ્ટોફર કોલંબસની પાંચમી શતાબ્દી ઉજવાઈ એ ઘટનાને જોડીને એમણે '૯૨ના એપ્રિલમાં જર્મની, સ્વિત્ઝર્લેન્ડ, ઇંગ્લન્ડ અને આર્યલેન્ડના અન્ય ચાર પ્રવાસીઓ સાથે મેગ્નેટિક ઉત્તર ધ્રુવનો પ્રવાસ કરી ત્યાં ભારતનો રાષ્ટ્રધ્વજ રોપવા સાથે પોતાની સાથે લઈ ગયેલા તે ગણેશની મૂર્તિની સ્થાપના કરી હતી.

ઈ. ૧૯૮૯માં પ્રીતિબહેને દક્ષિણ ધ્રુવપ્રદેશની સફર ખેડી. દ. ધ્રુવપ્રદેશમાં સ્થપાયેલાં જુદાજુદા દેશોનાં સંશોધનકેન્દ્રો જોવાની આ સફરની નેમ હતી. આર્જેન્ટિનાથી એમાંનાં કેટલાંક કેન્દ્રોને જરૂરી પુરવઠો પહોંચાડવા જતા નૌકાદળના એક જહાજમાં ૮૦ જેટલાં માણસો સાથે તેઓ ગયેલાં. વ્હેલ, સીલ, પેંગ્વિન વગેરે જેવાં પ્રાણીઓ જોવાની એમને તક મળી. એ કાળે હવામાન પણ સૂસવતા પવનોવાળું હતું, પણ એકંદર કંઈક હુંફાળું રહેલું. આર્જેન્ટિના, ચિલી, યુ.એસ. ચીન, બ્રાઝિલ અને બ્રિટનમાં સંશોધન કેન્દ્રો તેમને જોવાં મળ્યાં. અગાઉ કદી નહિ જોવા પામેલા એવા એ બરફીલા ખંડનો એમનો એ પ્રવાસ અત્યંત રોમાંચક રહ્યો. પણ આ પ્રવાસમાં એમને એક અવિસ્મરણીય અનુભવ પણ થયો. અગિયાર દિવસના એ પ્રવાસમાં છેલ્લા દિવસે એમનું જહાજ સમુદ્ર સપાટીની નીચે ઢંકાએલા એક ખડક સાથે અથડાયું. વીજળી ડૂલ થઈ ગઈ અને ચાલકયંત્રો બંધ પડી જઈ જહાજ ત્રાંસુ ઢળી પડયું. બચાવ માટેની હોડીઓમાં બેસવા તેઓને ખુલ્લા રહેલા એક ભાગમાંથી કૂદવું પડેલું. એ હોડીઓ દ્વારા તેઓ યુ.એસ.ના પાલમેર સ્ટેશને પહોંચ્યાં. દ.ધ્રુવ ખંડ ઉપર એ બીજા નંબરનું મોટામાં મોટું કેન્દ્ર. સદ્ભાગ્યે ત્યાંથી નજીકમાંથી જ એક બીજું જહાજ મળી ગયું અને તેઓ સૌ સોળ કલાકની સફર કરી તે પછી ચિલી અને આર્જેન્ટિના આર્મી પ્લેન દ્વારા બ્યુએનોસ એરિસ સલામત પહોંચ્યાં હતાં. પ્રીતિબહેનના બધા પ્રવાસોમાં આવી જોખમી ઘટના કદાચ આ એક જ હતી.

દક્ષિણ ધ્રુવખંડના પ્રવાસ પછી ગયા ૧૯૯૨ના વર્ષમાં તેમણે ઉત્તર ધ્રુવ પ્રદેશની સફર ખેડી. જર્મન, સ્વિસ, આયરિશ અને હોંગકોંગના એક બ્રિટનવાસી ચીની પ્રવાસી સાથેની એ સફર હતી. આમ તો આ અગાઉ તેઓ આ પ્રવાસમાં જઈ

(અનુસંધાન પાન ૧૩૦ ઉપર)



કલાવાર્તા

મણિભાઈ મિસ્ત્રીની કાળી પેનસિલનું રૂપેરી કામણ

ચિત્રકળાનું એક અંગ છે સ્કેચિંગ. ચિત્રકળામાં સિદ્ધિ પામવા સ્કેચિંગનો મહાવરો મોટું મહત્વ ધરાવે છે. એથી હાથ તો કેળવાય છે જ, ઉપરાંત ચિત્રવિષયની લાક્ષણિકતા પામવાની દૃષ્ટિ પણ કેળવાય છે અને ત્વરા સિદ્ધ થાય છે. ચિત્રસર્જન સુધી ન પહોંચતાં કેવળ સ્કેચિંગ પર પ્રભુત્વ મેળવીને પણ એક આગવા વ્યાસંગ તરીકે તેને વિકસાવી શકાય છે, અને ઘણા એ રીતે યે પોતાની શક્તિ કેળવે છે. મણિભાઈ મિસ્ત્રી એક આવી સિદ્ધહસ્ત વ્યક્તિ છે.

ઉત્તર ગુજરાતના ચાણસ્મા ગામે ઈ. ૧૯૧૨ની ૩૧ જુલાઈએ એમનો જન્મ. મણિલાલ મૂળચંદ મિસ્ત્રી એ એમનું પૂરું નામ. ચાણસ્મા તથા પાટણમાં ભણ્યા પછી વડોદરામાં ઈન્ટર સાયન્સ સુધી અભ્યાસ કર્યો. ૧૯૪૦માં કરાંચીની ઈજનેરી

મથાળે : 'ચકોરે' કરેલું મણિભાઈમિસ્ત્રીનું રેખાંકન. જમણી બાજુ : મણિભાઈએ કરેલાં વિવિધ ક્ષેત્રની કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓનાં રેખાંકનો. ઉપર ડાબી બાજુથી અનુક્રમે : શ્રીમતી સરોજિની નાયડુ, ધર્માનંદ કોસંબી, બળવન્તરાય ક. ઠાકોર, અંબાલાલ બુલાખીદાસ જાની, સર સી. વી. રામન અને ડુંગરશી ધરમશી સંપટ.



મણિભાઈએ રેખાંકિત કરેલાં કેટલાંક વ્યક્તિવિશેષો

કોલેજમાંથી બીજા વર્ગમાં બી.ઈ. થયા અને મહેસાણા તથા વડોદરામાં નાયબ ઇજનેર તરીકે નોકરી કરી. એ પછી રાજીનામું આપી તેઓ નવસારી જિલ્લાની કોસંબાની એક બોબિન ફેક્ટરીમાં વ્યવસ્થાપક ભાગીદાર તરીકે જોડાયા.

વિદ્યાર્થીકાળથી જ એમને વિવિધ વ્યક્તિ વિશેષોના રેખાંકનો કરવાનો શોખ હતો. આ માટે એમણે રીતસરની કોઈ તાલીમ લીધી નહોતી પણ કેવળ આપસૂઝથી જ જ્યાંજ્યાં તક મળે ત્યાં હાજર વ્યક્તિવિશેષનું રેખાંકન તેઓ અચૂક કરી લે. આ રીતે કરાંચીમાં યોજાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં એમણે અનેક સાહિત્યકારોના રેખાંકનો કરેલાં. એ જ રીતે વડોદરામાં મળેલી પ્રાચ્યવિદ્યા પરિષદમાં અને મરાઠી વાઙ્મય પરિષદમાં અનેક વિદ્વાનજનોને પોતાના રેખાંકન સંગ્રહમાં ઉતારેલા. 'બોમ્બે ક્રોનિકલ' અખબાર તથા 'નવચેતન' માસિકમાં તે પ્રકટ પણ થયાં હતાં.

સંશોધનોમાં પણ એમને સક્રિય રસ. મુંબઈ યુનિવર્સિટીની સંશોધન શિષ્યવૃત્તિ પણ એમણે મેળવેલી. શિલ્પ-સ્થાપત્ય વિષયક લેખો પણ એમણે લખ્યા હતા. 'પૂર્ણિમા' નામનું એક સચિત્ર હસ્તલિખિત ત્રૈમાસિક પણ તેમણે ચલાવ્યું હતું. ફોટોગ્રાફીમાં પણ સારો વિકાસ સાધ્યો હતો. મોઢેરા વિષેની એમની એક પુસ્તિકા પણ સયાજી બાલજ્ઞાન માળામાં પ્રકટ થયેલી.

નાયબ ઇજનેર તરીકેની નોકરી અને કોસંબાની બોબિન ફેક્ટરીમાં ભાગીદારી કર્યા પછી સિવિલ એન્જિનીઅરિંગમાં કોન્ટ્રાક્ટર તરીકે એમણે સ્વતંત્ર વ્યવસાય કરવા માંડેલો અને છેલ્લાં કેટલાંક વર્ષથી તેમાંથી પણ નિવૃત્તિ લઈ પુત્રને એ કામ સોંપી દીધું છે.

ફોટોગ્રાફીનું જ્યારે આજના જેટલું ચલણ નહોતું ત્યારથી મણિભાઈએ આ રીતે વિવિધ ક્ષેત્રની ખ્યાત વ્યક્તિઓનાં રેખાબદ્ધ કરેલાં ચિત્રોનું દસ્તાવેજી મૂલ્ય ઘણું વધી જાય છે. આ ઉપરાંત, એમનાં રેખાંકનોનું એક વિશેષ મૂલ્ય પણ છે. એ પ્રત્યેક રેખાંકન સાથે એમણે જે તે વ્યક્તિવિશેષના હસ્તાક્ષરો પણ લીધા છે. બ્રિટિશ શાસન દરમિયાન ઘણા અંગ્રેજી કલાકારોએ આવું ખૂબ કામ કર્યું હતું. ગુજરાતમાં કલાગુરુ રવિશંકર રાવળે પણ આ દિશામાં ઘણું કામ કરેલું જેનો ઉત્તમ ફાલ 'વીસમી સદી'ના અંકોમાં તથા 'કુમાર'માં જોવા મળે છે. પણ મણીભાઈએ જે કામ કર્યું છે એ તો આ અંગેની કોઈ રીતસરની તાલીમ લીધા વિના અને કેવળ નિજાનંદ ખાતર અને આપસૂઝથી કરેલું છે.

ઇ. ૧૯૮૯માં એમના રેખાંકનોનું એક પ્રદર્શન પણ યોજાયેલું. લગભગ ૭૫ જેટલાં એમનાં ચૂંટેલાં રેખાંકનો ત્યારે અમદાવાદમાં રજૂ થયેલાં. જેમાં ક્યાંયે ખચકાયા વગર આલેખાયેલી રેખાઓમાં એમનો આત્મવિશ્વાસ પ્રકટ થતો હતો. વ્યક્તિની લાક્ષણિકતા પકડવાની એમની દૃષ્ટિ અને પાત્રને ખાસ બેસાડયા વિના સભા સંમેલનના સહજ વાતાવરણ વચ્ચે કરાયેલાં એ રેખાંકનો તેમની સિદ્ધહસ્તતા પ્રકટ કરતાં હતાં.

થોડા સમય પર એમનાં આ અર્ધી સદી દરમિયાનમાં રેખાંકનોમાંથી ચૂંટેલા ૧૦૧ રેખાંકનોની એક સુંદર પુસ્તિકા સહૃદય જિજ્ઞાસુઓ અને મિત્રોમાં પ્રસારાર્થે પ્રકટ થઈ છે. આ અગાઉ ૧૯૮૭માં તેની પ્રથમ આવૃત્તિ બહાર પડેલી. એમના પુત્ર વિજય મિસ્ત્રીએ પ્રકટ કરેલી આ પુસ્તિકા આ વિષયના રસિયાઓ માટે પ્રેરણારૂપ તો છે જ, ઉપરાંત તેમાં પ્રકટ થયેલાં છેલ્લી અર્ધી સદી દરમિયાનની વિવિધ ક્ષેત્રોની અનેક ખ્યાત વ્યક્તિઓનાં રેખાચિત્રોનું દસ્તાવેજી મૂલ્ય પણ નાનું નથી અહીં આ સાથે થોડીશી પ્રસાદીરૂપે એમાંનાં થોડાં રેખાંકનો સાભાર પ્રકટ કર્યાં છે.

(પ્રકાશક : શ્રી વિજય મ. મિસ્ત્રી, ૫૦૧, 'સ્વાગત', લાલ બંગલા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬) □

અનુસંધાન] કંકાવટી [પૃ. ૧૬૮ પરથી

શકે તેમ હતાં, પણ ૧૯૯૨ના વર્ષમાં અમેરિકા ખંડના શોધક મનાતા ક્રિસ્ટોફર કોલંબસની પાંચમી શતાબ્દીના વર્ષ સાથે પોતાના પ્રવાસને જોડીને ઉત્તર ધ્રુવ પ્રદેશમાં જવા એમણે વિચાર્યું હતું.

ન્યૂયોર્કથી નીકળી મોન્ટ્રીઅલ થઈને વાયવ્ય કેનેડામાં રેઝોલ્યૂટ બે થઈને તેમનો પ્રવાસ આરંભાયો હતો. શૂન્યથી નીચે ૨૦ અંશ સે. થી ૧૬૦ અંશ સે. જેટલા ઠંડા હવામાનમાં એમને આ પ્રવાસ કરવો પડેલો. ભૂમિ ઉપર નહિ, પણ સમુદ્રની સપાટી ઉપર જામેલા બરફના ધીંગા થર ઉપરના એ પ્રવાસની રોમાંચકતા ઓર જ હતી. પાંચ જ પ્રવાસીઓના એ જૂથમાં પ્રીતિબહેન એક માત્ર મહિલા હતાં. સાથે એક ભોમિયો હતો, જે એમની રસોઈ પણ કરી આપતો, અને બીજા ચાર સહાયકો હતા. પાંચ સ્નોમોબાઈલ સાથે જોડેલી પાંચ લાંબી સ્લેજમાં તેઓએ આ પ્રવાસ કરેલો. સૂસવાતા કાતીલ ઠંડા પવન, વરસતા બરફ વગેરે સામે રક્ષણાર્થે પોષાકના દસ-બાર થર ચડાવી તેઓએ આ પ્રવાસ કરેલો. સાથે રાખેલી ગેસની સગડી ઉપર બરફ ઓગાળીને બનાવેલું પાણી પીવા તથા ખાવાનું બનાવવા વાપરવું પડતું અને ખોરાક પણ ડબ્બામાંનો તૈયાર હોય તે. એમનો માર્ગ પણ ઘણે ઠેકાણે ખાબડખૂબડ. ક્યાંક લીસો બરફ, ક્યાંક ઊંચો નીચો ને ક્યાંય બરફના મોટા ઢેર વાળો. દિવસોથી કે મહિનાઓથી એ બરફના ઢગ ખડકાયા હશે. રોજના આઠથી દસ કલાક તેઓ સફર કરતા અને રાત તંબૂમાં. જો કે ત્યાં રાત હતી જ નહિ, ચોવીસે કલાક દિવસ જ હતો. છઠ્ઠે દિવસે એમના લક્ષ્ય સ્થાનથી વધુમાં વધુ નજીક તેઓ 'ટ્વીન ઓટર' પહોંચ્યાં લગભગ ૩૦૦ માઈલની એ સફર હતી અને ભૌગોલિક ઉત્તર ધ્રુવથી તેઓ ૮૫૦ માઈલ દૂર હતાં. અંત વિનાનો શ્વેત બરફીલો વિસ્તાર અને બિલકુલ નિરવ શાંતિ. સફર દરમિયાન એમને ધ્રુવપ્રદેશના મહાકાય રૂછાંદાર રીંછ અને સફેદ વરૂઓ જોવા મળ્યાં. લાખો વર્ષ પૂર્વેના કસ્તૂરી વૃષભ જેવાં પ્રાગૈતિહાસિક પ્રાણીના અવશેષો પણ જોયા.

મેગ્નેટિક ઉત્તર ધ્રુવના સો એક કિ.મી.ના ઘેરાવાનો આ વિસ્તાર જાણે સહેલાણીઓ માટે હરવા ફરવાનો છે. તેઓએ ત્યાં પિકનિક પણ માણી. તે દિવસ સૂરજ પણ પ્રકાશતો હતો અને પવન પણ શાંત હતો.

આમ, પ્રીતિબહેન ઉત્તર અને દક્ષિણ ધ્રુવપ્રદેશના બરફીલા વિસ્તારોમાં ઘુમનાર પહેલાં ગુજરાતી મહિલા છે. □

કથાસરિત્સાગર

(લંબક ૨ : તરંગ ૫)

કનુભાઈ જાની

વખત જેમ જેમ વીતતો ગયો તેમ તેમ વાસવદત્તા પિયરપક્ષેથી વિમુખી થઈ વત્સેશ્વર તરફ વધારે ને વધારે ગાઢ બંધને બંધાતી ગઈ. તે વખતે પાછો, અન્ય કોઈ પોતાને જોઈ ન શકે એવા અદૃષ્ટ રૂપમાં, યૌગન્ધરાયણ વત્સેશ્વર પાસે પહોંચી ગયો. ત્યાં એકાન્તમાં, વસન્તકની હાજરીમાં જ, એણે રાજાને કહ્યું :

"મહારાજ ! ચંડમહાસેને આપને છેતરીને બંદી બનાવ્યા છે; અને (હવે) કન્યાદાન દઈને સન્માનથી આપને છોડવા માગે છે; ત્યારે આપણે પોતે જ એમની કન્યાનું હરણ કરીને છૂટી નીકળીએ ! એમના અભિમાનનો એ જ યોગ્ય બદલો વાળ્યો ગણાશે, અને 'આણે તો કાંઈ પુરુષાર્થ જ ન કર્યો' એવી લોકમાં ટીકા પણ નહીં થાય.

હવે, આ રાજાએ પોતાની આ વાસવદત્તા નામે કુંવરીને એક ભદ્રવતી નામની હાથણી[1] આપી છે. એની ઝડપને બીજો કોઈ હાથી પહોંચી ન શકે. હા, નડાગિરિ-હાથી ખરો. પણ એ તો આ (હાથણી)ને જોતાં જ લડવાનું ટાળે. આ હાથણીનો એક મહાવત છે આષાઢક નામે. એને ખૂબ ધનથી મેં આપણો કરી લીધો છે. (એટલે) એ હાથણી ઉપર ચઢીને હથિયારો સાથે ગુપ્ત રીતે રાત્રે જ સરકી જવું.

ને અહીંના હાથીખાનાનો મુખ્ય રખવાળ[2] છે હાથીમાત્રની દરેક દરેક હિચચાલનો જાણભેદુ. એને તો આપણે એટલો ઢીંચાવડાવીશું કે હોશકોશ નહીં રહે.

અને આખે રસ્તે પૂરું રક્ષણ મળી રહે એવો પ્રબન્ધ કરવા હું અગાઉથી જ મિત્ર પુલિન્દક પાસે જાઉં છું."

આમ કહેતોકને યૌગન્ધરાયણ ઊપડી ગયો. વત્સરાજે પણ હવે જે કાંઈ કરવું ઘટે તે બધું જ મનમાં બરાબર ગોઠવી લીધું. એટલામાં ત્યાં એની પાસે વાસવદત્તા આવી. એની સાથે અલકમલકની વિશ્રંભવાતો કરતાં કરતાં યૌગન્ધરાયણે કહેલી વાત પણ વત્સરાજે એને જણાવી દીધી. વાસવદત્તાએ પણ એ વાત સ્વીકારી લીધી, નાસી છૂટવાનો નિશ્ચય કરી લીધો. તરત આષાઢકને બોલાવ્યો. હાથણી પર ચઢી-નીકળવાની બધી તૈયારી કરાવડાવી. પછી દેવપૂજાનું બહાનું કાઢીને પ્રસાદ તરીકે અન્યસર્વે મહાવતો સહિત પ્રધાન મહામાત્રને પણ મદ્યમાં ચકચૂર કરી મૂક્યો.

સાંજ ઢળતાં જ, મેઘગર્જના જેવા ઘર્ઘરનાદોવાળા એ પ્રદોષકાળે આષાઢક પેલી હાથણીને તૈયાર કરીને ત્યાં લઈ આવ્યો. ત્યારે એ તૈયાર થયેલી હાથણીએ મોટેથી ખરેખર કાંઈક અવાજ કાઢ્યો. હાથીઓની બોલીના સારા જાણકાર એવા પેલા પ્રધાન મહામાત્રે એ અવાજ સાંભળ્યો પણ ખરો. "હું તો આજે ત્રેસઠ યોજન જઈશ" એમ આ હાથણી કહે છે" એમ એ ગરબડ-સડબડ, ભરપટ્ટે પીધેલ અવસ્થામાં લથડતે શબ્દે બબડ્યો પણ ખરો. પણ એના મગજનું જ ઠેકાણું નહોતું અને અન્ય મહાવતો વળી કેફમાં એવા ચકચૂર હતા કે એમણે તો એનું બોલ્યું જાણે સાંભળ્યું જ નહીં ! ને એ દરમ્યાન તો યૌગન્ધરાયણ-દીધી મંત્રશક્તિથી પોતાને બંધનમુક્ત કરી, પોતાની વીણા તથા વાસવદત્તાએ જાતે લાવી આપેલાં શસ્ત્રો લઈને વત્સરાજ; વસન્તકની સાથે, એ હાથણીએ ચઢ્યો. પણ વાસવદત્તા પણ, એની બધી વાતો જાણકાર નિકટની સખી કાંચનમાલા સાથે ચઢી. એ મત્ત હાથણીએ ગઢની રાંગ તોડીને કરેલા માર્ગે વત્સરાજ અને મહાવત સહિત એ પાંચે જણા, આમ, ઉજ્જયિનીની બહાર પડ્યા. એ સ્થાનના બે ચોકીદારો - તાલભટ્ટ અને વીરબાહુ નામે રાજપુત્રો હતા - એ બન્નેને રાજાએ હણ્યા. આષાઢકે અંકુશ સંભાળ્યું, ને હાથણીએ ચઢીને સૌ મોજથી માર્ગ કાપવા લાગ્યાં.

(આ બાજુ) ઉજ્જયિનીમાં નગરરક્ષકોએ બે દુર્ગરક્ષકોને હણાયેલા જોયા; ચોંક્યા. એ ખબર રાજાને રાત્રે જ પહોંચડ્યા. ચંડમહાસેને પણ ભાળ મેળવી. એને આખરે ખબર પડી ગઈ કે વાસવદત્તાનું હરણ કરીને વત્સરાજ નાસી છૂટ્યા છે. નગરમાં કોલાહલ થતાં રાજાનો એક પાલક નામનો કુંવર હતો તેણે જેવું જાણ્યું એવો જ નડાગિરિ હાથીએ ચડીને વત્સરાજનો પીછો પકડ્યો. એને આવતો જોઈને વત્સરાજે તીરથી યુદ્ધ આરંભી દીધું, પણ નડાગિરિ (હાથી)એ કરેણુ (હાથણી)ને જોઈને લડવાનું પડતું મૂક્યું. ત્યાં તો ચંડસેનરાજાની આજ્ઞાથી બીજા ભાઈ ગોપાલકે આવીને પાલકને વાર્યો અને પાછો વાળ્યો. પછી તો વત્સરાજ નિરાંતે રસ્તો કાપવા લાગ્યા.

ધીમેધીમે રાત વીતી અને બપોર ચઢ્યો. ત્યારે મધ્યાહ્ને રાજા વિંધ્યાટવીમાં પહોંચી ગયા. ત્રેસઠ યોજનની યાત્રા ! હાથણી તરસી થઈ. રાજાએ હાથણી ઝુકાવી. પત્ની સાથે નીચે ઊતર્યો. હાથણીએ ત્યાં ભરપેટ પાણી પીધું (તાપમાં દોડેલી ને ભરપેટ પાણી પીધું) એ કારણે એ તત્ક્ષણ ત્યાં જ ઢળી પડી. રાજા ને રાણી બંને આઘાત પામ્યાં. ત્યાં આકાશવાણી થતી સંભળાઈ :

'હું તો માયાવતી નામે, રાજન્, વિદ્યાધરી હતી,
શાપથી દીર્ઘકાળે ત્યાં હાથણી રૂપમાં રહી.
આજે મેં કર્યું તારું કાર્ય, વત્સેશ, હોંશથી,
ભવિષ્યે વળી કરવાની તારા પુત્રતણુંય તે.
આ જે વાસવદત્તા તે પત્ની નથી જ માનુષી,
દેવી છે; કંઈ કારણે જન્મેલી પૃથ્વીલોકમાં.'

સાંભળીને રાજા રાજી થયો. પછી એણે, પોતે આવી પહોંચ્યાના ખબર આપવા મિત્ર પુલિન્દકની પાસે વસન્તકને મોકલ્યો.

પોતે પણ પગપાળો ધીમેધીમે પત્ની સાથે ત્યાં (મિત્ર પાસે) જવા ચાલી નીકળ્યો. એણે જેવું ઊઠીને ચાલવા માંડ્યું કે એકાએક જાણે ફૂટી નીકળેલા ડાકુઓએ એને ઘેરી લીધો. (પણ) એક માત્ર ધનુષ્યની સહાયથી

જ એણે એકલાએ વાસવદત્તાની નજર સામે જ એકસો પાંચને પૂરા કર્યા. એ વખતે જ ત્યાં વસન્તકનો દોરાવ્યો રાજાનો મિત્ર પુલિન્દક, યૌગન્ધરાયણ સાથે, ત્યાં આવી પહોંચ્યો. બાકી-બચેલા દસ્યુઓને ભગાડીને એ ભિલ્લરાજ વત્સરાજને પગે પડ્યો. પછી, વાસવદત્તા સહિત રાજાને પોતાને ગામડે લઈ ગયો. વનમાં દાભડાથી પગ છોલાયેલા હતા એવી વાસવદત્તા સાથે રાજા ત્યાં રાત્રે વિશ્રામ કર્યો. યૌગન્ધરાયણે પહેલેથી જ દૂત મોકલીને સમાચાર મોકલાવેલા. એટલે સવારે તો સેનાપતિ રુમણ્વાન પણ આવી પહોંચ્યો. અને ચારેદિશામાં ફેલાએલું રાજાનું સૈન્ય પણ ત્યાં આવી પહોંચ્યું, ત્યારે તો વિંધ્ય આખું જાણે ઘેર ઘેરાઈ ગયું ! ત્યારે રાજા પણ એ વિન્ધ્યાટવીમાંના સૈન્યથી શિબિરમાં જ રહ્યો. એને ઉજ્જયિનીના સમાચાર જાણવા હતા. એ ત્યાં હતો હતો ને જ ત્યાં, યૌગન્ધરાયણનો એક મિત્ર, એક વણિક (ઉજ્જયિનીથી) ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો : 'પ્રભુ ! આપના જેવા જામાતા મળ્યા એથી રાજા ચંડમહાસેન તો રાજીરાજી છે. એટલે એમણે આપની પાસે એક સંદેશવાહક મોકલ્યો છે. એ પ્રતિહારને જરા પાછળ પાડીને છાનોમાનો હું આગળ નીકળી જઈ, અહીં આગમચ આવી પહોંચ્યો છું ઝટપટ આપને સમાચાર આપવા.'

એ સાંભળીને રાજા ખૂબ રાજી થયો. ચંડસેનની પ્રશંસા કરી. બધા સમાચાર વાસવદત્તાને આપ્યા. એ પણ ખૂબ પ્રસન્ન થઈ. સ્વજનોને[3] છોડીને આવી હતી, લજજાને ઉત્સુક્તાથી એ ભરીભરી હતી. એટલે એણે પાસે બેઠેલા વસન્તકને કહ્યું, 'કોઈક વારતા માંડો.' ત્યારે બુદ્ધિમાન એવા વસન્તકે એ મૃગાક્ષીને પતિભક્તિ વધે એવી આ કથા કહી સંભળાવી.

પાદટીપ

૧. મૂળ શબ્દ છે 'કરેણુકા'. 'કરેણુ' કે 'કરેણુકા' હાથણી માટેનો અલગ શબ્દ છે. 'કુમારસંભવ' (૩.૩૭)માં છે. 'દદૌ રસાત્પંકજરેણુગંધિ'. કમળના પરાગની ગંધવાળી ! હાથણીને પાણી ગમે ને કમળો પણ ગમે. એટલે એ પરાગરેણુ કે પરાગરજવાળો હોય. એથી કહેવાય 'કરેણુ'. હાથણી 'કરેણુકા' હાથી જ્યારે સહજ હશે ત્યારે આ શબ્દો પણ સહજ હશે.

૨. વિદ્યાપીઠની રચનાના દિવસોમાં 'રજિસ્ટ્રાર' માટેના પર્યાયની શોધે કાકા-પાઠકસાહેબ-પંડિત બહેચરદાસજી-રસિકલાલ જેવા વિદ્વાનોની ચર્ચામાંથી મળેલો શબ્દ છે 'મહામાત્ર'. શબ્દોની પણ કેવી રસિક હેરાફેરી ! મૂળ 'હાથીખાનાના રખેવાળ' 'મહામાત્ર' આજે યુનિવર્સિટીનો 'રજિસ્ટ્રાર' થઈ ગયો છે ! મૂળમાં એ શબ્દ ત્રણ અર્થોમાં પ્રચલિત હતો :

૧ : ઉચ્ચ શાસન-અધિકારી; પ્રધાનમંત્રી;
૨ : હાથીને નિયંત્રણમાં રાખનાર, મહાવત; અને
૩ : હાથીખાનાનો ઉપરી 'મહાવટ.'

મનુસ્મૃતિ (૯.૨૫૯)માં છે :

'મન્ત્રે કર્મણિ ભૂષાયાં વિત્તે માને પરિચ્છદે
માત્રા ૫ મહતી યેષાં મહામાત્રાસ્તુ તે સ્મૃતા.'

મન્ત્રણામાં, કામકાજમાં, દેખાવમાં, ધનમાં,
આદર પામવામાં, લાવલશ્કરમાં બધે જ જેના આદાનપ્રદાનની માત્રા સૌથી વધુ રહે તે મહામાત્ર. હવે ? માત્ર 'મહા' !?

૩. મૂળમાં 'બન્ધુ' શબ્દ છે જે સંસ્કૃતમાં સ્વજનવાચક છે, માત્ર ભ્રાતૃવાચક નહીં. 'બન્ધુ' એટલે 'સગું', 'આપ્તજન.'

અનુસંધાન] નટિયો [પૃ. ૧૬૫ પરથી

એકવાર એને શું ય સૂઝ્યું કે એના છાપરેથી જ સીધો ફળીમાં વચ્ચે કૂદી પડ્યો. પગને મચકોડ આવ્યો. સહુ ભેગા થઈ ગયા. 'આમ તે કરાતું હશે' કહીને મણિફૈબા તો વળી લડી પડ્યા એની બા સાથે. હળદરનો લેપ પણ એમણે જ કર્યો. આવું તો ફળીમાં જ થાય. ગાળ અને ગોળ એક સાથે મળી શકે. આજે તો એ ફળી રહી નથી. વાંદરીના કહેનાર મણિફૈબા નથી રહ્યાં. છાપરાં પર નળિયાં નથી રહ્યાં. અને નટિયો...

આ નટિયો એક બીજાં અર્થમાં પણ લૂંટણિયો હતો. એ સહુના દિલ લૂંટી લેતો તે એની કામ કરવાની ધગશથી. ફળીમાં કોઈને એ કામની ના ન પાડે. સહુનું કામ દોડીને કરે. હડી કાઢીને જાય અને હડી કાઢીને પાછો ફરે. પરંતુ ન્હાવાનો પાકો આળસુ. બે-ત્રણ દિવસે એકવાર ન્હાય. પાછું ન્હાવા જવાનું બોરિંગે. ક્યાંય સુધી ન્હાયા કરે. સાબુ પોતાનો નહીં વાપરવાનો. ક્યારેક તો રૂમાલ પણ ન લઈ જાય. માગીને લે - તેય સહજતાથી. આપવામાં પણ એટલો જ સહજ. એથી આ સહજના જ આજેય મનને પ્રસન્નતાથી ભરી દે છે.

નટિયાએ ફળી વહેલી છોડી, એના બાપાએ પછી. સ્વભાવે નટિયાના બાપા દુર્વાસાના અવતાર. એકવાર નટિયાને નાની એવી બાબતમાં ઢોરમાર માર્યો અને નટિયો ઘર છોડીને ચાલ્યો ગયો. એ ગયો તે ગયો. આખી ફળી ઉચાટ કરે, પરંતુ ન એના વાવડ કે ન એનો પત્તો. સાંજે સહુ ફળીમાં રમવા ભેગા થઈએ ત્યારે નટિયો ન હોય એનો વસવસો ક્યાંય સુધી અમને રહ્યો હતો. અને નટિયાની મીઠી યાદને ભૂલવા અમે ખો રમવાનું છોડી દીધું. ખોના ખાં વગર એ રમત કેમ રમાય ? પછી તો હું એ રમત જ ભૂલી ગયો !

આજે નટિયાને યાદ કરું છું. એની લૂંટણિયાવૃત્તિને યાદ કરું છું. ખો ની રમત યાદ કરું છું. ક્યારેક દુ:ખને ખો આપવા મથું છું. ક્યારેક સુખને ખો આપવા મથું છું. આ મથામણમાં ઘણી ખો ભૂલી ગયો છું ! ☐

અડકો દડકો

બંગલાનું રહસ્ય

અનુવાદક સુશીલા જોષી

'નંદન, ખૂણા પરથી જલ્દી શાક લઈ આવ. તારા પપ્પાને દસ વાગે જમીને ઑફિસે જવાનું છે. ઘરમાં શાક બિલકુલ નથી.' નંદનની મમ્મીએ કહ્યું.

'હા'; નંદન હકાર તો ભણ્યો પણ તે જગ્યા પરથી ઊઠ્યો નહીં કે તેણે હાથમાંનું પુસ્તક પણ બાજુ પર મૂક્યું નહીં. રહસ્યકથા વાંચવા લે ત્યારે નંદનને હમેશાં આમ જ થતું. ઊંડા ભોંયરાનું રહસ્ય, ભીષણ મકાનમાં કરપીણ ખૂન, ઊંચી ટેકરી પર ગુપ્ત ખજાનો અથવા ઝેરનું કુટિલ કારસ્તાન - આવું એકાદ પુસ્તક હાથમાં આવે કે તે પૂરું કર્યા સિવાય બેઠો હોય ત્યાંથી ઊઠે જ નહીં. પણ મોટેરાંઓને બરાબર તે જ વખતે કામ બતાવવાનું સૂઝે. 'જા, કાકીને આટલો સંદેશો પહોંચાડી આવ.'... અથવા 'જરા કરિયાણાની દુકાનેથી ખાંડ લઈ આવ.' એવી શરૂઆત કરીને કંઈ ને કંઈ કામ કરવાનું નંદનને કહે એટલે પછી તેને પુસ્તક બાજુએ મૂકીને ઊઠવું જ પડે.

આથી નંદન કોઈની નજર ન જાય એવી રીતે દાદર નીચે, અગાશીના ખૂણામાં, ટાંકી પાછળ, કોઈવાર માળ ઉપર બેસતો અને પછી જ વાંચવાનું શરૂ કરતો. પણ અત્યારે ટેબલની પાછળ આડશમાં બેઠેલો હોવા છતાં મમ્મીએ તેને શોધી કાઢ્યો અને કામ ગળામાં પરોવી દીધું. મમ્મી પણ જાસુસ જેવી છે !

પણ અત્યારે મમ્મીના ચાતુર્યને સમજવા જેવી પરિસ્થિતિમાં નંદન નહોતો. પુસ્તકમાનું 'ઊંડા ભોંયરાનું રહસ્ય' ખરું રંગમાં આવ્યું હતું, અને તેના તરફ જ તેનું ચિત્ત ચોંટ્યુ હતું. જાસુસ માનવેન્દ્ર એકલો જ ઊંડા ભોંયરામાં ઘૂસ્યો હતો. ત્યાંના રહસ્યની શોધ કરે એટલામાં તો ડાકુ ઈંદ્રનીલ ત્યાં ટપકી પડ્યો. બાપડો માનવેન્દ્ર તેના સકંજામાં ફસાઈ ગયો. ખરેખરી કટોકટી હતી. ત્રણે બાજુ ગુફાની ભીંતો. સામે કાળઝાળ જેવો ઇન્દ્રનીલ પિસ્તોલ તાકીને ઊભેલો. નિઃશસ્ત્ર એકલો માનવેન્દ્ર શું કરી શકે ? શી યુક્તિ કરીને તે છુટકારો મેળવે ? કેવો ગહન પ્રસંગ ! નંદન આગળની વાર્તા વાંચવા ઘણો ઉત્સુક બન્યો હતો.

પણ મમ્મીને તેની કંઈ પડી નહોતી. નંદનની મમ્મીએ ઉતાવળે આવીને તેનો કાન પકડીએ ઉઠાડ્યો. તેના હાથમાં પૈસા અને થેલી આપીને તે બોલી, 'લે આ પૈસા, પહેલાં શાક લઈ આવ.'

'અરે પણ જાઉં છું. આટલું ખૂન તો થઈ જવા દે.' નંદન બબડ્યો.

'હવે જાય છે કે લાફો મારું ?' મમ્મીએ મોટા અવાજે કહ્યું એટલે નંદન નાછૂટકે ઊઠ્યો. પુસ્તક થેલીમાં મૂકીને તે ચાલી નીકળ્યો.'

નંદન ઘરની બહાર તો નીકળ્યો. પણ તેનું મન ઠેકાણે નહોતું. પેલા 'ઊંડા ભોંયરાનું રહસ્ય' ઉકેલવામાં તલ્લીન બન્યું હતું. જાસુસ માનવેન્દ્રનું શું થયું હશે ? તેનો છુટકારો થયો હશે ? ડાકુ ઇન્દ્રનીલે તેને મારી તો નહીં નાંખ્યો હોય ને ! તેની ઉત્સુકતા ઘણી વધી ગઈ. દરમ્યાનમાં એક બંધ દુકાન તેની નજરે પડી. નંદન તેના પાટિયા પર બેસી ગયો અને 'ઊંડા ભોંયરાનું રહસ્ય' વાંચવા લાગ્યો. એક પાનું વાંચ્યું, બે પાનાં વાંચ્યાં, અને પછી તો તે વાંચવામાં એટલો તલ્લીન બની ગયો કે પોતે શાક લેવા નીકળ્યો છે તે વાત તો ભૂલી જ ગયો. મમ્મીને રસોઈ કરવાની છે, પપ્પાને ઓફીસે જવું છે, એ બધાનું વિસ્મરણ થઈ ગયું. પાનાં ફેરવતાં ફેરવતાં તે વાંચતો જ ગયો. છેવટે પુસ્તક પૂરું થયું ત્યારે તેને ભાન આવ્યું.

'અરે રે...! કેટલા વાગ્યા હશે ... ?' હાથમાંની થેલી જોઈને તેને શાક યાદ આવ્યું. હવે ઘેર જશે એટલે મમ્મી તેનો ઉધડો લઈ નાંખશે. તે તરત જ ઊઠ્યો અને ખૂણા ઉપર બેઠેલા શાકવાળા પાસેથી દૂધી અને કાકડી લઈને દોડતો ઘેર આવ્યો. શાક ઓટલા પર મૂકીને હાંફતોહાંફતો બોલ્યો, 'મમ્મી આજે ખૂણા પર શાકવાળો નહોતો. એટલે મારે છેક મોટી માર્કીટ જવું પડ્યું.'

'અરે, ખેતરમાં ગયો હતો કે શું ? નકામાં ખોટાં ગપ્પાં ન માર. ક્યાંક પુસ્તક વાંચતો વાંચતો બેઠો હોઈશ.' મમ્મી બોલી ઊઠી.

'ના, ના, મમ્મી મારા સોગન...'

'અરે, ખોટા સોગન ન લે. તું એક પણ કામ વ્યવસ્થિત નથી કરતો. એકાદ પુસ્તક હાથમાં આવ્યું કે બીજું બધું કામ તું પડતું મૂકી દે છે. આજે તારી બેદરકારીને લીધે તારા પપ્પા માત્ર દાળભાત ખાઈને ઓફિસે ગયા છે. સમજ્યો...! લાવ એ પુસ્તક'. એમ કહીને મમ્મીએ પુસ્તક કબજે કરી લીધું.

'મમ્મી, મમ્મી... ફાટી ન જાય તેનું ધ્યાન રાખજે. સમીરનું છે.' નંદને કહ્યું.

'તો પછી જા, હમણાં ને હમણાં તેને પાછું આપી આવ. ફરીથી તારા હાથમાં પુસ્તક જોઈશ તો જોવા જેવી થશે.' મમ્મીએ આખરીનામું દીધું. તેનો પારો ઘણો જ ચડી ગયો હતો.

નંદન પુસ્તક લઈને સમીરને ઘેર જવા ચાલતો થયો, પણ સમીર રસ્તામાં જ મળી ગયો.

"સમીર, લે તારું પુસ્તક 'ઊંડા ભોંયરાનું રહસ્ય'. ટૉપ છે."

'એમ કે ? ડિકેક્ટિવો કેવા હોશિયાર હોય છે. એકે એક રહસ્ય કેવું શોધી કાઢે છે !'

'આ વાર્તા વાંચીને એમ થાય છે કે આપણે પણ જાસુસ થવું જોઈએ.' નંદને કહ્યું.

'હા, આપણે પણ એકાદ રહસ્ય શોધી કાઢીએ તો કેવી મજા આવે ?' સમીરે કહ્યું.

'સમીર...આપણે પ્રયત્ન કરીએ.'

'શી રીતે ?'

'એકાદ ખૂનનું કારસ્તાન શોધી કાઢવું. ગુપ્ત ખજાનાના દરવાજાની ચાવી કાઢવી અથવા ચોરની ટોળકીનું રહેવાનું ઠેકાણું શોધી કાઢવું, સમજ્યો ?'

'પણ આવાં રહસ્ય ક્યાં છુપાયેલાં હોય છે તે કેમ ખબર પડે ?'

'અરે. એ જ તો ખૂબી છે. વાર્તામાં આઝાદ, ખૂંખાર કે પછી ઇન્સ્પેક્ટર કે પ્રધાન વગેરે લોકો કરે છે તેવી દોડાદોડ કરીએ તો એકાદ રહસ્ય હાથમાં આવી જાય.'

'બરાબર છે, નંદન. એમ થાય તો કેવી મજા આવે ?'

'હા, છાપામાં આપણો ફોટો છપાય. શાળામાં સત્કાર થાય. મહેમાનોને હાથે બક્ષિશ મળે, અને આ મોટા માણસો કુણા પડી જાય. મારી મમ્મી કાયમ બૂમાબૂમ કરી મૂકે છે કે રહસ્યકથા વાંચીશ નહીં.'

'અમારાં દાદાદાદી પણ એમ જ કહે છે. એકવાર આપણું જાહેર સન્માન થાય એટલે બધાં બોલતાં બંધ થઈ જાય.'

'પણ શરૂઆત કેમ કરવી ?'

'એ જ સવાલ છે. એક વાર કંઈક ગડ બેસે તો માર્ગ ખૂલે.'

'તો પછી નક્કી ને કે આપણે ડિટેક્ટિવ બનીએ અને એકાદ રહસ્યનો ભેદ ઉકેલીએ.'

'ચોક્કસ...! નક્કી !' સમીરે સંમતિ આપી.

તે દિવસથી જ્યારે જ્યારે વખત મળે ત્યારે નંદન અને સમીર તપાસ માટે નીકળી પડતા. ચારે બાજુ શું થાય છે તે તરફ બારીકાઈથી ધ્યાન આપવા લાગતા. રસ્તા પર કોઈ કંઈ બોલતું ઊભું હોય તો આ બંનેના કાન તે તરફ જતા. કોઈ માટે શંકા આવે તો તેઓ તેની પાછળ પડ્યા જ સમજવા. વચ્ચે વચ્ચે કોઈક ઘરની બારીમાં ડોકું મારતા. કોઈક વાર નંદન મોટરના નંબર નોંધી લેતો. તો કદીક સમીર જુદાજુદા દુકાનદારો સાથે ગપ્પાં મારીને વિવિધ માહિતી ભેગી કરવાનો પ્રયત્ન કરતો. હજુ તેમને જોઈએ તેટલી સફળતા મળી નહોતી. પણ તેઓ હિંમત હાર્યા નહીં.

એવામાં એક સાંજે આ અતિ ઉત્સાહી વીર તપાસ કરતાં કરતાં ફરી રહ્યા હતા. ફરતાં ફરતાં તે ગામથી જરા દૂર નીકળી ગયા. ત્યાં વસ્તી ઓછી હતી. ત્યાંના ઘર એકબીજાથી દૂર દૂર હતાં. ચારે તરફ જોતાં બંને ચાલ્યા જતા હતા. એવામાં બાજુના ઘરમાંથી એક મોટી ચીસ સંભળાઈ અને બંને ઊભા રહી ગયા.

બીજી જ ક્ષણે નંદન અને સમીરે એ બંગલા તરફ દોટ મૂકી. આ બંગલો બાજુ પર હતો. આજુબાજુ ઘર નહોતાં. બંગલાનું કમ્પાઉન્ડ ઘણું મોટું હતું. આજુબાજુ મોટાં ઝાડ હતાં. તેમાં તે બંગલો છુપાઈ ગયો હોય એમ લાગતું હતું. તે જ બંગલાના બીજા માળ પરથી એ ચીસ સંભળાઈ હતી એવી બંનેને ખાતરી થઈ હતી. શું છે તે જોઈ લેવાનો વિચાર કરી બંનેએ કમ્પાઉન્ડ પરથી અંદર કુદકો માર્યો, ને ઊતરી પડ્યા.

આજે એકાદ સનસનાટીભર્યા રહસ્યનો ભેદ નક્કી જાણવા મળશે. એ વિચારથી બંનેને ઘણો આનંદ થયો. શરીરમાં ઉત્સાહ આવી ગયો. બંનેએ એકબીજા તરફ અર્થપૂર્ણ નજરે જોયું. પછી નંદને સમીરને પોતાની પાછળ આવવાની નિશાની કરી. બંને જાસુસને છાજે એવી સાવધ હિલચાલ કરતા કરતા ધીમે ધીમે ચાલતા હતા. કંઈ પણ અવાજ થવા ન દેતાં પગલાં ભરતા ભરતા તેમણે બંગલાની પ્રદક્ષિણા કરી. બાગમાં કોઈ નહોતું. નીચેના ભાગમાં બારી-બારણાં બંધ હતાં.

એવામાં ઉપરના માળ પરથી બારીમાંથી ફરીથી એક ચીસ સંભળાઈ. ચીસનો અવાજ નાના છોકરાનો હતો. એ અવાજની પાછળ પાછળ બે મોટા માણસોના અવાજનો સંવાદ સંભળાવા લાગ્યો. નંદન અને સમીર કાન માંડીને સાંભળવા લાગ્યા.

'અરે, તેને પકડ, મજબૂત રીતે પકડ.' એક જણ કહેતો હતો.

'એમ કર. તું તેના હાથપગ પકડ. હું તેના મોઢામાં ડૂચો મારું છું' બીજાએ કહ્યું.

દરમ્યાનમાં છોકરાની બીજી લાંબી ચીસ સંભળાઈ. નંદન અને સમીર બંને ફફડી ઊઠ્યા.

'નહીં, નહીં. એમ તે નહીં માને.'

'તેના કરતાં ખુરશી સાથે બાંધી દઈએ. પછી તે શું કહે છે, તે જોઈએ.'

'અરે, અરે. બચકું ભર્યું. ભારે જબરો છોકરો છે.'

'આટલું સાદું કામ તને નથી ફાવતું ? એને આવવા દે પછી ભડકશે.'

'હા, ભાઈ. ગમે તેમ કરીને સોંપેલું કામ તો પૂરું કરવું જ જોઈએ.'

આ સંવાદ સાંભળતા જ નંદન અને સમીરને ખાતરી થઈ કે આ ડાકુઓનો અડ્ડો છે, અને અહીં એકાદ કુટિલ કારસ્તાન થઈ રહ્યું છે. તેઓ બરાબર વખતસર પહોંચ્યા હતા.

'સમીર, મને લાગે છે કે બંગલામાં ડાકુના બે સાથીદાર છે.' નંદને ધીમેથી કહ્યું.

"બરાબર છે. તેમણે એક નાના છોકરાને 'કિડનેપ' કરીને અહીં ગોંધી રાખ્યો છે. નહીંતર અમસ્તો તે ચીસો શા માટે પાડે ?"

'મને પણ એમ જ લાગે છે. એ છોકરાનાં મા-બાપને ધમકી આપીને પૈસા પડાવવાનો તેમનો ઇરાદો લાગે છે.'

'હા. કેવા નિર્દય છે ! તેમણે એ ગરીબ બિચારા છોકરાને ખુરશી સાથે બાંધી દીધો લાગે છે.'

'અને એના મોંમાં ડૂચો દઈ દીધો લાગે છે. તે કદાચ ઝેર પણ હોય. તે છોકરો મરી તો નહીં જાય ને ?'

નંદન અને સમીર એકદમ ચૂપ થઈ ગયા.

'નંદન ગમે તેમ કરીને એ નિર્દોષ છોકરાને છોડાવવો જોઈએ.' થોડીવારે સમીરે ધીરેથી કહ્યું.

'અને તે પણ જલ્દીથી... તેને ઝેર આપે તે પહેલાં. સમીર, એક કામ કર.'

'શું ?'

'તું અત્યારે જ પોલીસચોકી પર જા. ઇસ્પેક્ટરસાહેબને બધી વાત કર, અને તેમને તાબડતોબ અહીં લઈ આવ..'

'ગુડ આઈડિયા !'

'ત્યાં સુધીમાં હું અંદર જઈને ડાકુ વિષે જાણકારી મેળવું છું.'

'એક્લો ?'

'હા, બીજો રસ્તો જ નથી. ધીંગામસ્તી કરીને તેમને રોકી રાખીશ. ત્યાં સુધીમાં તું આવી પહોંચીશ.'

'પણ તું અંદર શી રીતે જઈશ ?'

'ઉપર ચડીને જઈશ. તું જલ્દી દોડતો જા.'

નંદને ધીમા અવાજે કહ્યું. સમીરે ડોકું ધુણાવીને હા કહી. હવે તેમનામાં સારો એવો ઉત્સાહ આવી ગયો હતો. તે પોલીસચોકી તરફ દોડ્યો.

આ બાજુ નંદન બંગલામાં કેમ ઘૂસવું તેના વિચાર કરવા લાગ્યો. બંગલાની પાછળના ભાગમાં એક મોટો ઘટાદાર આંબો હતો. તેની ડાળીઓ ઠેઠ ઉપરના માળની ગેલરિ સુધી પહોંચી હતી. ગેલરિમાંનું ઓરડીનું બારણું ઉઘાડું રહ્યું. ઝાડ ઉપરથી ગેલરિમાં કૂદકો મારીને બંગલામાં પ્રવેશ કરી શકાય તેમ હતું.

નંદને મનમાં ને મનમાં ગોઠવણ કરી લીધી ઘણા આત્મવિશ્વાસથી તે ઝાડ પર ચડ્યો. ડાળીઓનો આધાર લેતો હતો. તોલ સંભાળીને તે ધીમે ધીમે ગેલરિની દિશામાં આગળ વધ્યો. ગેલરિની તદ્દન નજીક આવતાં જ તેણે આજુબાજુ નજર નાખીને કોઈ જોતું નથી તેની ખાતરી કરી લીધી. પછી ધીમેથી કૂદકો માર્યો. ને ગેલરિમાં પડ્યો ખરો. પણ જરા ખળભળાટ થયો તોલ ખોઈને તે ગેલરિમાં જરા અફળાયો. આધાર માટે તેણે ગેલરિનો કઠેડો પકડ્યો. છતાં માથું કઠેડા સાથે ભટકાયું અને તોલ પાછળનો ભાગ કોઈકે પકડ્યો. તેનો શ્વાસ એકદમ રૂંધાયો. પોતાને કોઈકે પકડ્યો છે. પાછું વાળીને જોવાનું પણ તેને માટે અશક્ય બન્યું. ડાકુઓ ઘણા હોશિયાર લાગતા હતા. તેમણે નંદનને પરાસ્ત કર્યો હતો.

'પકડ્યો. પકડ્યો. સાલો ચોર છે.' તેના કાન પર નાના છોકરાના શબ્દો અથડાયા.

'અરે, છોડ મને. હું ચોર નથી.' નંદને બોલવાનો પ્રયત્ન કર્યો, પણ તેની ગળચી પકડી હોવાથી તેના મોંમાંથી શબ્દો નીકળ્યા નહીં.

એવામાં એ બૂમરાણ સાંભળીને બીજા બે જણ અંદરથી દોડતા આવ્યા. ત્રણેએ મળીને નંદનના હાથપગ અને આંખો બાંધી દીધાં. આંખો પર પાટા હોવાથી નંદનને એ માણસોના ચહેરા દેખાતા નહોતા. પણ અવાજ પરથી એ પહેલાંના જ ડાકુ છે એમ તેને ખબર પડી ગઈ.

'સાલો ચોર...! ગેલરિમાંથી અંદર ઘૂસે છે. સારું થયું કે પકડાઈ ગયો.'

'આપણા બાગમાંથી ફળ ચોરાઈ જાય છે તે આજ લઈ જતો હશે. આજે ઘરમાં હાથ મારવાનો તેનો ઇરાદો હશે એમ લાગે છે. પણ આજે બરાબર તે સકંજામાં આવી ગયો.'

'હવે પોલીસને હવાલે જ કરી દઈશું.'

એ ડાકુ અંદરોઅંદર વાત કરતા હતા. નંદન છૂટવા માટે અને બોલવા માટે તરફડતો હતો. પણ તેને ડાકુએ સારી રીતે બાંધી લીધો હતો, એટલે તેની દોડાદોડ વ્યર્થ હતી.

આ દરમ્યાનમાં બંગલાનું આગલું બારણું ઊઘડવાનો અવાજ આવ્યો. અને પાછળ પાછળ સમીર હતો. અવાજ આવ્યો. 'ઈન્સ્પેક્ટરસાહેબ_પકડો પકડો આ ડાકુઓને_'

'વાહ ! સમીર બરાબર વખતસર આવી પહોંચ્યો.' નંદન મનમાં ને મનમાં બોલ્યો.

'મારા મિત્રની આ લોકોએ કેવી દુર્દશા કરી છે તે જુઓ.' એમ કહેતોકને સમીર આગળ સરક્યો. અને કોઈને ખબર પડે તે પહેલાં નંદનની આંખો અને હાથ પરના પાટા છોડી નાંખ્યા. સમીર અને નંદન કૂદકો મારીને પોલીસની પાસે ઊભા રહી ગયા. સમીર સાથે પોલીસ ઈન્સ્પેક્ટર પરમાર અને હવાલદાર સખારામ આવ્યા હતા.

'ઈન્સ્પેક્ટરસાહેબ. જોઈ શું રહ્યા છો. પકડો આ ડાકુઓને, નહીં તો તેઓ નાસી જશે.' નંદન કરગરીને બોલ્યો_

હવે તેને એ બે ડાકુ માણસો અને પેલો નાનો છોકરો સ્પષ્ટ દેખાતા હતા.

'અરે_એ_ચોર ! કોને ડાકુ કહે છે ? ચોરી અને પાછી શિરાજોરી_' એક ડાકુ બરાડ્યો.

'ઈન્સ્પેક્ટરસાહેબ, પહેલાં એ છોકરાને કબજે કરો. તે ગેલરિમાંથી ઘરમાં ચોરી કરવા ઘૂસ્યો' બીજો ડાકુ નંદન તરફ આંગળી ચીંધીને બોલ્યો.

નંદન, સમીર અને એ ડાકુઓ સામસામા ઊભા રહીને એકબીજા તરફ તાકી તાકીને જોતાં બરાડવા લાગ્યા. ધમાલ મચી ગઈ.

'ઓહ_! શટ અપ ! ધમાલ કેમ કરો છો ?' પોલીસ ઈન્સ્પેક્ટર પરમાર મોટે અવાજે બરાડ્યા. તરત જ ચારે જણા ચૂપ થઈ ગયા.

'પહેલાં તમારામાંથી ચોર કોણ છે તે નક્કી કરો. અમારું કામ સહેલું થાય.' હવાલદાર સખારામે કહ્યું.

ઘડીભર શાંતિ પ્રસરી ગઈ.

'હવાલદાર, આ બધાનાં નામ લખી લ્યો. તેમની જુબાની લ્યો, અને એકસાથે બધાને પોલીસચોકી પર લઈ ચાલો.' ઈન્સ્પેક્ટર પરમારે હુકમ કર્યો.

'પોલીસચોકી પર શા માટે ?' એમ કહેતીકને એક બાઈ ઉતાવળી ઉતાવળી રૂમમાં ઘૂસી.

'બેન, તમે કોણ છો ? અહીં તપાસ ચાલે છે. તેમાં વિઘ્ન ન નાંખો.'

'કોણ એટલે ? હું મિસિસ વંદના પટેલ. આ બંલગાની માલિકણ.'

'તમે આ માણસોને ઓળખો છો ?' ઈન્સ્પેક્ટર પરમારે પૂછ્યું.

'અરે; ઓળખો છો એટલે શું ? આ મારા મિસ્ટર શરદ પટેલ અને આ મારો ભાઈ મોહન અને આ અમારો દીકરો - ડબ્બૂ.'

'એટલે તેઓ ડાકુ નથી એમ કે_?'

'ના, રે ના. ઈન્સ્પેક્ટરસાહેબ, આ ડાકુગીરી કઈ રીતે કરે ? અરે_ પોતાનું પાકિટ સંભાળતા પણ તેમને આવડતું નથી' વંદના મોઢા પર સાડીનો છેડો નાંખીને હસતાં હસતાં બોલી.

'અને આ છોકરાને તેઓ ભગાડી લાવ્યા નથી, એમ ને ?'

'અરે પોતાના છોકરાને કોઈ ભગાડી લાવતું હશે ? પણ આ બધું શું ચાલી રહ્યું છે ? મને તો કંઈ જ સમજાતું નથી'

'હું કહું છું. પેલો ચોર જુઓ_ ગેલરિમાંથી ઘરમાં ઘૂસ્યો હતો. અમે તેને બરાબર પકડી લીધો અને ઉપરથી આ ઈન્સ્પેક્ટરસાહેબ અમને જ ડાકુ ઠરાવે છે.' મિસ્ટર પટેલ બોલ્યા.

અત્યાર સુધી વંદનાની પીઠ નંદન તરફ હતી. તે પાછું વાળીને નંદન તરફ જોઈને બોલી. 'કોણ ચોર ? આ ? કમાલ છે ?'

'શાની કમાલ ?'

'અરે આ છોકરો તો મારો ઓળખીતો છે. તે તો સજ્જન છે.'

'એટલે ચોર નથી ?'

'ના. ના. એ તો માલતીનો છોકરો નંદન છે. બાપડો ક્યાંક સંદેશો પહોંચાડવા આવ્યો હશે અને તમે તેને ચોર ઠરાવી બેઠા છો.' વંદના બોલી.

'તો પછી આગળના બારણેથી ન આવતાં લપાતાં છુપાતાં ગેલરિમાંથી કૂદકો મારીને ઘરમાં કેમ આવ્યો ?' પરમારે પૂછ્યું.

'બોલો, હવે જવાબ આપો.' હવાલદાર સખારામને પણ જોર ચડ્યું.

'ઈન્સ્પેક્ટરસાહેબ, હું અને નંદન અહીં રસ્તા પરથી જતા હતા. તેવામાં આ બંગલામાંથી નાના છોકરાની ચીસ સંભળાઈ. પછી આ બંનેના સંવાદ પરથી અમને લાગ્યું કે અહીં ડાકુએ કોઈક નાના છોકરાને જબરદસ્તીથી ગોંધી રાખ્યો છે. એટલે તેને છોડાવવા માટે નંદન લપાતો-છુપાતો અંદર ઘૂસ્યો અને હું તમને લેવા આવ્યો.' સમીરે ખુલાસો કર્યો.

(અનુસંધાન પાન ૧૮૦ ઉપર)

સાહિત્યસંપર્ક


ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા કવિ રાજેન્દ્ર શાહનું સન્માન

ગુજરાત સાહિત્ય અકાદમીની મૂર્ધન્ય સાહિત્યકારને સન્માનવાની યોજનામાં આ વર્ષે કવિ રાજેન્દ્ર શાહનું સન્માન થયું. ૨૧મી માર્ચ, સમય સાંજના સાત, સ્થળ ભાઈકાકા હૉલ, સાહિત્યકારો અને સાહિત્યરસિકોની ભરચક હાજરી. રાજેન્દ્રભાઈએ જે કહ્યું તે પ્રેરક અને પ્રબોધક હતું.

તેમણે આરંભમાં 'પ્રતિભાવ'ની વાત કરી તે કહે: મારે શાનો પ્રતિભાવ આપવાનો ? નાનપણમાં કોઈ મંદિરમાંથી બૂમ પાડીએ અથવા ડુંગરામાંથી બૂમ પાડીએ તો પડઘા પડે. મારા કાવ્યમાંથી તમોને જે આનંદ મળ્યો હોય તેનો તમે પ્રતિભાવ આપ્યો છે. હવે આ પ્રતિભાવનો શો પ્રતિભાવ આપવો. મારો આનંદ જો બીજાએ ઝીલ્યો હોય તો તે દ્વિગુણિત - અનેક ઘણો થઈને મારી પાસે આવ્યો છે. નાનપણમાં શાળામાં શિક્ષકો ગીતો મોંઢે કરાવતા. ઘરમાં પણ ગીતો મોંઢે થતાં. એમાંથી બે પંક્તિઓ યાદ રહી ગઈ છે, એણે પ્રેરણાનું બળ પૂરું પાડ્યું છે એમ કહી 'યોગિનીકુમારી'ના લેખક છોટાલાલ જીવણલાલ માસ્તરની એ બે પંક્તિઓ તેમણે રજૂ કરી :

પ્રસન્નતાને કદી નવ ત્યજીએ
પ્રસન્ન સૌ સ્થિતમાં રહીએ

બીજી પંક્તિઓએ જીવનમાં પ્રેરણા આપી છે તે ઉપેન્દ્રાચાર્યની છે :



શાન્ત હો મન શાન્ત હો
નિર્લેપ ને નિર્ભ્રાન્ત હો
સમસ્થિતિમાં રહેવું
એ વ્રત મારું આમરણાન્ત હો.

• તેમણે કહ્યું કે મારી યાત્રા એ આનંદની યાત્રા છે, એટલે જ નિરુદ્દેશે છે. અમુક દિશાએ જવાનું ક્યાં રહ્યું ? આનંદનો વિનિમય છે આ તો. તેમને અર્પણ થયેલા પુરસ્કાર વિશે કહ્યું કે પુરસ્કાર એ યાત્રાપથે મળી આવેલું 'પાથેય' છે. એને 'પ્રસાદ' પણ કહેવાય. પ્રસાદનો પરિહાર ન થઈ શકે, ઉપભોગ થઈ શકે, વહેંચી પણ લેવાય.

આવા શ્રી રાજેન્દ્ર શાહનો જન્મ ઈ.સ. ૧૯૧૩ના જાન્યુઆરીની અઠ્ઠાવીસમી તારીખે કપડવણજમાં થયેલો. દાદા-દાદી ધર્મપરાયણ હતાં. પિતા સાદરામાં સરકારી વકીલ હતા. જજપદે પહોંચેલા. તે વડોદરા આવ્યા ત્યારે શ્રેય:સાધક વર્ગના પરિચયમાં આવ્યા અને શ્રીમન્નૃસિંહાચાર્યના અંતેવાસી બન્યા. પિતા કેશવલાલ અને માતા લલિતાબહેનનું એકનું એક સંતાન રાજેન્દ્ર. બે વર્ષની ઉંમરે તેમણે પિતા ગુમાવ્યા. વિધવા માતાએ કાળજીપૂર્વક ઉછેર્યા. પ્રાથમિક શિક્ષણ કપડવણજની મ્યુનિસિપલ શાળામાં લીધું. અંબુભાઈ પુરાણીની વ્યાયામ-પ્રવૃત્તિઓમાં રસ લીધો. ૧૯૩૦માં અસહકારની લડતને કારણે મેટ્રિકની પરીક્ષામાં બેસવાનું દૂર ઠેલાયું. ૧૯૩૨માં એ પરીક્ષા પસાર કરી ૧૯૩૩માં મુંબઈની વિલ્સન કૉલેજમાં દાખલ થયા. પણ તબિયતને કારણે ઘેર પાછા ફરવું પડ્યું. છેક ૧૯૩૭માં ફિલોસૉફી સાથે બી. એ. થયા. એમ. એ.ના અભ્યાસની ઇચ્છા હોવા છતાં કૌટુંબિક પરિસ્થિતિને કારણે થઈ ન શક્યો. અમદાવાદમાં 'કુમાર' અને તેના તંત્રી બચુભાઈ રાવતની છાયામાં રાજેન્દ્રની કવિતા પાંગરવા લાગી. બુધસભામાં નિયમિત જવા લાગ્યા. સુન્દરમ્‌ના પરિચયમાં આવ્યા અને તેમની ભલામણથી જ્યોતિસંઘમાં શિક્ષક તરીકેની નોકરી મળી ગઈ. એ પછી તેમણે જુદા જુદા વ્યવસાયો કર્યા. 'ગૃહસાધન' નામે દુકાન કરી, કોલસાનો સ્ટોર કર્યો, બૉબિન બનાવવાનું કારખાનું શરૂ કર્યું. પછી એ મુંબઈ ગયા, નોકરી કરી. જંગલોમાં લાકડાં કાપવાનો કૉન્ટ્રાક્ટ રાખતા કંપનીમાં નોકરીની હેસિયતથી થાણાનાં જંગલોમાં ફરવાનું બન્યું. આ પ્રકૃતિ-સૌંદર્યનો અનુભવ તેમની કવિતામાં ઊતર્યો છે. એ પછી ૧૯૫૧માં 'પાયોનિયર ટ્રેડર્સ' નામે કાગળનો વેપાર શરૂ કર્યો. એ પછી 'લિપિની પ્રિન્ટરી' નામે પ્રેસ કર્યું. તેમનું ખરું શિક્ષણ જીવનની પાઠશાળામાં જ થયેલું છે. દાદા-પિતાના ધાર્મિક વારસાએ તેમને વિકટ પરિસ્થિતમાં ટકાવી રાખ્યા છે. રાજેન્દ્રનું આધ્યાત્મિક માનસ તેમના જીવનમાંથી પ્રકટ્યું છે. શ્રેયસ્સાધક વર્ગ અને ઉપેન્દ્રાચાર્યજીની તેમના માનસ પર પ્રગાઢ અસર થયેલી છે. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'ધ્વનિ' બે વિભૂતિઓને અર્પણ થયો છે. એક, ઉપેન્દ્રાચાર્ય 'જેણે કીધો દીક્ષિત' અને બીજા ત્રિલોકચંદ્રસૂરિ 'જેણે દીધી લેખિની'. અત્યારે સંપૂર્ણપણે નિવૃત્ત થઈ અમદાવાદ-કપડવણજમાં રહે છે.

જીવનને રાજેન્દ્રભાઈએ શાશ્વત યાત્રા રૂપે જોયું છે. આ મુદ્દાને સ્ફુટ કરતાં તેમણે કહ્યું કે સૃષ્ટિની ઉત્પત્તિથી સૃષ્ટિનું સંવરણ થાય ત્યાં સુધી એ શાશ્વત યાત્રા જ છે. મૃત્યુ કાંઈ છે જ નહીં. મૃત્યુ એ એક તીર્થમાંથી બીજી તીર્થમાં પ્રયાણ કરવાનો દરવાજો છે. સર્વત્ર પરિબ્રહ્મે આનંદ અર્થે આ વિલાસ કર્યો છે. ચારે બાજુ જો આનંદ જ હોય તો વિષાદ ક્યાંથી આવ્યો ? તેમણે નરસિંહ મહેતાની પંક્તિઓ યાદ કરી કે :

જાગીને જોઉં તો જગત દીસે નહીં
ઊંઘમાં અટપટા ભોગ ભાસે
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે,
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.

નરસિંહની આ આર્ષવાણી છે. બધાં જ શાસ્ત્રોનો એમાં નિચોડ છે. જગતના સાહિત્યમાં પણ આવી પંક્તિઓ નહીં મળે. અંધકાર એ પ્રકાશનું બીજું સ્વરૂપ છે. અંધકાર ન હોત તો સૃષ્ટિનું સૌંદર્ય શી રીતે પામી શકાત ? તેમણે એક ઉદાહરણ આપ્યું કે તેમનું કાવ્ય 'આપણા દુઃખનું કેટલું જોર ?' 'કુમાર'માં છપાયેલું. કોઈ વાચક જીવનથી હતાશ બની આત્મહત્યા કરવા તૈયાર થયેલો. આ કાવ્ય વાંચી એને બળ મળ્યું અને એણે તંત્રી બચુભાઈ રાવતને પત્ર લખેલો. એ પત્ર બચુભાઈએ રાજેન્દ્રભાઈને વંચાવેલો.

કવિતાનો આ જાદુ છે. કવિતા-કલા શું કરી શકે છે તે આવા દાખલાઓમાં જણાઈ આવે છે.

ઝટિયા

માથાના છૂટા અને વીખરાયેલા વાળ. દેશી સર્વસંગ્રહ'માં તેની વ્યુત્પત્તિ આ પ્રમાણે દર્શાવી છે : દેશી झंटी – लघुऊर्ध्वकेष = નાના અને ઊભા વાળ (તૃતીય વર્ગ શ્લોક ૩૩૯)

ઉદાહરણ -

न झडि झंखो अपिः रविः करोति जलं चैव अत्र मरूदेशे ।
मुञ्च झमालाइं लुलयझंटिओ झंदृयाइं चुण्टय ॥ २६१ ॥

સૂર્ય તુષ્ટ થયો હોય તો પણ મારવાડમાં ઝડી (વરસાદની ઝડી) વરસાવતો નથી પણ તે અહીં (મારવાડમાં) ઝંઝવાં જ કરે છે. ઈંદ્રજાળોને મૂકી દે અને ફરફરતાં ઝટિયાં માથામાં ઊભાં છે એવો તું પીલુ ચૂંટ. (ભેગા કર.)

'સાર્થ જોડણીકોશ'માં આ શબ્દ નથી તે નોંધવું રહ્યું.

તો, 'ભગવદ્ગોમંડળ' (ભા. ૪, પૃ. ૩૪૦૪) એક બીજો અર્થ આ પ્રમાણે આપે છે :

જટિયું : ન. જટાનું એકાદ છોગું, વાળની છૂટી ગૂંચવાયેલી લટ, ટૂંકા ને બરછટ વાળની લટ, અંબોડા વાળ્યા વિનાના છૂટા વાળ.

બન્ને - બાબરી ને ઝટિયા-ને સાથે લઈએ તો; એકમાં (બાબરીમાં) સુઘડતા પ્રતીત થાય છે : તો બીજામાં (ઝંટિયામાં) અવ્યવસ્થા, અસ્વસ્થતા, કૈંક અંશે બેકાળજીપ્રકટ થાય છે.

હસમુખ વ્યાસ

માટે જ તો માનવજાતિ સદીઓથી કવિઓ અને સાહિત્યકારો પ્રત્યે આદરભાવ રાખતી આવી છે. મનુષ્યની જીવનયાત્રામાં જે સધિયારો કલાઓ આપે છે તે બીજી કોઈ ચીજ આપી શકતી નથી.

રાજેન્દ્રનું જીવન એ પુરુષાર્થની ગાથા સમું છે. આર્થિક સ્થિતિ અને અન્ય સંજોગોને કારણે તે માંડ પોતાનો અભ્યાસ ચાલુ રાખી શક્યા. વિવિધ નોકરીઓ કરેલી પણ પછી સ્વતંત્ર વ્યવસાયમાં ઝંપલાવ્યું, ૧૯૭૦માં ધંધામાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ હમણાં સુધી તે ઉત્કંઠેશ્વર 'યોગાશ્રમ'માં રહેતા હતા. થોડા સમય પહેલાં જ અમદાવાદનિવાસી બન્યા છે. અમદાવાદ નસીબદાર કહેવાય. બાકી રાજેન્દ્રને તો સર્વત્ર યોગાશ્રમ જ છે !

અર્વાચીન ગુજરાતી સાહિત્યકારોમાં સુન્દરમ્ અને રાજેન્દ્ર શાહ એ બે કવિઓ એવા છે જેમણે કોઈ હોદ્દો સંભાળ્યો નથી, પણ જીવનભર કવિતાને જ સમર્પિત રહ્યા છે. વિદ્યમાન કવિઓમાં તે જયેષ્ઠ અને શ્રેષ્ઠ છે.

'જન્મદિને' કાવ્યમાં કવિની મનીષા નાનકડી સાંકડી જાતમાંથી છૂટીને ભૂમાને પામવાની છે :

સહુને મુજ અંતરે ધરું
સહુને અંતર હુંય વિસ્તરું

કવિએ કવિતાને પ્રેમના છંદરૂપે જોઈ છે. એમની કવિતા પ્રેમનું જ ગાણું છે. આ કીમિયો આત્મવિસ્તારનો છે. તેમણે જ કહ્યું છે :

ઘરને ત્યજી જનારને
મળતી વિશ્વતણી વિશાળતા

આ બૃહદ્‌ની ઝંખના અને પ્રતીતિ રાજેન્દ્રની કવિતાના કેન્દ્રમાં છે. પછી એ પ્રણયકાવ્યો લખે કે પ્રકૃતિકાવ્યો લખે પણ એનો પાયો આ પ્રેમ છે. ચાલીસીની કવિતામાં જે વિશ્વપ્રેમની વાત આવતી હતી, જે માનવતા - પ્રેમનું ગાન થતું હતું, એના કરતાં આ ચીજ જુદી છે. એનું નિરૂપણ પણ કોઈ ભાવનાસભર વિચાર કે સ્પૃહણીય આદર્શની રીતે થયું એના કરતાં વિશેષ તો અનુભૂતિરૂપે, કશીક આંતરપ્રતીતિરૂપે થયું હોઈ ગુજરાતી કવિતામાં વિશિષ્ટ કોટિનું છે.

ઉમાશંકરે રાજેન્દ્ર શાહને 'સૌંદર્યલુબ્ધ કવિ' તરીકે ઓળખાવેલા 'ધ્વનિ' પછી તેમણે 'આંદોલન' (૧૯૫૧), 'શ્રુતિ' (૧૯૫૭), 'શાંત કોલાહલ' (૧૯૬૨), 'ચિત્રણા' (૧૯૬૭), 'ક્ષણ જે ચિરંતન' (૧૯૬૮), 'વિષાદને સાદ' (૧૯૬૮), 'મધ્યમા' (૧૯૭૭), 'ઉદ્‌ગીતિ' (૧૯૭૮), 'ઈક્ષણા' (૧૯૭૯), 'પત્રલેખા' (૧૯૮૧), 'પ્રસંગ સપ્તક' (૧૯૮૨), 'પંચપર્વા' (૧૯૮૩), 'કિંજલ્કિની' (૧૯૮૩), 'વિભાવન' (૧૯૮૩), 'દ્વા સુપર્ણા' (૧૯૮૩) એ સંગ્રહો પ્રકટ કર્યા છે. આ બધા સંગ્રહો 'સંકલિત કવિતા' (૧૯૮૩)માં સમાવિષ્ટ થાય છે. ત્યાર પછી તેમણે 'ચંદનભીની અનામિકા' (૧૯૮૭), 'નીલાંજના' (૧૯૮૯) અને તાજેતરમાં 'આરણ્યક' (૧૯૯૨) કાવ્યસંગ્રહો આપ્યા છે. 'મોરપીંછ' (૧૯૫૯), 'આંબે આવ્યા મોર' (૧૯૮૫) અને 'રુમઝુમ' (૧૯૮૯) એમનાં બાલકાવ્યોનાં સંગ્રહો છે. એમણે 'ગીતગોવિંદ', વ્હિટમનનાં કાવ્યો 'તૃણપર્ણ' આદિ અનુવાદો પણ આપ્યા છે. સોનેટ, ગીત, દીર્ઘરચનાઓમાં રાજેન્દ્રને એકધારી સફળતા મળી છે. આ પ્રકારોમાં અન્ય કવિઓએ પણ કામ કર્યું છે. પણ દૃઢ પદ્યબંધ, તાજગીભર્યાં કલ્પનો અને પ્રતીકો અને સૌથી વિશેષ કોંક અપૂર્વ સૌન્દર્યની અનુભૂતિ કરાવતો લય-હિલ્લોળ રાજેન્દ્રની કવિતાને આગવું લાવણ્ય અર્પે છે. રાજેન્દ્રી કવિતાના આધ્યાત્મિક અભિગમ વિષે વિવેચકો લખે છે, પણ સુન્દરમ્-મકરંદ દવે વગેરેની આધ્યાત્મિક કવિતાને પડછે રાજેન્દ્રની તદ્-વિષયક કવિતાને મૂકતાં તરત ફરક ધ્યાન પર આવે છે કે રાજેન્દ્ર અધ્યાત્મ-અનુભૂતિને સૌન્દર્યબોધ રૂપે અભિવ્યક્તિ આપતા હોઈ આ કવિતાના વાચનથી કેવળ આનંદ જ શેષ રહે છે. રાજેન્દ્ર જેવા સાત્ત્વિક કવિનો અવાજ ગુર્જર ગિરાનું આભરણ છે. 'રણજિતરામ સુવર્ણચંદ્રક', 'સાહિત્ય અકાદમી અવૉર્ડ', 'નર્મદ ચંદ્રક', 'ન્હાનાલાલ પારિતોષિક', 'અરવિંદ ચંદ્રક', 'ભારતીય ભાષા પારિતોષિક' આદિ પુરસ્કારો એમને એનાયત થયા છે તે આ વાતની ગવાહી પૂરે છે.

આપણી પાસે બીજા રાજેન્દ્ર શાહ નથી આ પ્રસંગે રાજેન્દ્રભાઈને ખૂબ ખૂબ શુભેચ્છાઓ

- ડૉ. રમણલાલ જોશી

સાહિત્યિક સંજ્ઞાઓ

વર્ડ (WORD) શબ્દ :

દેખીતી રીતે નિરુપદ્રવી લાગતી આ 'વર્ડ' સંજ્ઞાની આસપાસ પાશ્ચાત્ય વિવેચનના સંદર્ભમાં તો કંઈ અદ્ભુત તણાવો રચાતા રહ્યા છે. પણ એ તરફ ફરીએ એ પહેલાં 'વર્ડ' વિશે વિચારનાં આંગણા માં જ પડેલી એક મજાની આપત્તિ તરફ નજર કરી લઈએ. કદાચ એ આપત્તિ જ આપણને આ પ્રકારની પર્યાયચર્ચાની વ્યાવહારિકતા કે વિફલતા વિશે મહત્ત્વનાં પાસાં દર્શાવી આપે

'વર્ડ' સંજ્ઞાનો ગુજરાતી પર્યાય 'શબ્દ' છે, પણ જે મૂળ સંસ્કૃત સંદર્ભમાંથી આ 'શબ્દ' સંજ્ઞા ખેંચાતી આવે છે તેમાં તેનો એક અર્થ 'નાદ' અથવા 'અવાજ' જેવો થાય છે તે જાણીતું છે. 'વર્ડ' સંજ્ઞાને એની પોતાની વળગણો જરૂર છે, પણ આ રીતની જેને 'અવાજ' કે 'રવ' કહીએ તે અર્થનો ધ્વનિ તેમાંથી મૂળ અંગ્રેજી સંદર્ભમાં ઊપસતો નથી. 'વર્ડ' સંજ્ઞા માટે 'શબ્દ' જેવી ગુજરાતી સંજ્ઞાને પર્યાય તરીકે વાપરવામાં આ મર્યાદરૂપ નહીં તો જરૂરથી ધ્યાનમાં રાખવા જેવું ઘટક તો છે જ.

'વર્ડ'/'શબ્દ' સંજ્ઞાઓને સ્પર્શતું આથી મોટું એક પરિમાણ છે. સંસ્કૃત પરંપરામાં વિકસેલી વિવેચનામાં 'શબ્દ'ની સાથે જોડકામાં વપરાતી સંજ્ઞા 'અર્થ' છે : શબ્દ અને અર્થ એ બે ઘટકોનાં લગભગ સહજ રીતે વિસ્તરનાં વલયોથી ચર્ચા બંધાતી જાયછે. હવે જો ગુજરાતીભાષી વાચક આ અભ્યાસથી દોરવાઈ આગળ વધે તો અંગ્રેજી સંજ્ઞાઓ 'વર્ડ' અને 'મીનિંગ'ના ક્ષેત્રમાં ખેંચાતો રહે. સંજ્ઞાઓનાં આવાં યુગ્મોથી એકથી વધુ સંદર્ભમાં ઘણીવાર ચર્ચાનું ક્ષેત્ર નિયત થઈ રહે છે. કેટલીકવાર આવી સંજ્ઞાદ્વયીમાં સંજ્ઞાઓનો પરસ્પર વિરોધ હોય છે, તો કોઈક વાર સાયુજ્ય. પણ મહત્ત્વનું એ છે કે આપણા ગુજરાતી, અને અંતે તો સંસ્કૃત, પ્રણાલિના અભ્યાસથી ઉપસેલા શબ્દ અને અર્થના જોડકાને બદલે જો આપણે મૂળ અંગ્રેજી, ખાસ કરીને દાર્શનિક, સંદર્ભો પર ધ્યાન ઠેરવીશું તો ત્યાં શબ્દ-અને-અર્થ કરતાં એક બીજું જ સંજ્ઞાયુગ્મ પ્રવર્તતું જોઈશું.

તે છે : શબ્દ - અને - પદાર્થો, વર્ડ્ઝ-એન્ડ-થિંગ્ઝ. પાશ્ચાત્ય, અને ખાસ કરીને ઈન્દ્રિયપ્રત્યક્ષના સ્થૂલ વિશ્વમાં લાંગરેલી અંગ્રેજ પરંપરાની એક લગભગ સ્વભાવગત ટેવ આથી છતી થાય છે. તમે શબ્દની સાથે અર્થની વાત આરંભો એ પહેલાં આ પદાર્થોનું ભર્યું વિશ્વ આખુંય વચમાં પડ્યું છે તેની વાત ઉકેલો. વર્ડ્ઝ એટલે કે શબ્દો જો અર્થોનું વહન કરે છે તો તે તો આડકતરી રીતે. શબ્દ એટલે કે વર્ડ જો કશાક અન્યનો ઉલ્લેખ કરે છે તો તે સહુ પ્રથમ છે પદાર્થનો ઉલ્લેખ, વસ્તુનો. 'થિંગ' અને 'થિંગ્ઝ' એ અંગ્રેજી દાર્શનિક પરંપરામાં બહુ મહત્ત્વના ઘટક છે, એ એના આખાય વસ્તુલક્ષી, ઓબ્જેક્ટિવ, કહો કે એમ્પિરિકલ સાંચાને લીધે વર્ડ/શબ્દની જેમ ઓબ્જેક્ટ/વસ્તુના પર્યાયવ્યાપારને પણ ઉલેકવા જેવો છે, કેમ કે આખરે 'ઓબ્જેક્ટિવ' સંજ્ઞાનો પર્યાય 'વસ્તુલક્ષી' એમ થતો આવ્યો છે.

તો સત્તરમી-અઢારમી સદીઓમાં ફિલસૂફીને છેડેથી આવતા વિચારપ્રવાહોમાં જે આગ્રહ તરી આવ્યો તે એ હતો કે તમે જો આટલા શબ્દો (વર્ડ્ઝ) મને આપો તો તેના જવાબમાં હું તમને આટલી વસ્તુઓ/પદાર્થો (થિંગ્ઝ) આપું. ભાષા જે માટે બનેલી છે તે તેનો ખરો હેતું કંઈક આ રીતનો હોવો જોઈએ, એ રીતનું સમીકરણ તે સમયે પ્રચલિત બન્યું. આ વિચારસરણીનું મૂળ વળી વિજ્ઞાનમાં છે. જ્યાં ભાષાની શબ્દ જેવી સંજ્ઞાઓને એક-શબ્દ-બરાબર-એક-અર્થ એવા સમીકરણમાં નિયંત્રિત કરવા આખીય મથામણ છે. આવા મૂલ્યગત, કહો કે એક રીતના નૈતિક આદર્શની આણ નીચે લખાયેલું સાહિત્ય, તેની અસર નીચે ઘડાયેલી શૈલી, એ પણ અમુક રીતનાં જ હોવાના. બાહ્ય સામાજિક જગતનું વર્ણન, એ રીતની વાસ્તવલક્ષી ધરી પર કાર્ય કરતું આ આખુંય સાહિત્ય નવલકથા, નિબંધ, કટાક્ષ - એ સ્વરૂપોને વધુ અપનાવતું રહ્યું.

...આ તો વર્ડ/થિંગ જેવી સંજ્ઞાઓ અને તેમનો ઈતિહાસ જેટલે અંશે જે મૂળ વિશ્વમાં તે વપરાઈ તેના આ કે તે પ્રકરણ પર, સાહિત્ય અને ફિલસૂફીના તે સમયના તરંગો પર, કેવી રીતે પ્રકાશ પાડે છે, તેમને સમજવા માટે કેવી રીતે કૂંચી પૂરી પાડી રહે છે તેના દાખલારૂપે આપણે જોયું. વળી, સાંસ્કૃતિક ભેદે, ત્યાં તો વર્ડ્ઝ/થિંગ્ઝ છે તો અહીં વર્ડ/મીનિંગનું વધુ મહત્ત્વ છે, શબ્દ/અર્થનું. અને શબ્દાર્થનો પણ વળી મૂળ જૂનો પર્યાય તો છે વાગર્થ, જ્યાં વર્ડ એટલે કે શબ્દ એટલે કે વાક્ - એમ, વિસ્તાર થતો જાય છે. પણ સામાન્ય રીતે 'વર્ડ' એટલે 'શબ્દ' એવી સમજ જ પ્રવર્તે છે. જો 'વર્ડ' માટે 'વાક્' પર્યાય સૂચવવો હોય તો તે માટે સંસ્કૃત સંદર્ભમાંથી આધાર જોઈએ. તેમ જ તેને જે નવા ગુજરાતી સંદર્ભમાં વાપરવાનો હેતુ હોય તે સંદર્ભ તેમજ તે હેતુ પણ લગભગ શાસ્ત્રીય રીતે ચોક્કસ હોવાં જોઈએ.

'વર્ડ' સંજ્ઞા અંગ્રેજીમાં એક બીજી જ રીતે પ્રતિષ્ઠા પામેલી છે. બાઈબલમાં સેંટ જહોનમાં ઉક્તિ છે : ઇન ધ બિગિનિંગ વોઝ ધ વર્ડ. પણ અહીં 'વર્ડ' સંજ્ઞા મૂળ ગ્રીક શબ્દ 'લોગોસ' માટે વપરાઈ છે. 'લોગોસ'નો અર્થ 'વર્ડ' અથવા 'રીઝન' એટલે કે માણસમાં રહેલી તર્કશક્તિ એવો થાય છે, અને એ રીતે 'વર્ડ'/'લોગોસ' ગ્રીક અને તદુપરાંત નિયોપ્લેટોનિક ફિલસૂફીમાં રહસ્યમય, મિસ્ટિક, અર્થમાં વપરાતી રહેલી સંજ્ઞા છે. આ 'વર્ડ' એ ખ્રિસ્તી ધર્મમાં નિરૂપાયેલું ત્રિવિધ સ્વરૂપ, ત્રણ પર્સન્સનું બનેલું તેમાંના બીજા પર્સન માટેનો પર્યાય છે.

અત્યારે ચાલતી સિદ્ધાંતચર્ચામાં હવે 'વર્ડ'ને સ્થાને 'સાઈન' એટલે કે સંજ્ઞાની પ્રતિષ્ઠા થઈ છે, અને ભાષાશાસ્ત્રથી આગળ વધી વાત સંકેતશાસ્ત્રમાં વિસ્તરી છે, સેમિયોટિક્સમાં. સાઈનના ઉત્કર્ષ સાથે વર્ડનો સાવ લોપ નથી થયો. પણ ખાસ કરીને દેરિદાના મતના પ્રભાવ નીચે જેને વર્ડ-કેન્દ્રી અથવા શબ્દ-કેન્દ્રી માળખું કહીએ તે જરૂર શિથિલ થયું છે, તે સાથે જેને લોગો-સેન્ટ્રિક કહીએ તે પ્રણાલિ પર પણ વિવેચના થઈ છે.

'વર્ડ' સંજ્ઞા લેખકો, કવિઓને આકર્ષતી રહી છે. ફ્રેન્ચ ફિલસૂફ સાર્ત્રે પોતાના આત્મકથાત્મક કથનને શીર્ષક જ આપ્યું 'વર્ડ્ઝ' અને અંગ્રેજ નવલકથાકાર આયરિસ મર્ડોક પણ 'અ વર્ડ

ચાઈલ્ડ', જે શબ્દોનું જ સર્જેલું હોય તેવું પાત્ર કલ્પ્યું.

(સળંગ અંક ૭૮૦-૮૧માં પૃષ્ઠ ૫૦ ઉપર ત્રીજા કોલમમાં સરતચૂકથી ડિફેન્સ ઓફ પોએટ્રીને બદલે ડિક્સન ઓફ પોએટ્રી છપાયું છે તે સુધારીને વાંચવું.) - દિગીશ મહેતા

જાણીએ જોડણી

નિયમ ૩૩ : ઇક પ્રત્યય ધારણ કરી સંજ્ઞા પરથી વિશેષણ બનેલા સંસ્કૃત શબ્દોમાં ઉપાન્ત્ય સ્વર ઇ હ્રસ્વ રહે છે. સામાન્યત: આવા શબ્દોમાં મૂળ સંજ્ઞાના પ્રથમ સ્વરની વૃદ્ધિ થાય છે તથા શબ્દાન્ત સ્વરનો લોપ થાય છે.

દાખલા : આર્થિક, આંગિક, તાત્ત્વિક, તાર્કિક, પાક્ષિક, પ્રાશ્નિક, માર્મિક, યાજ્ઞિક, યાંત્રિક, શાબ્દિક, સાત્ત્વિક; આધ્યાત્મિક, કાલ્પનિક, દાર્શનિક, નાગરિક, પ્રાકૃતિક, પ્રાથમિક, પ્રાયોગિક, પ્રાસ્તાવિક, માધ્યમિક, માનસિક, લાક્ષણિક, વાસ્તવિક, શારીરિક, સામયિક, સામાજિક, સામૂહિક, સાર્વત્રિક, સાહજિક, સાંકેતિક, સાંયોગિક, સાંસ્કૃતિક, સ્વાભાવિક; આનુમાનિક, આનુષંગિક, આલંકારિક, પારમાર્થિક, પારલૌકિક, રાસાયણિક, વ્યાવસાયિક, સાર્વજનિક, સાંપ્રદાયિક;

ઐચ્છિક, દૈનિક, નૈસર્ગિક, વૈકલ્પિક, વૈજ્ઞાનિક, સૈદ્ધાંતિક, દૈહિક, વૈદિક, વૈતનિક;

બૌદ્ધિક, મૌખિક, મૌલિક, ભૌતિક, કૌટુંબિક, ભૌગોલિક, ઔપચારિક; વાર્તિક વગેરે.

નોંધ : (ક) ઇક પ્રત્યય લાગતાં શબ્દાન્ત સ્વરનો લોપ કરીને, શબ્દના પ્રથમ સ્વરમાં (જો વૃદ્ધિ ન હોય તો) અનો આ; ઇ, ઈ તથા એનો ઐ; ઉ, ઊ તથા ઓનો ઔ અને ઋની આર એવી વૃદ્ધિ થાય છે, એ ખ્યાલ રાખીએ તો વિશેષણ પરથી મૂળ સંજ્ઞા પણ જાણી શકાય. જેમ કે, દાંભિક - દંભ, પ્રાસંગિક-પ્રસંગ, નૈષ્ઠિક-નિષ્ઠા, શૈક્ષણિક-શિક્ષણ, ઐતિહાસિક-ઇતિહાસ, પૌરાણિક-પુરાણ; વાર્તિક-વૃત્ત.

(ખ) આ શબ્દોમાં મૂળથી 'આ' છે એટલે વૃદ્ધિનો સવાલ રહેતો નથી આત્મિક, કાયિક, પ્રાંતિક, ભાવિક, માસિક, યાત્રિક, વાર્ષિક, સ્થાનિક હાર્દિક, આરંભિક, સાહિત્યિક, આયુર્વેદિક.

(ગ) આ શબ્દો જુદી રીતે બન્યા હોઈ મૂળ શબ્દના પ્રથમ સ્વરની વૃદ્ધિ થઈ નથી પણ ઉપાન્ત્ય સ્વર ઇ હ્રસ્વ તો છે જ : અધિક, ક્ષણિક, ધનિક, પથિક, રસિક, ચમત્કારિક.

(ઘ) આ સંસ્કૃત શબ્દોમાં ઇક પ્રત્યય લાગ્યો નથી : અનીક, અલીક, પ્રતીક, પુંડરીક, રમણીક.

(ઙ) માંગળિક, તાત્કાળિક પણ માંગલિક, તાત્કાલિકની જેમ ખરાં છે પણ તે તદ્ભવ છે. કેમ કે સંસ્કૃતમાં ળ નથી. પ્રમાણિક, અઠવાડિક, પખવાડિક પણ તેવા તદ્ભવ શબ્દો છે - આદિ સ્વરની વૃદ્ધિ થયા વગરના.

(ચ) 'વેદિક' અંગ્રેજી શબ્દ છે તે સંસ્કૃત વૈદિકનો વિકલ્પ નથી.

(છ) આ બીજી ભાષાના તત્સમ શબ્દો છે :

(અ) અનાલીક તુર્કી શબ્દ છે.

(આ) અકીક, તફ્રીક અરબી શબ્દો છે.

(ઇ) નજીક, બારીક ફારસી શબ્દો છે.

- રામજીભાઈ પટેલ

અનુસંધાન] અડકોદડકો [પૃ. ૧૭૯ પરથી

'એમ કે ? સાહેબ, આ છોકરાનું કહેવું સાચું છે. અમારાં ડબ્બૂને એકસરખી ચીસો પાડવાની આદત છે. તોફાની છે. દિવસભર મસ્તી કર્યા કરે છે. તેનું ખાવાપીવાનું અને નહાવાનું ઉકેલતાં નેવાનાં પાણી મોભે ચડે છે.'

'આજે જ જુઓને હું આ બંને પાસે ડબ્બૂને મૂકીને બજારમાં ગઈ હતી ત્યાં પાછળથી ત્રણે જણાએ મળીને આ ગોટાળો કરી મૂક્યો.' વંદનાએ ખુલાસો કર્યો.

'સરસ ! એટલે આ છોકરો ચોર નથી અને આ લોકો ડાકુ નથી કોઈએ કોઈને ભગાડેલ નથી' હવાલદાર સખારામ બબડ્યા.

'બધી જ ગેરસમજણ અને ગોટાળો થયેલ છે.'

'હા. અમારો સમય નકામો બગડ્યો' ઇન્સ્પેક્ટર પરમાર બોલ્યા.

'સાહેબ. આ છોકરાઓને ચોકીમાં પૂરી દો. તેમનાં મા-બાપ તેમને શોધતાં આવે. આવી તે મજાક હોય !' હવાલદારે કહ્યું.

'અમે ગમ્મત કરી નથી. અમારે એકાદ રહસ્ય શોધી કાઢવું હતું.'

'રહસ્ય ? શાનું રહસ્ય ? છોકરાઓ_ રહસ્ય કાંઈ રેઢું પડ્યું છે કે ડબ્બો ઉઘાડીએ અને બહાર કાઢીએ.' પરમારે જવાબ આપ્યો.

'ઇન્સ્પેક્ટરસાહેબ, હવે અમારી જીત થઈ છે. છતાં મોટા થઈશું ત્યારે અમે ડિટેક્ટિવ થઈશું અને ખૂબ સારું કામ કરી બતાવશું.' નંદન બોલ્યો.

'હવાલદાર, છોડી દો એ છોકરાઓને. તેઓ ચોક્કસ અને હોશિયાર લાગે છે.' પરમાર બોલ્યા.

'હા. નાની ઉંમર છે. પાછો તેમનો હેતુ સારો જ હતો.' વંદનાએ અનુમોદન આપ્યું.

'છોકરાઓ, આ ઉંમરમાં તમારે ભરપૂર અભ્યાસ કરવાનો છે અને રમવાનું છે. તમારે ડિટેક્ટિવ થવું હોય, મોટી ઉંમરે ગમે તે ઉદ્યોગ ધંધો કરવો હોય, તો તેના માટે પહેલાં બરાબર ભણી લેવું જોઈએ. એટલે હમણાં ખૂબ ધ્યાન આપીને અભ્યાસ કર્યે જાઓ'-- ઇન્સ્પેક્ટર પરમાર ગંભીરતાપૂર્વક બોલ્યા.

'અને સીધા દોડીને ઘેર પહોંચી જાઓ. નહીં તો વળી બીજું કંઈક રહસ્ય શોધવા નીકળી પડશો.' હવાલદાર સખારામે મજાકમાં કહ્યું.

નંદન અને સમીર બંનેએ ભોંઠા પડી સીધી ઘર તરફ દોટ મૂકી.

(મૂળ નિર્મલા દાતેની મરાઠી કિશોરકથાનો અનુવાદ)



આપણે ના કંઈ રંક, ભર્યો ભર્યો
માંહ્યલો કોશ અપાર;
આવવા દે જેને આપવું, આપણે
મૂલવશું નિરધાર;
આભ ઝરે ભલે આગ, હસી હસી
ફૂલ ઝરે ગુલમ્હોર

(રાજેન્દ્ર શાહ)

સ્વ. હેમલતા હેગિષ્ટે

અમદાવાદમાં જ વસાતા મહારાષ્ટ્રના હેગિષ્ટે કુટુંબમાં ઈ.સ. ૧૯૧૬માં હેમલતાબહેનનો જન્મ. કુટુંબસંસ્કારનાં જ સાદગી, રાષ્ટ્રપ્રેમ અને વિદ્યાપ્રીતિ તેમના ઘડતરમાં વારસાગત ઊતર્યાં હતાં. '૪૬ના કોમી રમખાણમાં શહીદ થયેલા વસંતરાવનાં તે મોટાંબહેન.

ઈ.સ. ૧૯૩૦માં ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈ સ્કૂલમાં ભણતી વિદ્યાર્થિનીઓએ સત્યાગ્રહ લડતના પ્રચંડ જુવાળમાં સરકારી શાળા પર ધ્વજ ચઢાવવા નિર્ધાર કરેલો અને હાઈ સ્કૂલની બાળાઓ સરકારી શિક્ષકોનો અહિંસક પ્રતિકાર કરી રાષ્ટ્રધ્વજ ફરકાવીને જ જંપી. પરિણામે સહુ ભેગાં હેમલતાબહેન પણ શાળામાંથી બરતરફ થયાં, સત્યાગ્રહના એલાન પ્રમાણે સ્થાનિક કાર્યક્રમોમાં જોડાઈ ગયાં. પાછળથી બી.એ., એલએલ.બી. થઈ વકીલાત કે શિક્ષિકાની કારકિર્દી અપનાવવા માટે એમના મનમાં અવઢવ હતી. પણ એ જ અરસામાં ખાડિયામાં શરૂ થયેલી મહિલાઓ માટેની 'જ્યોતિ સંઘ' સંસ્થાનાં નિર્માત્રી મૃદુલાબહેન સારાભાઈએ એમનું હીર પારખી લઈ એ સંસ્થામાં શિક્ષણમંત્રી તરીકે આમંત્ર્યાં. અને ત્યારથી ખાદી, સમાજોત્થાન તથા એ દ્વારા રાષ્ટ્રોત્થાનનું કાર્ય ઉપાડી લેવાની તમન્ના તેમનાં તનમનમાં વ્યાપી ગઈ.



અખિલ હિન્દ કસ્તૂરબા સ્મારક નિધિનું કાર્ય ત્યારે શ્રીમતી સરલાદેવી સારાભાઈ સંભાળતાં હતાં. હેમલતાબહેને તેમની દોરવણી નીચે ઇન્દોરના મુખ્ય કેન્દ્રમાં મંત્રી તરીકેની કામગીરી જુદાંજુદાં રાજ્યોમાં ફરીને બજાવી. કમલા નેહરુ વિદ્યાલયનું કાર્ય એમણે સંભાળ્યું. આ પહેલાં કૉંગ્રેસની ટિકિટ પર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોર્પોરેટર તરીકે ચૂંટાઈ સ્કૂલ બોર્ડના ચેરમેન પદે રહી ચૂક્યાં હતાં. કસ્તૂરબા નિધિનાં કામો માટે એમને વારંવાર અમદાવાદ બહાર રહેવાનું થતું. માતાની વૃદ્ધાવસ્થાને કારણે એમનાં આ પુત્રી કૌટુંબિક ફરજો પ્રત્યે પણ સભાન બન્યાં અને કસ્તૂરબા સ્મારક નિધિનું કાર્ય યોગ્ય વ્યક્તિને ભળાવી અમદાવાદને જ તેમણે પોતાનું કર્મક્ષેત્ર બનાવ્યું.

અહીં આવ્યા પછી સત્યાગ્રહ આશ્રમ, શ્રેયસ પ્રતિષ્ઠાન, રા. બા. મગનભાઈ કરમચંદ ગર્લ્સ હાઈ સ્કૂલ, સારાભાઈ ફાઉન્ડેશન, મહારાષ્ટ્ર સમાજ જેવી વિવિધ શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓમં સભ્ય, મંત્રી, કે ટ્રસ્ટી જેવા હોદ્દાઓ પર રહી એમણે પોતાનું સમાજસેવાનું કાર્ય કર્યે રાખ્યું. ૧૯૮૨માં ચારુમતીબહેન યોદ્ધાનું અવસાન થતાં ફરી જ્યોતિસંઘના રાહતવિભાગનાં મંત્રી, કારોબારી સમિતિના પ્રમુખ, માનદ્ સભ્ય અને ટ્રસ્ટીપદે અંતિમ શ્વાસ પર્યન્ત કાર્યરત રહ્યાં.

કલાપ્રિય, શોખીન, આનંદી, નમ્ર, નિખાલસ અને ખટપટ કે કાવાદાવાથી હમેશાં દૂર રહેનાર હેમલતાબહેનનું વ્યક્તિત્વ લોકહૃદયમાં આદરભર્યું સ્થાન પામ્યું હતું. સમાજસેવા માટે અપરિણિત રહી ભાભીના 'સખિ' અને ભત્રીજાઓનાં વત્સલ 'ફોઈબા' બની રહ્યાં હતાં.

જીવનનાં મૂલ્યોનો હ્રાસ થતો જોઈએ છીએ ત્યારે આવી વિરલ સેવાભાવી વ્યક્તિઓને ક્યાં શોધીશું એવી આશંકા તા. ૩૧-૩-૯૩ એ થયેલા એમના દેહવિલયથી સહેજે પ્રકટે છે. આવી ગણીગાંઠી નિરાળી



ઢોલના તાલે ઘોડાને નાચતો કે બેન્ડના તાલે સરકસમાં નાચતો હાથી તો કલ્પી શકાય - ઘણાએ નિહાળ્યું પણ હશે, પરન્તુ ઊંટ આમ નાચે એવું તો જવલ્લે જ કોઈ માને. પણ અહીં ઢોલ અને બેગપાઈપના તાલ અને સૂર પર ઊંટ નાચતું જોવા મળે છે. અલબત્ત, એનો માલિક એની નાથ ખેંચીને ઊંટે કેમ નાચવું કે કેવા ઠમકા લેવા એ સૂચવતો હશે કદાચ, પણ ઊંટ નાચી પણ શકે એ આ લાહોર (પાકિસ્તાન)માં લેવાએલા ફોટોમાં જોઈ શકાય છે.

વ્યક્તિઓ જતાં ગાંધીવિચારધારાના ગઢમાં ગાબડાં પડતાં લાગે છે. પ્રભુ તેમના આત્માને ચિરશાન્તિ આપે તેમજ તેમનાં કાર્યો આપણને પ્રેરણાદાયી બને એવી અભ્યર્થના.

- ડૉ. સુસ્મિતા મ્હેડ

ઋતુચક્ર અને ગ્રીષ્મઋતુચર્યા

ઋતુચક્રનો મધ્યાહ્ન હવે પુરબહારમાં શરૂ થઈ ગયો છે. શિયાળો, ઉનાળો અને વર્ષાઋતુના બરાબર મધ્યમાં બેઠેલી આ ગ્રીષ્મ ઉર્ફે ગ્રીષ્માબહેન ઉપરઉપરથી બહુ આકરાં છે, પણ અંદરથી એટલાં જ સારાં પણ છે. કડક અને ઉગ્ર તાપ એ એમનું બહારથી દેખાઈ આવતું દઝાડતું પાસું છે. પણ તેનાયે લાભ ઘણા છે. હા, એટલું ખરું કે તેમનાથી થોડાક સહેજ બચીને રહેવું જોઈએ, પછી વાંધો નહીં.

આ ઋતુમાં સ્વાભાવિક જે ગરમી, રુક્ષતા, તીક્ષ્ણતા અને તીખારસની વૃદ્ધિ થાય છે, તેથી આ ગુણોથી વિપરીત એવા ઠંડા, સ્નિગ્ધ, રસસભર, મધુર એવા ગુણવાળી ચીજો લેવાનો સિદ્ધાંત છે. આ ઋતુમાં પાચનશક્તિ નબળી પડે છે. તેથી જલદી પચે તેવો હળવો ખોરાક લેવાનો સિદ્ધાંત છે. આ ઋતુમાં શરીરની જલીય ધાતુઓ બહુ જ ઘટી જાય છે. તેથી આ સમયે પ્રવાહી પદાર્થો ખાસ લેવાનો સિદ્ધાંત છે. આ ઋતુમાં કુદરતી રીતે જ બળનો ક્ષય થાય છે અને વીર્યધાતુ પાતળી બને છે. તેથી આ ઋતુમાં સંયમ-બ્રહ્મચર્યનું પાલન કરવાનો તથા હળવી અને બળવર્ધક ચીજો લેવાનો સિદ્ધાંત છે, આ ઋતુમાં પિત્ત(ગરમી)શામક ચીજો ખાસ લેવી જોઈએ. કફ જન્માવનાર પણ પચવામાં બહુ ભારે નહીં તેવી ચીજો આહારમાં વાપરવી જોઈએ.

આ ઋતુમાં પિત્તની વૃદ્ધિ થાય છે. માટે ખારો, ખાટો અને તીખો એ ત્રણ રસો કે જે પિત્તની વૃદ્ધિ કરે છે, તે ત્યજવા જોઈએ. અને તેની જગ્યાએ પિત્તદોષની શાંતિ કરનાર મધુર, ઠંડી, સ્નિગ્ધ અને પ્રવાહી ચીજોનો ઉપયોગ કરવો જોઈએ.

આ ઋતુમાં પાણી ઠંડું પીવું, પણ બરફ નાખી ઠારેલું પાણી હોજરી માટે હિતકર નથી. બપોરના ભોજન પછી તાજી ઠંડી છાસ પીવી કે લીંબુનું શરબત પીવું ખૂબ હિતકર છે. નવા માટીના વાસણમાં ભરેલું પાણી અથવા પાણીમાં ખજૂર નાખેલું હોય તેવું પાણી પીવું ખૂબ હિતકર છે. નાળિયેરનું પાણી પણ ખૂબ લાભદાયી છે.

આ ઋતુમાં ચોખા, મગ, ઘઉં, જુના જવ તથા જુવારની બનાવટો આહારમાં લેવી જોઈએ. સાકર, ઘી, દૂધ, છાસ, સૂપ લઈ શકાય છે. શીખંડ, રબડી, મલાઈ (બાસુદી) વગેરે પણ લઈ શકાય છે. મસુર તથા તુવેરની દાળ પણ લેવાય. આંબલી કે ખજૂરનું અથવા કેરીનું ગોળ સાથે કચૂંબર, પાણી કાઢ્યાં વિના દહીંનો બનાવેલ શીખંડ, એકલી ડુંગળીનું કચૂંબર વગેરે ખૂબ હિતકારી છે.

સંતરા, મોસંબી, ફાલસા, તરબૂચ, કેળાં, સેતુર, સક્કરટેટી, જાંબુ, પાકી કેરી, શેરડી, દાડમ, અંજીર, પાકી અને મધુર લીલી દ્રાક્ષ, લીલું કોપરું, અજમેરી મોટાં બોર, શિંગોડાં, કાજુ, આલુ વગેરેનો ઉપયોગ હિતકર્તા છે.

શાકભાજીમાં કાકડી, કોબી, કંકોડાં, ગલકાં, ગાજર, ટીંડોળાં, તૂરિયાં, તાંદળજાની ભાજી, દૂધી, પાલખની ભાજી, કોળું, ગુવાર, શક્કરિયાં, બટાટા વગેરે હિતકર છે.

આ ઋતુમાં સરસિયા તેલનો ઉપયોગ વર્જ્ય છે. બને તો કોપરેલ, દીવેલ અને ઘીનો ઉપયોગ ખોરાક બનાવવમાં કરવો. તળેલી ચીજો, ફરસાણ અને બહુ ગરમ હોય તેવી ચીજો ખાસ ન લેવી. ખારા અને તીખા રસની ચીજો ઓછી લેવી જોઈએ. ખાટા રસમાં લીંબુની ખટાશ હિતકારી છે. આ ઋતુમાં જેમને નડતી ન હોય તેઓ આમલીની ખટાશ પણ લઈ શકે છે.

ઉનાળો એટલે ઋતુચક્રનો મધ્યાહ્ન અને એવા ઉનાળાના દિવસનો મધ્યાહ્ન તો આગનો જ ભડકો. એટલે ઉનાળાની બપોરથી બચીને રહીએ તે વધુ ઉચિત છે. ઉનાળાની બપોરના સમય સિવાય દિવસ-રાતના કલાકો ખૂબ જ આહ્લાદક હોય છે.

સૃષ્ટિના સર્જન તથા નાશના સનાતન ચક્ર માટે આપણે ઈશ્વરનાં સ્વરૂપોની કલ્પના કરેલી છે. એ દેવ-મહાદેવ તો આપણે કદી જોયા નથી, પરંતુ તેમની પ્રતિકૃતિ સમાન આ ઋતુઓ દર વર્ષે નિયત સમયે, નિયમિત રીતે નજરે ચડતી હોય છે, અને કાર્યો પણ એવાં જ કરતી હોય છે. ચોમાસું આ પૃથ્વી પર ધોધમાર વર્ષા લાવીને સમગ્ર ધરતી પર લાખો પ્રકારની અવનવી વનસ્પતિ અને જીવ-જીવાણુઓની સૃષ્ટિ સર્જિત કરે છે અને તેના સહારે જ માનવજીવન તેનું અસ્તિત્વ ટકાવી રાખે છે. ત્યાર પછી સૂસવતી શીત લઈને શિયાળો આવે છે. ચોમાસાએ કરેલા સર્જનમાંથી પોષક, પુષ્ટિકારક શક્તિદાયક અને જીવનદાયક ખોરાકના ઘટકો તે તૈયાર કરે છે. માનવી સહિત તમામ પ્રાણીઓ માટે સત્ત્વશીલ પોષક ખોરાકના ભંડારો શિયાળામાં અભરે ભરાઈ જાય છે. એ પછી આવે બળબળતો આગઝરતો ઉનાળો. એ મુખ્યત્વે વિનાશ કે વિસર્જનનું શિવકાર્ય કરી જાય છે. તેના આકરા તાપ સામે પૃથ્વીના તસુએ તસુના ભેજ અને કોહવાટ સુકાઈને બળી જાય છે. એમ ન થાય તો એ ભેજ અને વનસ્પતિના કોહવાટ પૃથ્વી પર રોગચાળો ફેલાવી શકે છે. તેથી પોતાની આગઝરતી ગરમી સાથે તે તમામ ભેજ સહિત સમુદ્રો જળાશયોનાં જળ શોષી વરાળ બનાવી આકાશમાં મોકલી ચોમાસાની તૈયારી કરીને જાય છે. આ ત્રણે ઋતુઓ સૃષ્ટિમાં શાશ્વત એવા ઉત્પત્તિ, સ્થિતિ અને લયના ચક્રને અનુસરતી હોય છે અને તે સમગ્ર જીવસૃષ્ટિ માટે ઉપકારક પણ છે.

અલબત્ત, ઉનાળાની દાહકતાથી દૂર રહેવું જરૂરી ખરું. પણ એમ તો દરેક ઋતુનું કોઈક પાસું તો એવું હોય છે જ કે જેનાથી દૂર રહેવું જરૂરી જણાય.

શિયાળો ગમે તેવો નરવો ને શક્તિદાયક હોય, તો પણ આપણામાં ઘણાને તેની ઠંડી માફક આવતી નથી. સંતરા જોઈને પણ શરદી થઈ જાય છે. એવી નાજુક તબિયતવાળા માટે તો ઉનાળો એકદમ મજાનો થઈ પડવાનો.

ગ્રીષ્મઋતુમાં પિત્તશામક ઔષધોમાં પ્રવાલપિષ્ટી, ગુલકન્દ, શતાવરી, આમલકી વગેરે ઔષધોનું સેવન હિતાવહ છે. - વૈદ્ય માધવાચાર્ય

(સંકલિત)

મન મોતી ઓર દૂધકા તીનો એક સ્વભાવ,
ફાટે પીછે ના મિલે, કોટિ જતન બનાવ.

દરેક સ્ત્રીને માતૃત્વની દૃષ્ટિએ નિહાળો, કેમ કે દરેક પુરુષને જન્મ આપનારી તે છે.

ગાંધીજી

વિશ્વના એક રાજપુરુષના જીવનની આ ઘટના છે. એમની પાસે પોતાની કશી મિલકત કે મકાન નહીં. હોદ્દો છોડે એના બીજા દિવસે જ જો મજૂરી ના કરે તો ખાવાનાં સાંસાં પડે. ત્યારે એક અંગ્રેજે પેલા રાજપુરુષને પોતાના પક્ષમાં જોડાઈ જવા માટે સોનાની દસ હજાર ગીનીઓ મોકલી. જો તેઓ પેલા અંગ્રેજ પક્ષના કહ્યામાં રહેશે તો વારંવાર આવી ગીનીઓ મોકલાતી રહેશે. એમણે પેલી ગીનીઓ પાછી વાળતાં કહેવરાવ્યું, 'હું ગરીબ છું, પણ યાદ રહે કે માણસનો ખજાનો સોના કે હીરામાં નથી; તે તો તેના અંતરમાં છે. તમારા રાજાને જઈને કહેજો કે મને ખરીદવા જેટલી શ્રીમંતાઈ એમની પાસે નથી.' આ રાજપુરુષ તે એક વખતના અમેરિકન પ્રમુખ નેતા જનરલ રીડ.

¤

આદિલશાહ સુલતાનના મકબરા તરીકે ઈ. ૧૬૫૯માં કર્ણાટકમાં બિજાપુર મુકામે બંધાયેલો અને ગોળગુંબજ નામે વિખ્યાત ઘુંમટનો વ્યાસ ૪૨ મીટર (૧૫૭ ફૂટ) હોઈ ભારતભરમાં એ મોટામાં મોટો ઘુંમટ છે એ તો જાણીતી હકીકત છે, પણ એની બહારની બાજુએ ૩ મીટર (૯.૨ ફૂટ) પહોળી ટેકાવાળી કાંગરી તો દુનિયાભરમાં મોટામાં મોટી ગણાય છે.

¤

શરીરમાં બિનજરૂરી ચરબી વધી હોય તે ઘટાડવા માટે શુદ્ધ ગંધક, મધ તથા તલનું તેલ સમભાગે લઈ તે મિશ્રણને દરરોજ એક તોલા જેટલું લેવાથી ફાયદો થશે.

¤

સોવિયેતનું એ. એન. ૨૨૫ નામનું વિમાન દુનિયાનું સૌથી મોટું માલવાહક વિમાન છે. તેમાં ૮૦ ગાડીઓ રાખી શકાય છે. જો ઉતારુઓને તેમાં બેસાડવામાં આવે તો ૨૦૦૦ ઉતારુઓ સહેલાઈથી તેમાં સમાઈ શકે.

¤

યૂનિયન સિટી-ન્યૂ જર્સીની ૧૪ વર્ષની મેરી શેડાસ ન્યૂ યૉર્ક નગરની રમકડાં બનાવનાર એક કંપનીના વિકાસ વિભાગમાં ઉપાધ્યક્ષા બની ચૂકી છે !

¤

અંગ્રેજી ભાષાના એક જાણીતા બાળકાવ્યમાંનું પાત્ર 'બિટલ મિસ મફેટ' ૧૬મી સદીમાં થઈ ગયેલા એક કરોળિયા-નિષ્ણાતની પુત્રી પેશન્સ મફેટના નામ પરથી લેવામાં આવ્યું છે.

¤

જીવનમાં ગુરુના ત્રણ પ્રકાર ગણાવાયા છે : કાષ્ઠસ્વરૂપ, કાગળસ્વરૂપ અને પથ્થરસ્વરૂપ. કાષ્ટસ્વરૂપ ગુરુ સંસાર સાગરમાં શિષ્યને તારે છે તેથી તે ઉત્તમ છે. કાગળસ્વરૂપ ગુરુ સંસાર સાગરને પોતે તરી શકે નહીં, પરંતુ કંઈક પુણ્ય ઉપાર્જન કરી શકે, પણ બીજાને તારી શકે નહીં, તેથી તે મધ્યમ છે. પથ્થરસ્વરૂપ ગુરુ પોતે ડૂબે અને બીજાને ડુબાડે છે, તેથી તે કનિષ્ઠ છે.

¤

ત્રિકટુ, દ્રાક્ષાસવ, કે લવણ ભાસ્કરત ચૂર્ણ ગમે તે એક દિવસમાં બે વાર લેવાથી અરુચિ દૂર થઈ શકે છે.

¤

આજથી પાંચેક વર્ષ પહેલાં બર્મામાં રાત્રિની સંચારબંધી દલાઈ હતી તે સતત ચાર વર્ષ રહી હતી.

¤

તુલસીનો રસ લગાડવાથી શીળસમાં રાહત થાય છે.

¤

કલાકણિકા

અલંકારોને તો નવનવી ભાતોથી માણસે કલામય બનાવ્યા જ છે, પણ એ સુંદર અલંકારોને રાખવા-સાચવવા બનાવેલાં દાબડાપેટીને પણ એણે અલંકૃત કર્યાં છે. ઉદેપુરના કારીગરે રાજસ્થાની શૈલીમાં કૃષ્ણલીલાનાં ચિત્રાંકનોથી સજાવેલી આ અલંકાર-મંજૂષા તેનું એક ઉદાહરણ છે. રોજિંદા વપરાશની આવી કેટકેટલી ચીજ-વસ્તુઓને શણગારવાની પ્રેરણા તો એને કલાપ્રેમમાંથી જ મળતી હશે ને ?

